# મૃત્યુને પેલેપાર

: લેખક :

સ્વામી શિવાનંદ સરસ્વતી

PH
186.4
Sa 715 W

શ્રી સ્વામી શિવાનંદ શતાબ્દી મહોત્સવ-પ્રકાશન નં. ૭૪

# મૃત્યુને પેલે પાર

[સ્વામી શિવાનંદ લિખિત "What becomes of Soul after Death"માંથી સંક્ષીપ્ત]

મૂળ લેખક :
બ્ર. સ્વામી શિવાનંદ સરસ્વતી. ઋષિકેશ

શ્રી સ્વામી શિવાનંદ શતાબ્દી મહોત્સવ સમિતિ
વડોદરા-રાજકોટ

પ્રકાશક :
ડૉ. શિવાનંદ અધ્વર્યુ
પ્રમુખ, સ્વામી શિવાનંદ શતાબ્દી મહોત્સવ સમિતિ
રાજકોટ.

What becomes of soul after death (Gujrati)

પ્રાપ્તિસ્થાન :

૧. શ્રી સ્વામી શિવાનંદ શતાબ્દી મહોત્સવ સમિતિ
(અ) ૪/૧૧, પંચનાથ પ્લોટ, રાજકોટ-૧.
(બ) ઉષા બંગલો, કીર્તિસ્તંભ પાસે,
રાજમહેલ રોડ, વડોદરા-૧.

૨. દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ
હિમાવન, પાલડી, અમદાવાદ-૬.

PH

બીજી આવૃત્તિ, પ્રત ૩,૦૦૦
તા. ૧લી જાન્યુઆરી, ૧૯૮૩.

65900
27.3.84
Library IIAS, Shimla
PH
00065900
181.41 Sa 115 W

કીંમત :

મુદ્રક : જીવણલાલ પુ. પટેલ, ઉત્કૃષ્ટ મુદ્રણાલય, ગાંધીરોડ, અમદાવાદ.

# અનુક્રમણિકા


૧. મૃત્યુ એ શું છે? /૧

૨. મૃત્યુ પછી જીવાત્માની મુસાફરી/૧૬

૩. મૃત્યુ પછી આત્મા/૨૯

૪. પુનર્જન્મનો સિદ્ધાંત/૩૯

૫. વિવિધ લોકો/૬૩

૬. મરેલા માટે શ્રાદ્ધ અને પ્રાર્થના/૭૭

૭. મૃત્યુ પર વિજય/૮૪

૮. રાજા ભરતની કથા/૯૩

૯. પ્રશ્નોત્તરી/૯૫

# પ્રકાશકીય

સન ૧૯૭૫માં વડોદરા શાખાએ "રજત જયંતી સેટ"માં આ પુસ્તક પ્રકાશિત કરેલ. પૂજ્ય સ્વામી શિવાનંદજી મહારાજે આ પુસ્તકમાં જણાવ્યું છે તેમ 'મૃત્યુ પછી જીવન છે? છે તો શું છે? જીવ મૃત્યુ પછી ક્યાં જાય છે?' વગેરે પ્રશ્નો ભૂતકાળમાં પણ સાધકોના મનમાં ઊઠતા હતા અને અત્યારે પણ ઊઠે છે. આ રહસ્ય જાણવાની ઉત્સુકતા માનવ સહજ છે. એટલે 'માંગ અને પૂર્તિ'ના નિયમ મુજબ આ પુસ્તકની બીજી આવૃત્તિ શતાબ્દી પ્રકાશનના ૨૪મા પુસ્તક તરીકે પ્રગટ થાય છે.

વડોદરાની ચાલુ અશાંત પરિસ્થિતિમાં જ્યારે છાપકામ અહીં શક્ય નહોતું ત્યારે હરિ ઓમ પ્રેસ આણંદવાળા શ્રી છોટુભાઈ પટેલે (રવદાસ) અંગત રસ લઈ આ પુસ્તક ટુંક સમયમાં પુરૂં કરી આપ્યું તે બદલ તેઓને ધન્યવાદ આપવા ઘટે છે.

અનિવાર્ય એવું મૃત્યુ એક મંગળ અવસર બની રહે એવું જીવન જીવવાની આજથી જ શરૂઆત કરીએ.

મંત્રી
સ્વામી શિવાનંદ શતાબ્દી
મહોત્સવ સમિતિ
વેસ્ટર્ન ઝોન

વડોદરા-૧
તા. ૧-૧-૧૯૮૩.

# સ્વામી શ્રી શિવાનંદ સરસ્વતી

## ( ટુંક પરિચય )

સ્વામીજીનું પૂર્વજીવનનું નામ કુપ્પુસ્વામી અય્યર હતું. તેમનો જન્મ દક્ષિણમાં તામ્રપર્ણિ નદીના કાંઠે આવેલા પટ્ટામડાઈ નામના ગામડામાં ઈ. સ. ૧૮૮૭માં સપ્ટેમ્બર માસની ૮મી તારીખે થયો હતો. તેમના પિતાનું નામ વેંગુ અય્યર અને માતાનું નામ પાર્વતી અમ્મલ હતું. તેમને ભકિત, જ્ઞાન અને સેવાનો મહાન વારસો મળ્યો હતો.

ડોકટર થયા પછી તેમણે પોતાનો પવિત્ર ધંધો શરૂ કર્યો. તેઓ આદર્શ ડોકટર થવા ઇચ્છતા હતા. ઈ. સ. ૧૯૧૩માં તેઓ મલાયા જવા ઉપડી ગયા. ત્યાં જઇ તેમણે દસ વર્ષ સુધી ડોકટર તરીકે કામ કર્યું. જે રોગીનો રોગ અસાધ્ય ગણાતો તેને ડો કુપ્પુસ્વામી હાથમાં

લે કે તરત મટી જતો. ડોકટરની મીઠી વાણી, અપાર પ્રેમ, દરદીને રોગમુકત કરવાની તીવ્ર ઈચ્છા અને માનવસેવા કરવાની તમન્ના. આ બધાંની દરદી પર જાદુઈ અસર થવા માંડી. આ નીતિથી જ ડોકટર કુપ્પુસ્વામી પોતાના ધંધામાં સફળ થયા.

ઈ. સ. ૧૯૨૨માં ડો. કુપ્પુસ્વામીને ભગવાન બુદ્ધની જેમ એકાએક આત્મજ્ઞાનની પ્રેરણા થઈ. દુનિયાની તમામ વસ્તુઓ તેમને ક્ષણિક લાગવા માંડી. આ સાલમાં તેઓ ભારત પરત આવ્યા. મિત્રને ઘેર પોતાનો સામાન મુકી તેઓ ઈશ્વરથી શોધમાં ચાલી નીકળ્યા.

ટાઢ, તડકો, વરસાદ બધું સહન કરી તેઓ ઠેરઠેર ધુમવા લાગ્યા. માઈલો સુધી પગે ચાલતાં જવું એ એમને મન એક રમત વાત હતી. ભોજન મળે તો લેવું, ન મળે તો ભગવાનનું નામ લઈ સંતોષ માનવો. એક સદ્‌ગૃહસ્થે તેમને ઋષિકેશ જવાની સલાહ આપી અને રૂા. ૨૫/– રોકડા આપ્યા. તેઓ ઋષિકેશ આવી પહોંચ્યા.

ઈ. સ. ૧૯૨૪માં એક દિવસ કુપ્પુસ્વામી ગંગાસ્નાન કરવા ગયા હતા. ત્યાં તેમણે એક પરમ તેજસ્વી સંન્યાસીને જોયા. સંન્યાસીએ કહ્યું: 'બેટા, આ દુનિયામાં વિશિષ્ટ પ્રકારનું કાર્ય કરવા તારો અવતાર થયો હોય એમ લાગે છે. મારી ઈચ્છા છે કે હું તને દીક્ષા આપું. મને લોકો સ્વામી વિશ્વાનંદ નામથી ઓળખે છે.'

તેમણે સંન્યાસીનાં ભગવાં વસ્ત્ર ધારણ કર્યાં. ગુરૂએ તેમનું નામ શ્રી સ્વામી શિવાનંદ સરસ્વતી રાખ્યું. ત્યારથી તેઓ એ નામે ઓળખાવા લાગ્યા.

દીક્ષા લીધા પછી તેમને અંતરનો અવાજ સંભળાવા લાગ્યો : 'અહીંતહીં ભટકવાથી શું વળવાનું છે? ઘોરતપશ્ચર્યા આદરો. તમારા જ્ઞાન અને અનુભવનો જગતને લાભ આપો. માર્ગ ભૂલેલાને રસ્તો બતાવો. લોકોને સાચો ધર્મ અને કર્મ સમજાવો. માનવ માત્રને સન્માર્ગે દોરો.

તેમને એક જીર્ણ ઝુંપડી હાથ આવી, જેમાં અનેક ઝેરી જંતુઓનો વસવાટ હતો. અહીં રહી તેમણે કઠોર તપશ્ચર્યા શરૂ કરી. કેટલાય દિવસો તેમણે અન્નજળ વિના ગાળ્યા. કેટલીયે રાતના ઉજાગરા કર્યા. કડકડતી ઠંડી, અસહ્ય તાપ અને મુશળધાર વરસાદ એ બધું સહન કર્યું, તેમની તપશ્ચર્યા ફળી, પ્રભુનાં દર્શન થયાં અને તેમના આત્માએ અપાર આનંદ અને શાંતિ અનુભવ્યાં.

તેમણે ઈ. સ. ૧૯૩૬માં 'દીવ્યજીવન સંઘ' (THE DIVINE LIFE SOCIETY)ની રચના કરી. આજે એ સંઘની દેશ-પરદેશમાં સેંકડો શાખાઓ સ્થપાઇ ચૂકી છે, ભારતમાં અનેક સ્થળોએ તે શાખાઓ દ્વારા જનતા આધ્યાત્મિક ક્ષેત્રમાં સુંદર માર્ગદર્શન મેળવી રહી છે.

આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને સ્વાસ્થ્ય વિષયક ૩૦૦ ઉપરાંત ગ્રંથો અંગ્રેજીમાં બહાર પાડી સ્વામીજીએ ખરેખર વિશ્વ ઉપર એક મહાન ઉપકાર કર્યો છે. તેના અનુવાદો વિદેશી ભાષાઓમાં થઈ રહ્યા છે. ઉપરાંત ભારતની અમુક ભાષાઓમાં પણ તેના અનુવાદો પ્રગટ થયા છે.

ઇ. સ. ૧૯૩૮થી તેમણે અંગ્રેજી માસિક ડિવાઇન લાઈફ શરૂ કર્યું છે. ઈ. સ. ૧૯૪૯થી 'યોગ વેદાન્ત ફોરેસ્ટ એકેડેમી'ની સ્થાપના

કરી છે. ગંગા નદીના રમણીય તટ પર ઋષિકેશમાં શિવાનંદ નગરની સ્થાપના કરી છે. જ્યાં યોગ મ્યુઝીયમ, પ્રેસ, વિશ્વનાથ મંદિર, હોસ્પીટલ અને સાધકો માટે અનેક કુટિરો જનતાનું આકર્ષણ બની છે.

આવી વિશ્વવંદ્ય વિભૂતિ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજ તા. ૧૪મી જુલાઈ ૧૯૬૩ના રોજ મહાસમાધિસ્થ થયા છે, પરંતુ તેઓશ્રીની શિવાનંદનગર, ઋષિકેશમાં આવેલી સમાધિ અનેકને પ્રેરણા આપી રહી છે. હજારો લોકો એ સમાધિનાં દર્શન કરી પોતાના જીવનને ધન્ય બનાવી રહ્યા છે.

# સ્વામી શ્રી ચિદાનંદ સરસ્વતી

## ( ટૂંક પરિચય )

સ્વામી શ્રી ચિદાનંદજી મહારાજનું મૂળ નામ શ્રીધરરાવ હતું. તેમના પિતાનું નામ શ્રીનિવાસરાવ અને માતાનું નામ સરોજિનીદેવી હતું. તેમનો જન્મ તા. ૨૪ સપ્ટેમ્બર ૧૯૧૬ના રોજ થયો હતો. તેમના પિતા મેંગલોરના એક સમૃદ્ધ જમીનદાર હતા.

આઠ વર્ષની વયે તેમના જીવન ઉપર તેમના દાદાના મિત્ર શ્રી અનંતૈયાની અસર પડી. તેમણે રામાયણ, મહાભારત વગેરે મહા-કાવ્યોમાંથી વાર્તા કહી ધર્મ ઉપર પ્રેમ ઉત્પન્ન કરવાનું શરૂ કર્યું. તપ કરવું, ઋષિ બનવું અને પરમાત્માનાં દર્શન કરવાં એ એમના આદર્શો બન્યા.

તેમના કાકા કૃષ્ણરાવે તેમની આસપાસની ભૌતિક દુનિયાની દુષ્ટ અસરથી તેમનું રક્ષણ કર્યું અને તેમનામાં નિવૃત્તિમય જીવનનાં બીજ વાવ્યાં.

તેમનું પ્રાથમિક શિક્ષણ બેંગલોરમાં થયું. ત્યાર બાદ તેઓ ઈ. સ. ૧૯૩૨માં મદ્રાસમાં મુથિરાહ ચેટ્ટી હાઈસ્કુલમાં જોડાયા. ઈ. સ. ૧૯૩૬માં લોયોલા કોલેજમાં દાખલ થયા અને ૧૯૩૮માં બી.એ.ની ડીગ્રી મેળવી. મુખ્યત્વે ખ્રિસ્તી એવી આ કોલેજની વિદ્યાર્થી અવસ્થામાં તેમને ઈશુ ખ્રિસ્તના જ્વલંત આદર્શો અને હિન્દુ ધર્મના મહાન સનાતન સિદ્ધાંતોનો સમન્વય કરવાનો અવસર મળ્યો.

ત્યારબાદ રકતપિત્તિયાની સેવા એ તેમનો આદર્શ બની ગયો. પોતાના ઘરની વિશાળ જમીન ઉપર તેમને માટે ઝુંપડાં બંધાવી તેમની સેવા કરવા લાગ્યા. આશ્રમમાં જોડાયા પછી તેઓની આ પ્રવૃત્તિને વેગ મળ્યો. તેઓની સેવા માત્ર માનવ પૂરતી જ મર્યાદિત નહોતી, પશુ-પક્ષીઓનું પણ એટલું જ બલ્કે વધુ ધ્યાન આપતા.

ઈ. સ. ૧૯૩૬માં તેઓ ઘેરથી અદશ્ય થઈ ગયા અને માતા–પિતાની સખત શોધને અંતે તે તિરૂપતિના મંદિરથી થોડા માઈલ દૂર એક પવિત્ર ઋષિના આશ્રમમાંથી મળી આવ્યા. દરમ્યાન તેઓનો ઋષિકેશના સ્વામી શ્રી શિવાનંદજી સાથે પત્રવ્યવહાર ચાલુ જ હતો. તેમણે ઈ.સ. ૧૯૪૩માં અંતિમ નિર્ણય લીધો અને તેમણે ઘર છોડયું.

આશ્રમમાં જોડાયા બાદ પ્રથમ દવાખાનાનો વહીવટ તેમને સોંપવામાં આવ્યો. થોડા વખતમાં જ તેમની પ્રતિભાનો પરચો દેખાવા

લાગ્યો. તેઓએ ભાષણો કર્યાં. સામયિકો માટે લેખો લખવા શરૂ કર્યાં અને મુલાકાતીઓને આધ્યાત્મિક ઉપદેશ આપવા લાગ્યા. સ. ૧૯૪૮માં યોગ વેદાંત આરણ્ય વિશ્વવિદ્યાલયના કુલપતિ અને રાજયોગના પ્રાધ્યાપક નિમાયા.

ઈ. સ ૧૯૪૮માં ગુરૂદેવે તેઓની દિવ્યજીવન સંઘના મંત્રીપદે નિમણુંક કરી. તા. ૧૦ જુલાઈ ૧૯૪૯ના રોજ ગુરૂપૂર્ણિમાના દિવસે પૂજ્યપાદ સ્વામીશ્રી શિવાનંદજીએ તેમને સંન્યાસ દીક્ષા આપી તેમનું નામ 'ચિદાનંદ' રાખ્યું.

ઇ. સ. ૧૯૫૦માં ગુરૂદેવની ઐતિહાસિક ભારતયાત્રાની સફળતાનો યશ તેમને જ જાય છે. ઈ. સ. ૧૯૫૯માં દિવ્યજીવનનો સંદેશ નવી દુનિયાને પહોચાડવા ગુરૂદેવના પ્રતિનિધિ તરીકે અમેરિકાની વ્યાપક યાત્રા કરી. અમેરિકન લોકોએ તેમને ભારતના યોગી તરીકે વધાવી લીધા. અમેરિકા અને યુરોપની યાત્રા કરી ૧૯૬૨ના માર્ચ માસમાં આશ્રમમાં પાછા ફર્યા. ઈ. સ. ૧૯૬૨ના એપ્રિલ માસથી તેઓએ દક્ષિણ ભારતની યાત્રા શરૂ કરી અને જુલાઈ ૧૯૬૩ના પ્રથમ સમાહમાં તેઓ આશ્રમમાં પાછા ફર્યાં. ત્યારબાદ દશ જ દિવસમાં ગુરૂદેવની મહાસમાધિ થઈ.

ઓગસ્ટ ૧૯૬૩માં તેઓ દિવ્યજીવન સંઘના પ્રમુખ તરીકે ચૂંટાયા. આ નિમણુંક બાદ તેઓએ ત્યાગ, સેવા, પ્રેમ અને આધ્યાત્મિકતાનો ઝંડો ઉન્નત રાખવા અથાગ પરિશ્રમ કર્યો. વિશ્વમાં દિવ્યજીવનના ભવ્ય આદર્શોનું પુનરુત્થાન કરવા માટે સર્વ દિશામાં સખત પરિશ્રમ કરનાર અને આધ્યાત્મિક લોહચુંબક સમા ઉચ્ચ કોટિના આ સંન્યાસી પોતાના અનુકરણીય જીવનથી સૌના પ્રિયપાત્ર બની ગયા.

૧૨

આ દેશના જુદા જુદા ભાગોના પ્રવાસ ઉપરાંત હોંગકોંગ અને મલેશિયાનો પણ પ્રવાસ કર્યો. આ રીતે તેમણે હજારો લોકોમાં દિવ્ય જીવન જીવવાની કળાનાં બીજ રોપ્યાં કે જેથી સર્વત્ર તેમના પ્રત્યે પૂજ્યભાવની ઊંડી લાગણીનો ઉદ્ભવ થયો. મે ૧૯૬૮માં તેઓ દિવ્યજીવનનો સંદેશો લઇ વિશ્વની યાત્રાએ ગયા અને આફ્રિકા, ઇંગ્લેન્ડ, ઇટાલી, ફ્રાન્સ, સ્વિટ્ઝરલેન્ડ, જર્મની વગેરે દેશોમાં થઈ તેઓ અમેરિકા ગયા અને ત્યાં દિવ્યજીવનના આદર્શનો બહોળો પ્રચાર કર્યો.

ॐ

## પ્રકરણ ૧ — મૃત્યુ એ શું છે?

આપણે એક ઘરમાંથી નીકળી બીજા ઘરમાં પ્રવેશ કરીએ છીએ તેવી રીતે આ દેહ છોડી જતો જીવાત્મા પોતાના અનુભવ મેળવવા માટે એક શરીરમાંથી નીકળીને બીજા શરીરમાં જાય છે. આ ખૂબ સ્વાભાવિક ક્રિયા છે. આમ જ્યારે જીવાત્મા દેહથી અલગ પડે છે. ત્યારે તેને મૃત્યુ કહેવામાં આવે છે. જરા વૈજ્ઞાનિક રીતે કહેવું હોય તો કહી શકીએ કે આ સ્થૂલ શરીર છે. તેનાથી આત્માનું અલગ થવું તે મૃત્યુ છે.

મૃત્યુ આપણા વ્યક્તિત્વને અને આત્મચેતનાને અટકાવી દેતું નથી. એ તો જીવનના ઉત્તમ સ્વરૂપના દ્વારને ખોલી આપે છે. અને આ રીતે મૃત્યુ વધારે પૂર્ણ જીવનનો રદવાજો બની રહે છે.

જન્મ અને મરણ તો માયાના જાદુ છે. જે જન્મ્યો છે તે મરણની શરૂઆત કરે છે; જે મર્યો છે તે જીવનની શરૂઆત કરે છે. વાસ્તવમાં તો અહીં કોઈ આવતું નથી કે કોઈ જતું નથી. બ્રહ્મ અર્થાત્ જે શાશ્વત સત્તા છે, તે જ એક વિદ્યમાન છે.

મૃત્યુ એ જીવનનો અંત નથી. જીવન તો નિત્ય, નિરંતર ચાલુ રહેલી પ્રગતિ છે; જેનો કદી અંત નથી. મૃત્યુ એ તો આત્માને પસાર થવાનો રસ્તો છે, દરેક આત્માએ પોતાનો વિકાસ સાધવા, નવાનવા અનુભવ મેળવવા માટે મૃત્યુના માર્ગેથી પસાર થવું પડે છે. યોગીજનો, જ્ઞાનીઓ અને વિવેકી પુરુષો મૃત્યુથી ડરતા નથી. કારણ કે તેઓ જાણે છે કે 'મૃત્યુ એ તો જીવનનું પ્રવેશ દ્વાર છે.'

જે આ સર્વોત્તમ આત્મા પરમાત્મા છે, તે મૃત્યુ રહિત છે, વિનાશ રહિત છે, કાલરહિત છે, દશારહિત છે. આત્મા આ શરીર, આ મન અને આ સંસાર, આ સૌનો ઉત્તમ સાર છે અને મૂળ કારણ છે. પાંચ મહાભૂતોના સંમિશ્રણ વડે બનેલું આ શરીર નાશ પામે તે તો સમજી શકાય તેવી વાત છે; પરંતુ આ અજર, અમર, અવિનાશી આત્મા કેવી રીતે નાશ પામે? તે તો કાલ, દેશ અને કારણથી પર રહેલો છે.

તમારે જન્મ–મરણથી છુટવું છે? મૃત્યુ તો તમારા શરીરનું થાય છે; તમારા શરીરમાં રહેલા પેલા આત્માનું

નહીં. આ તમારું શરીર એ તમારા ગત જન્મોના કર્મોનું કારણ છે અને આથી તમારે જન્મ-મરણના ચક્કરમાંથી છૂટવું હોય તો આ કર્મોને મારવાં જોઈએ. આ માટે તમારે તમારી જાતને રાગદ્વેષથી બચાવી લેવી જોઈએ. તમારા અહંકારનો નાશ કરવો જોઈએ. તમારામાં રહેલા અવિનાશી આત્માનું જ્ઞાન મેળવવું જોઈએ. આ શરીરનું મૂળ કારણ એક અજ્ઞાન છે, તેને દૂર કરવું જોઈએ. ટૂંકમાં રાગદ્વેષ, અહંકારાદિને દૂર કરી, આત્માવિષયક જ્ઞાન મેળવી, માયાનું આવરણ દૂર કરી તમે તમારા આત્માને પરમાત્મામાં જોડી દેશો. પેલા પરમાત્મામાં વિલીન થઈ જશો, આ પછી તમારા માટે જન્મ–મરણ નહીં રહે.

આ આત્મા કેવો છે? આ આત્મા બધા પ્રકારના શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શથી પર છે. આત્મા રૂપ–ગુણ વિનાનો છે, પ્રકૃતિથી પર છે. ત્રણ પ્રકારનાં શરીરો–સ્થૂલ, સૂક્ષ્મ અને કારણથી પર છે. શરીરના પાંચકોષોથી પર છે. એ આત્મા પોતે અનંત, અવિનાશી અને સ્વયં પ્રકાશિત છે. જે કોઈ આવા આત્માનાં દર્શન કરે છે તે પુરુષ પોતાની જાતને મૃત્યુના મુખમાંથી બચાવી લે છે.

શરીરમાં રહેલ વ્યક્તિગત આત્માઓને 'જીવાત્માઓ' કહેવામાં આવે છે. આ જીવાત્માઓ પોતાની ક્રિયાઓને ભજવવા માટે તેમજ આ જગતમાંથી અનુભવો મેળવવા

માટે, વિવિધ પ્રકારના ઘડતર કરે છે. પોતે ઘડેલાં શરીરોમાં તે જીવો પ્રવેશ કરે છે અને તે શરીરો ધારણ કરે છે...આમ જીવાત્માના શરીરમાં પ્રવેશ થવાની ક્રિયાને 'આવિર્ભાવ' કહેવામાં આવે છે. અને જીવાત્મા શરીર છોડીને ચાલ્યો જાય છે તે ક્રિયાને 'તિરોભાવ' કહેવામાં આવે છે. જે શરીરમાં જીવાત્મા હાજર ન હોય તેને 'શબ' કહેવામાં આવે છે.

સ્ત્રીના શોણિતમાં પુરુષના શુક્રનું સંમિશ્રણ થવું; તે ક્રિયાને માતાના ઉદરમાં ગર્ભ ધારણ કરવો, એમ કહેવામાં આવે છે. પુરુષના શુક્રનાં અણુઓ અને સ્ત્રીના શોણિતનાં અણુઓ નરી આંખે દેખી શકાય તેમ નથી. સામાન્ય રીતે આ પ્રકારના જીવાણુઓના સંમિશ્રણને 'ગર્ભ' કહેવામાં આવે છે. આને જ વૈજ્ઞાનિક રીતે શોણિતને ફળદ્રુપ થવાની ક્રિયા કહેવામાં આવે છે. માતાના ઉદરમાં શુક્ર અને શોણિત એક રૂપ બને છે. જે 'એકકોષ' ગણાય છે. તે હવે ગર્ભના રૂપે વધવા લાગે છે. અને દશ માસ સુધીમાં માનવ બાળક સંપૂર્ણ બને છે.

એક વ્યક્તિના મૃત્યુની બાબતમાં જે જે ઘટનાઓ બને છે. તેના ક્રમને જાણવા માટે, તેમ જ તેમના વિષે રહેલા અજ્ઞાનના પડદાને દૂર કરવા માટે, વિચારક માનવ હંમેશાં પ્રયત્ન કરે છે; પણ તેને પૂરેપૂરી સફળતા મળી છે એવો દાવો કરી શકાય તેમ નથી.

'એકકોશી' શરીરનું કુદરતી મૃત્યુ ક્યારે થયું, એ બાબત હજી સુધી અજાણી રહી છે; પરંતુ એમ મનાય છે કે એક કોશમાંથી અનેક કોશી પ્રાણીઓનો જ્યારે આ જગત પર વિકાસ થયો, ત્યારે જ એ મૃત્યુનું દશ્ય જોવાને મળે છે.

વ્યક્તિનું અસ્તિત્વ મટી ગયા પછી પણ તેના શરીરનાં કેટલાંક અંગો કામ કરતાં હોય છે, એમ પણ જાણવા મળ્યું છે. આ અંગોને કાઢી લઈ, આ જ અંગોની ખામીવાળી વ્યક્તિને બેસાડી આપવામાં આવે તો ત્યાંપણ આ અંગો કામ કરતાં જ રહે છે. 'આંખ' માટે આ વાત સવિશેષ રૂપે છે. વળી લોહીના શ્વેત કણો કાળજીપૂર્વક રાખવામાં આવે તો ઘણા સમય સુધી રાખી શકાય છે. શરીર નાશ પામેલું છે; પરંતુ જે જીવન છે, તે રક્તકણોનું જીવન છે. તે વ્યક્તિનું જીવન નથી એ બાબત સાચી છે.

શરીરમાં વસેલા રોગોને કારણે શરીરની નાડીઓની શક્તિ ઢીલી પડવા માંડે છે, નાડીઓની સંકોચ-વિકાસની ગતિ મંદ પડવા માંડે છે. શ્વાસોચ્છવાસ લેવાની તકલીફ પડે છે. માણસ સમતુલા ગુમાવે છે. તે પીડા અનુભવે છે. શ્વાસોચ્છવાસની ક્રિયાઓ ધીરે ધીરે અટકી જાય છે. તેની સાથે જ શરીરની અંદર રહેલા પ્રાણો પણ બહાર નીકળી જાય છે અને આ પ્રાણો વાયુની અંદર ભટકયા કરે છે. આને 'પ્રેત' કહેવામાં આવે છે.

મૃત્યુનાં ખરેખરાં ચિહ્નો કયાં માનવાં ? હૃદયના ધબકારા બંધ પડી જવા, નાડી બંધ પડવી, શ્વાસોચ્છ્વાસની ક્રિયા બંધ થઈ જવી, અવયવોનું ખેંચાઈ જવું, શરીરમાં ગરમીનું ન રહેવું, આંખમાં પ્રતિબિંબ ન પડવું-આ બધાં ચિહ્નો ખરેખર મૃત્યુનાં ચિહ્નો નથી, કારણ કે આમાંના ઘણા ચિહ્નોનું અસ્તિત્વ હોવા છતાંય તેઓ જીવતા થયેલા હોય છે.

શરીરનું બગડી જવું અને સડી જવું એ જ મૃત્યુનાં સાચે સાચાં અને અંતિમ ચિહ્નો છે. મૃત્યુ થયા પછી શરીર બગડવા માંડે તે પહેલાં કોઈની અંતિમ વિધિ કરવી જોઈએ નહિ. અમુક માણુસ મરી ગયો છે; એમ કોક વિચાર કરી શકે છે; પરંતુ તે માણુસ અર્ધસમાધિ, બેભાનદશા અને સમાધિદશા જેવી વિચિત્ર દશામાં રહી શકતો હોય છે.

એ બધાં ચિહ્નો મૃત્યુ સાથે સરખાવી શકાય. બહારનાં ચિહ્નો સરખાં હોઈ શકે !

આ સ્થૂળ શરીર પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ તત્ત્વોનું બનેલું છે. દેવોનાં શરીર દિવ્ય પદાર્થનાં બનેલાં છે. દેવોમાં અગ્નિતત્ત્વ, માનવમાં પૃથ્વીતત્ત્વ, જળજ પ્રાણીઓમાં જળતત્ત્વ તેમજ પક્ષીઓમાં વાયુતત્ત્વ વિશેષ કરીને રહેલું હોય છે. માનવીનું મૃત્યુ થયા બાદ આ પાંચેય તત્ત્વો તેના મૂળતત્ત્વમાં ભળી જાય છે. જીવાત્મા આ પાંચેય તત્ત્વોથી જુદો હોય છે.

અગ્નિદાહ દેતી વખતે જે મંત્રો ભણવામાં આવે છે તે પ્રાણતત્ત્વને સંબોધી ભણવામાં આવે છે. આ પ્રાણ-તત્ત્વ સ્થૂલ શરીરમાંથી પાંચ પ્રાણોને છૂટા પાડે છે અને તે પ્રાણ બહારના વાયુમાં રહેલાં પોતપોતાનાં તત્ત્વોમાં ભળી જાય છે. આ પછી શરીરને સંબોધી મંત્રો ભણવામાં આવે છે. શરીર પોતાનાં પંચતત્ત્વો–જળ, તેજ, પૃથ્વી, વાયુ અને આકાશને છૂટાં પાડી દે છે. આ તત્ત્વો પોતપોતાનાં મૂળ સ્રોતમાં ભળી જાય છે. આ પછી શરીરને અગ્નિદાહ આપવામાં આવે છે અને પ્રાણ સહિત જે જીવાત્મા છે તે શરીરમાંથી છૂટો પડી ચેતનામાં પ્રવેશ કરે છે અને સ્થૂલ તત્ત્વો છૂટાં પડતાં, તે આત્મા આગળ વધવા માટેની યાત્રા શરૂ કરે છે.

જે જે ઇન્દ્રિયો પોતાના અધિષ્ઠાતા દેવો સાથે રહેલી હોય છે, તે ઇન્દ્રિયોની ક્રિયાઓ બંધ થઈ જાય છે. દૃષ્ટિ સૂર્યમાં, વાણી અગ્નિમાં, પ્રાણ વાયુમાં, કાન દિશામાં, શરીર પૃથ્વીમાં, રૂવાટાં ઋતુની વનસ્પતિમાં, માથાના વાળ વૃક્ષોમાં તેમજ રક્ત અને વીર્ય જળની અંદર ભળી જાય છે.

જે વાયુને આપણે હવા કહીએ છીએ તે જ વાયુ પ્રાણ અથવા પ્રાણશક્તિ છે. આ પ્રાણ ઇદ્રિયોને હલન-ચલન કરાવે છે. વિચાર પેદા કરે છે. શરીરને ગતિ આપે છે. તેને ગતિ કરાવે છે, લોહીને વહેવડાવે છે.

મળમૂત્રની વિસર્જનની ક્રિયા કરાવે છે, શ્વાસોચ્છવાસની ક્રિયા કરાવે છે. તેમજ પંચેન્દ્રિયો પાસે તેમની ક્રિયા કરાવે છે. આપણા જીવંત શરીરમાં પ્રાણ, અપાન, સમાન, વ્યાન અને ઉદાન નામે પાંચ પ્રાણો રહ્યા હોય છે. આ બધા પ્રાણો ભેગા મળી મહાપ્રાણ બને છે. તેને હિરણ્યગર્ભ કે બ્રહ્મ કહે છે. પ્રકૃતિઓનું વ્યક્ત થવું તે પ્રાણ છે. સ્થૂલ પ્રાણ શ્વાસ છે. સૂક્ષ્મ પ્રાણ પ્રાણ-શક્તિ છે.

આ સ્થૂલ પ્રાણમાં એક સૂક્ષ્મ શરીર રહેલું છે. મૃત્યુ વખતે આ ઉદાન વાયુ સૂક્ષ્મ શરીરને સ્થૂલ શરીર-માંથી બહાર ખેંચી લાવે છે. બધા પ્રકારના પ્રાણોને વહન કરનાર વાહન તરીકે આ ઉદાન વાયુ હોય છે. તે પાચન ક્રિયા અને ખોરાકને ગળવાની ક્રિયા કરે છે. તમે ગાઢ નિદ્રામાં પડેલા હો છો, ત્યારે તે તમને બ્રહ્મની પાસે પહોંચાડે છે. તેનું રહેવાનું સ્થાન ગળું છે.

બધા પ્રાણ મન, બુદ્ધિ, ઇન્દ્રિયો અને સ્થૂલ શરીરને આધાર આપનાર મૂળ કારણ તે અજર, અમર જીવાત્મા છે. તે તમારા હૃદયમાં રહે છે. ત્યાં એકસો ને એક નાડીઓ રહેલી છે. આ નાડીઓને બોંતેર હજાર ઉપ-નાડીઓ છે. લોહીનું હલનચલન કરનાર વ્યાનવાયુ આ નાડીઓમાં ગતિ કરે છે.

આ નાડીઓમાંની એક મુખ્ય નાડી દ્વારા જે ઉદાન વાયુ બહાર ગતિ કરે છે, તે જ ઉદાનવાયુ તમારાં સારાં

કર્મોને આધારે તમને ઉત્તમ લોકમાં લઈ જાય છે; તમારાં ખરાબ કર્મોને આધારે તમને અધમ લોકમાં લઈ જાય છે અને તમારાં સારાં–નરસાં મિશ્ર કર્મોને આધારે તમને માનવ લોકમાં લઈ જાય છે.

જીવનમુક્ત યોગીઓનાં મન અને પ્રાણો બ્રહ્મની અંદર વિલીન થઈ જાય છે. તેમને આગળ ગતિ કરનાર ઉદાનવાયુની જરૂર હોતી નથી. તેમને આ લોકમાં પાછા આવવાનું હોતું નથી.

આત્માના બે પ્રકાર છે. વ્યક્તિગત આત્મા કે જીવાત્મા તથા ઉત્તમ આત્મા કે પરમાત્મા. જીવાત્મા સર્વોત્તમ આત્માનું પ્રતિબિંબ છે.

શરીરના મરણ પછી ઇન્દ્રિયો, મન, પ્રાણ, સંસ્કારો, ભાવનાઓ, લાગણીઓ વગેરે સહિતનો જીવાત્મા શરીરમાંથી છૂટો પડી સ્વર્ગે જાય છે ત્યારે તેને પ્રાણમય સૂક્ષ્મ શરીર મળે છે. વાસનાઓ, ઇચ્છાઓ અહંકાર, અભિમાન, લોભ, રાગ અને સારી-નરસી લાગણીઓને કારણે આ આત્મા અશુદ્ધ બને છે. અને તેને મન, શરીર અને ઇન્દ્રિયોની મર્યાદામાં આવવું પડે છે. એ બંધન ફક્ત દેખાવનાં છે–માયા રૂપ છે. જ્યારે આ આત્મા અનંત તત્ત્વનાં જ્ઞાન મેળવે છે ત્યારે તે મર્યાદિત પદાર્થો અને બંધનોમાંથી પોતાની જાતને મુક્ત કરે છે. અજ્ઞાન દૂર થતાં આ જીવાત્મા સર્વોત્તમ આત્માની સાથે એકરૂપ બની જાય છે. અને તે જ

જીવનનું અંતિમ લક્ષ્ય છે. પછી તેને આવવા-જવાનું રહેતું નથી.

આત્મા ચૈતન્ય છે, અભૌતિક પદાર્થ છે. બુદ્ધિરૂપ છે. ચૈતન્યનું પ્રતિબિંબ છે. આત્મા શરીર છોડી જાય છે, ત્યારે તે શરીર લાકડા જેવું બની જાય છે. મૃત શરીર હાલી-ચાલી કે બોલી શકતું નથી. આત્મા જ શરીર, મન અને ઇન્દ્રિયોને જીવન આપે છે. વિકસિત કરે છે, ગતિ આપે છે અને પ્રેરણા આપે છે. જીવાત્મા સાથે ઇન્દ્રિયો, મન, પ્રાણ, સંસ્કારો, ભાવનાઓ અને લાગણીઓ રહે છે. જીવાત્મા સ્વર્ગ તરફ જાય છે ત્યારે તેને સૂક્ષ્મ શરીર મળે છે.

સર્વોત્તમ આત્મા અનંત સર્વ શક્તિમાન, સર્વજ્ઞ, ચૈતન્ય સ્વરૂપ, નિરાકાર, ગુણ રહિત, સર્વવ્યાપક, અવિનાશી, કાલરહિત, સ્થાનરહિત, સ્વયં આનંદરૂપ, સ્વયં જ્ઞાનરૂપ, અવિભાજ્ય, સ્વયં સત્તાધીશ, શાશ્વત અને અમર છે. તે પોતાને જાણે છે અને બીજાને જાણે છે. તે સ્વયં જ્યોતિ રૂપ છે અને દરેકે દરેક પદાર્થને પ્રકાશ આપે છે માટે જ તે ચૈતન્ય રૂપ છે. પરમાત્મા એકલો જ સર્વસત્તાવાન છે. નામરૂપનું બનેલું આ જગત માયારૂપ છે. પરમાત્મામાં તેનો આરોપ કરવામાં આવ્યો છે. તમે ધ્યાન-સમાધિ કરો, પરમાત્માનું જ્ઞાન મેળવો! તો પરિણામે તમારા માટે જગત નહીં રહે-નાશ પામશે.

દરેક વ્યક્તિમાં 'अहमस्मि' (હું છું) આવી ભાવના રહેલી છે. કોઈ એમ કહેતું નથી કે હું નથી. માણસમાં રહેલી આ પ્રકારની ભાવના જ અજર, અમર પરમાત્માનું અસ્તિત્વ સિદ્ધ કરે છે. તમે ગાઢ નિદ્રા લો છો ત્યારે તમે પોતે પરમાત્માની અંદર વિરામ કરી રહ્યા હો છો. તમે નિરાબાધ આનંદનો જ અનુભવ કરો છો. આ વાત જ એ વાતની સાક્ષી પૂરે છે કે 'પરમાત્મા પોતે છે અને તેનું સ્વયંભૂ સ્વરૂપ શુદ્ધ આનંદ છે.'

ચાર્વાક તેમજ ભૌતિકવાદી લોકો મરણ પછી આત્માની સત્તાનો નિષેધ કરે છે. તેઓ નાસ્તિક છે. તેઓ શરીરના પૂજન-અર્ચનમાં રાચે છે. તેઓ માને છે કે 'જેમ અમુક પદાર્થોના કહોવાણથી માદક પીણું બને છે, તેમજ પાંચ મહાભૂતોના સંમિશ્રણથી જીવાત્મા બને છે. તે શરીરમાં રહે છે. શરીરથી અલગ આ જીવાત્માનું અસ્તિત્વ નથી. અને આથી જ તે લોકો એમ પણ માને છે કે, 'શરીરનો નાશ થતાં આ આત્માનો પણ નાશ થાય છે.' બસ પછી કાંઈ બાકી રહેતું નથી.

ઇન્દ્રિયોની મર્યાદાની બહારની જે કોઈ ચીજ હોય, તેને માનવા તેઓ તૈયાર નથી. તેમને તો દરેક વસ્તુનું પ્રત્યક્ષ પ્રમાણ જોઈએ છે. પુનઃ જન્મમાં તેઓ

માનતા નથી. આત્માના નહીં હોવા પણા વિષે આ લોકોએ ગ્રંથોના ગ્રંથ ભરી દીધા છે.

ચાર્વાક અને ભૌતિકવાદીઓ એવો મત ધરાવે છે કે, 'જડ અને દેહનો જે સંઘાત થાય છે, તે વિચાર, બુદ્ધિ, ચૈતન્ય, મન અને જીવ વગેરેને પેદા કરે છે. અને જ્યાં સુધી દેહ ટકે છે ત્યાં સુધી ચૈતન્યાદિ ટકે છે.'

મગજની એક ક્રિયા કે વિકાર તે વિચાર, બુદ્ધિ કે ચૈતન્ય છે, એમ તે લોકો માને છે. કોઈ પણ ગતિ લાગણી, ભાવો કે વિચારોને પેદા કરી શકતી નથી; અને તેથી ચૈતન્ય કે બુદ્ધિ, ગતિનું કાર્ય બની શકે એમ નથી. જડ પદાર્થ કે જડ શક્તિ એ કદી પણ ચૈતન્ય કે બુદ્ધિને પેદા કર્યા હોય એવો એક પણ દાખલો વૈજ્ઞાનિક આપી શકે તેમ નથી. સાબિત કરી શકે તેમ નથી. છતાં ચાર્વાકો ખોટા તર્કથી પોતાની જાતને ગૂંચવણમાં મૂકી દે છે. તેઓ ભૂલી જાય છે કે ચૈતન્ય, બુદ્ધિ અને સુખનો અનુભવ તો વિશ્વગત આત્માના ધર્મો છે. અને આત્મા તો અવિનાશી છે. આ શરીર નાશ પામે તોય તે તો રહેવાનો જ છે. આ આત્માનું પ્રદર્શન થઈ શકે તેમ નથી; પરંતુ એવી તો કેટલીક સચોટ હકીકતો છે કે જેથી તેના અસ્તિત્વનું અનુમાન થઈ શકે તેમ છે.

પરંતુ મૃત્યુ, જીવાત્મા, પરમાત્મા અને મૃત્યુને પેલે પાર વિષેના પ્રશ્નો બધાના મનમાં જાગે છે. આ સનાતન પ્રશ્નો છે. યુગે યુગે તત્ત્વજ્ઞાનીઓ, યોગીઓ, સંતો, વિચારકો, ભૌતિકશાસ્ત્રીઓ તેમજ ભવિષ્યવેત્તાઓ વગેરે આ પ્રશ્ન ઉકેલવા ખૂબ જ જહેમત ઉઠાવે છે. ઉપનિષદ આમાં મોખરે છે. ઉપનિષદના દ્રષ્ટા ઋષિઓ ખૂબ જ દૃઢતાથી કહે છે, "સર્વ જીવોમાં એક અવિનાશી આત્માની સત્તા છે. આ આત્મા જન્મ, મરણ, સ્થળ, કાળ, દેશ અને વિચાર રહિત છે. તે અંતર્યામી છે. મન, પ્રાણ અને ઇન્દ્રિયોનો પ્રેરક છે. આ આત્મા અમર જ્ઞાન મેળવી–અજ્ઞાન (માયા) હટાવી પરમાત્મમાં ભળી જાય છે. આ પરમાત્મા ભૌતિક વિજ્ઞાનની મર્યાદાથી પર છે. આત્મા વિજ્ઞાનની પહોંચમાં આવે તેમ નથી. આત્મા પવન, મન અને શક્તિથી વિશેષ સૂક્ષ્મ છે. ચૈતન્ય અને વિજ્ઞાન એ આત્માના સ્વભાવ છે, દેહના નહીં. ચૈતન્ય એ જ આત્માના હોવાનો ખાતરીપૂર્વકનો દાખલો છે. માનવનો બાહ્ય દેખાવ તો અજર, અમર, અવિભાજ્ય, અવિનાશી આત્મા કે બ્રહ્મનું આંશિક પ્રગટ સ્વરૂપ છે! માનવની અંદર રહેલ અમર અંશ તે આત્મા છે!"

હે મિત્ર! અમર આત્માનો નિષેધ કરનારાના લોકોની ચુંગલમાંથી બહાર આવ. તું જાગી જા. તારી આંખ ખોલ. ગીતા–વેદ–ઉપનિષદોનું વાંચન કર. જપ,

કીર્તન, ધ્યાન નિયમિત શરૂ કર. ખોટા સંસ્કારો નાબૂદ કર. 'तत्त्वमसि'નો અનુભવ કર. મુક્ત બન.

જે માણસ મૂર્છામાં હોય તે જાગતો છે, સ્વપ્ન દશામાં છે કે મરી ગયો છે એવું કહેવાય નહિ. કારણ કે મૂર્છાવસ્થામાં પંચેન્દ્રિયો કામ કરતી નથી, તથા તે સંપૂર્ણ બેહોશ હોય છે; પરંતુ તેના શ્વાસોચ્છવાસ ચાલુ હોય છે. તેના શરીરમાં ગરમી હોય છે. જો છેલ્લી બે વિગતો જોવા મળે તો લોકો માને છે કે તે જીવતો છે. પછી તેના મોં પર ઠંડુ પાણી રેડે છે, બીજા ઉપચારો કરે છે અને તે ભાનમાં આવે છે. ઘણી વાર મૂર્છા પામેલા માણસનું શરીર થરથર કાંપતું હોય છે, તેનો ચહેરો બીહામણો લાગે છે. તેના ડોળા ફાટી ગયા હોય તેમ મોટા લાગે છે. તે માણસ ભયંકર લાગે છે. આ મૂર્છા અવસ્થા મૂઢમાર કે બીજા કોઈ કારણોથી આવતી હોય છે. મૂર્છા એ મૃત્યુનો દરવાજો છે. જો તેનાં કાંઈ પ્રારબ્ધનાં કર્મો બાકી રહી ગયાં હોય તો તે બચે છે. નહીં તો તે મૃત્યુ પામે છે.

નિદ્રામાં પડેલો માણસ શાંત, સ્વસ્થ અને સુખી લાગે છે. તેના શ્વાસોચ્છવાસ નિયમિત ચાલુ છે. તેની આંખો બંધ હોય છે. તે સુંદર લાગે છે. તેને આંગળીના એક ટકોરે ઉઠાડી શકાય છે. નિદ્રા એ થાકનું કારણ છે.

જાગૃત દશા, સ્વપ્ન દશા, ગાઢ નિદ્રાની દશા તેમજ મૂર્છાની દશાના મૂક સાક્ષી તરીકે બ્રહ્મ છે; તે તમારો અંતર્યામી છે. તમારી અંદર રહેલો આત્મા છે. તે અમર અવિનાશી છે. એ આત્માને પરબ્રહ્મ સાથે જોડી દો. શરીરની બધી દશાઓને પાર કરી જાવ. સદા સર્વદા સુખી તેમજ આનંદી બની રહો.

ooo

## પ્રકરણ ૨ ‘મૃત્યુ પછી જીવાત્માની મુસાફરી’

જીવાત્મા પોતાની સાથે પ્રાણ, મન અને ઇન્દ્રિયો લઈ જાય છે એટલું જ નહીં પણ અવિદ્યા, ગુણો, દુષિત કાર્યો અને લાગણીઓ જે પોતાના પૂર્વ જન્મોથી ચાલુ હોય છે તેને પણ પોતાની સાથે લઈ જાય છે. આ જીવાત્માને વર્તમાન શરીર છોડતાં પહેલાં આવનાર શરીર વિષેનો ખ્યાલ હોય છે.

સાંખ્યમતે “જીવ અને ઇન્દ્રિયો બન્ને વ્યાપક હોય છે. તેમજ કર્મને અનુસરી નવા શરીરનાં કાર્યો ચાલુ થાય છે.” બૌદ્ધ મત પ્રમાણે, “નવા શરીરમાં ઇન્દ્રિયો વિનાનો એકલો જીવાત્મા જ કાર્ય કરે છે અને નવા શરીરને અનુસરી નવી ઇન્દ્રિયોની રચના કરવામાં આવે છે.” વૈશેષિકોના મતે, “એકલું મન નવા

શરીરમાં જાય છે.” દિગંબરોના મતે, “એકલો જીવાત્મા જુના શરીરને છોડીને નવા શરીરમાં ઊતરે છે.” આ બધા મતો બરાબર નથી, તેમજ વેદ વિરૂદ્ધના મતો છે. “જીવાત્મા, મન, પ્રાણ, ઇન્દ્રિયો અને સૂક્ષ્મ ભૂતો કે તન્માત્રાઓ સાથે જ જુના દેહમાંથી ચાલ્યો જાય છે. જીવાત્મા નવા શરીરનાં બીજ બનેલાં હોય તેવી તન્માત્રાને પોતાની સાથે લઈ જાય છે.” આ મત વેદનો મત છે. તન્માત્રા વિના પ્રાણ ક્યાંય ટકી શકતા નથી. તન્માત્રાઓ જ પ્રાણના હલન ચલન માટેની ભૂમિકા તૈયાર કરે છે. જ્યાં તન્માત્રાઓ હોય છે, ત્યાં ઇન્દ્રિયો અને પ્રાણ હોય છે. તે બધાં કદી અલગ પડતાં નથી. પ્રાણ વિના જીવાત્મા નવા શરીરમાં પ્રવેશ કરી શકતો નથી.

યજ્ઞોમાં દૂધ, ઘી વગેરેની આહુતિઓ આપવામાં આવે છે. આ પદાર્થો એક સૂક્ષ્મ સ્વરૂપ ધારણ કરે છે, તેને ‘અપૂર્વ’ કહે છે. અને તે અપૂર્વ યજ્ઞ કરનારની સાથે જોડાયેલું રહે છે. મરણ પછી જીવો જળની સાથે જોડાઈ ગતિ કરે છે. આ અપૂર્વ તેમની સાથે જોડાય છે. જીવાત્માઓને તે સ્વર્ગે લઈ જાય છે. ત્યાં જીવો પુણ્યફળ ભોગવે છે. અને પુણ્યનાં ફળ ભોગવાઈ જતાં પૃથ્વી પર આવે છે.

જે જીવો સ્વર્ગમાંથી પાછા ફરતા હોય છે તેમના સંચિત કર્મો બાકી હોય છે. અને તે જ કર્મો તેમના

જન્મોનું કારણ બને છે. આ સંચિત કર્મો તેમને ભોગવવાના બાકી હોય છે. "હવે સ્વર્ગના ભોગોનો અંત આવશે." એવી ચિંતાને કારણે ચંદ્ર લોકમાં પ્રાપ્ત થયેલ જળશરીર ઓગળી જાય છે. અને ત્યાર પછી બાકી રહેલા કર્મોને આધારે જીવ નીચે ઊતરી આવે છે.

છાંદોગ્ય ઉપનિષદમાં કહેવામાં આવ્યું છે કે પહેલાના જન્મોમાં જેમનાં આચરણ સારાં હોય તેમને સારા જન્મો મળે છે. પહેલાંના જન્મોમાં જેમનાં આચરણ ખરાબ હોય છે, તે લોકો પૃથ્વી પર ચાંડાલ, ભૂંડ કે શ્વાન યોનિમાં જન્મ ધારણ કરે છે. સ્મૃતિ પણ આવી જ વાત કરે છે. ટૂંકમાં તમે સારાં કર્મો કર્યાં હશે તો સારો જન્મ મળશે. ખરાબ કર્મો કર્યાં હશે તો ખરાબ જન્મ મળશે. યાદ રાખો જીવાત્મા સંચિત કર્મો પ્રમાણે જન્મ લે છે.

પાપીઓ ચંદ્રલોકમાં જતા નથી. તેઓ યમ લોકમાં જાય છે. ત્યાં ખરાબ કર્મોનાં ફળ ભોગવી પાછા પૃથ્વી પર આવી જાય છે. આ લોકો નીચલા દેહોમાં વારંવાર જન્મે છે અને મરણ પામે છે. 'જન્મ લો અને મરણ પામો.' તેમને માટે આવું કહેવામાં આવે છે. પાપીઓ નાનાં જીવ જંતુઓ તરીકે ગણાય છે કારણ કે તેઓ જીવ જંતુઓનાં શરીર ધારણ કરતાં હોય છે. તેમનું સ્થાન ત્રીજું સ્થાન ગણાય છે તે નથી બ્રહ્મલોક કે ચંદ્રલોક.

પુણ્યશાળી જીવો ચંદ્રલોકનાં પુણ્યકર્મોનાં ફળ ભોગવી સંચિત કર્મો ભોગવવા પૃથ્વી પર આવવા નીકળે છે ત્યારે તે પુણ્યશાળી જીવો આકાશ, ધુમ્ર, વાયુ, મેઘ-ઝાકળ જેવા બને છે. તેમની સાથે જોડાય છે. મેઘરૂપ બન્યા પછી, વર્ષારૂપે નીચે આવે છે. ત્યારબાદ તે ડાંગર, જવ, વનસ્પિતિ, ઔષધિ, તલ અને માસા વગેરેમાં જન્મે છે. તે રૂપોમાં રહ્યા પછી તેમનું તેમાંથી બહાર આવવું તે અઘરૂં થઈ પડે છે. છાંદોગ્ય ઉપનિષદ જણાવે છે કે જે કોઈ આ અન્ન (જીવાત્મા જેમાં સમાયેલો છે તેવું અન્ન) જમે છે અને પછી સર્જનનું કાર્ય કરે છે, તેમાં તે પુણ્યશાળી જીવ જન્મ લે છે.

નારદીય પુરાણમાં જણાવવામાં આવ્યું છે કે 'જે પુણ્યશાળી જીવો ઉપરથી નીચે ઉતરવાની શરૂઆત કરે છે અને માતાના ઉદરમાં સ્થાન પામે છે ત્યાં સુધીની તેની સમય. મર્યાદા એક વર્ષની હોય છે. ટૂંકમાં તેને એક વર્ષ લાગે છે કારણ કે તેને વિવિધ સ્થળે રખડવાનું હોય છે.' જે કુટુંબમાં તેનો જન્મ થવાનો હોય છે' તે કુટુંબના માણસો પણ તેના સંચિત કર્મોની સાથે કુદરતી રીતે જોડાયેલા હોય છે.

પુનર્જન્મની આ આખી યોજના બતાવવાનો હેતુ એ છે કે 'જે સર્વોત્તમ સુખ અને આનંદરૂપ છે, તે તો ફક્ત આત્મા જ છે.' તમારી શોધખોળનો વિષય તે જ (આત્મા) હોવો જોઈએ. આ સંસાર પ્રત્યે ઉપેક્ષા

એવી વિવેક અને વૈરાગ્ય વધારવાં જોઈએ. અને આમ કરી કેવળ મુક્તરૂપ આત્માના શાશ્વત સુખને મેળવવા માટે તમે તરત જ પ્રયત્ન કરતા થઈ જાવ.

હે મિત્ર ! જાગો. આંખો ખોલો. અવિદ્યાની ગાંઠો કાપો. શાશ્વત સુખની પ્રકાશ લહરીઓમાં ઊંચે ગતિ કરો.

કર્મ અને પુનર્જન્મ આ બે હિંદુશાસ્ત્ર તેમજ બૌદ્ધશાસ્ત્રના મોટા સ્થંભો છે. જે માણસ આ બે સત્યોમાં વિશ્વાસ ધરાવતો નથી, તે માણસ આ બન્ને ધર્મો સમજવા શક્તિશાળી બનશે નહિ. મૃત્યુ એ એક એવી ઘટના છે કે જે માણસના મનને ઊંડા વિચારમાં લઈ જાય છે. મૃત્યુનો અભ્યાસ કરવો એ તત્ત્વજ્ઞાનનો વિષય છે. ભારતના સર્વોત્તમ તત્ત્વજ્ઞાનનો આરંભ મૃત્યુની વિચારણામાંથી થાય છે. મૃત્યુ એ તો સત્યના ધ્યેયરૂપ બનેલ શાશ્વત બ્રહ્મની શોધ અને પ્રતીતિ માટેનું આહ્વાહન છે.

મૃત્યુ એ તો દેહની ફેર બદલી છે. હિંદુ ધર્મ પ્રમાણે મૃત્યુ એ તો નિરંતર ચાલુ રહેનાર અને નહીં અટકનાર એવી પ્રગતિ છે. જે કાંઈ ફેરફારો થઈ રહ્યા છે, તે તો આવરણોના અને ઉપરના શરીરના ફેરફારો છે. આત્મા તો અમર છે. જીવ પોતાના કર્મોને અનુસરી એક પછી બીજા આકારો ધારણ કરે છે. જીવાત્મા

અનુભવો મેળવવા માટે એક શરીરમાંથી બીજા શરીરમાં પસાર થતો હોય છે.

મૃત્યુ પછી જે જીવ શરીરમાંથી ચાલ્યો જાય છે તેને 'પ્રેત' એવી સંજ્ઞા મળે છે. આ પ્રેત દશ દિવસ સુધી પોતાનાં પ્રિય સ્થાનોમાં રખડતો હોય છે. આ દશ દિવસ સુધી તેના લિંગ શરીરને મસ્તક, આંખ તેમજ બીજા અવયવ મળી રહે છે. શ્રાદ્ધ-તર્પણ રૂપે મળેલું જળ તેમજ બીજી વસ્તુઓથી તેનું શરીર પોષાતું હોય છે. અગિયારમા દિવસે તે યમલોક તરફ પ્રયાણ કરતો હોય છે. આ માર્ગ વિકટ, નિરાશાથી ભરપૂર તેમજ બિહામણો હોય છે. માર્ગ પસાર કરતાં એક વર્ષ લાગે છે. વર્ષના અંતે ચિત્રગુપ્ત તેનાં જમા-ઉધાર કહી સંભળાવે છે. જીવાત્મા તેનો પ્રેતદેહ છોડી દે છે અને પિતૃઓમાં ભળી જાય છે. આ પૂર્વજોનાં પૂજન-અર્ચન એ હિંદુ ધર્મના મૌલિક સિદ્ધાંતોમાંની એક ઉત્તમ ભાવના છે. પિતા પિતામહ અને પ્રપિતામહ તેમજ માતા, માતામહ અને પ્રમાતામહ આમ ત્રણ પેઢી ગણાય છે. આ જીવાત્મા અહીં સુખેથી પોતાના પિતૃ-પૂર્વજો સાથે રહે છે.

આ યમલોકનો માર્ગ વિકટ અને બિહામણો છે. જો જીવાત્માએ દાન પુણ્ય કર્યાં હોય અગર તેના પુત્રોએ તેની પાછળ શ્રાદ્ધ તર્પણાદિ ક્રિયાઓ કરી હોય તો તેને તેના માર્ગમાં એટલી સુખ સગવડો

મળે છે, બાકી તેને ખૂબ કષ્ટ પડતું હોય છે. આથી જેણે શ્રાદ્ધ-તર્પણાદિ ક્રિયાઓ છોડી દીધી હોય તેણે આ ક્રિયાઓ ફરીથી શરૂ કરવી જોઈએ. સંવત્સરી, તર્પણ, શ્રાદ્ધ, પૂર્વજોનાં પૂજન વગેરે ક્રિયાઓ કરીને તમે તમારા પૂર્વજોના આશીર્વાદ મેળવો.

મરણ થતાં જ જીવાત્મા સ્થૂળ શરીર છોડી સૂક્ષ્મ શરીરનો આધાર લઈ બહાર જતો રહેતો હોય છે. જીવાત્મા અવાજ કરતાં હોય એમ તેને લાગે છે; કારણ કે પ્રાણ શક્તિના અંશો છૂટા પડતા હોય છે અને તેના દુ:ખોની લાગણી જીવાત્માને થતી હોય છે. આની અસહ્ય પીડાને લીધે તેની સ્મૃતિનો લોપ થઈ જાય છે. આ અંતકાળે જીવાત્માને પોતાનું ભલું કરવાનું કોઈ સાધન જ રહેતું નથી. આથી આપણે ચેતવું જોઈએ. અંત સમયે આચરી શકાય એવાં સાધનોના અભ્યાસ માટે અગાઉથી તૈયારી કરી રાખવી જોઈએ કારણ કે છેલ્લી ઘડીએ કશું જ યાદ આવતું નથી. તે વખતે તે ઈશ્વર સંબંધી કશું વિચારી શકતો નથી. મરણનાં કારણો અનેક હોય છે. માણસ સદા મૃત્યુના જડબામાં ફસાયેલો જ હોય છે, છતાં ય તે માને છે કે, ‘તે મૃત્યુમાંથી બચી જશે.’ અથવા ‘મૃત્યુ મોડું આવશે.’ જેમ એક માણસ સ્વપ્નમાંથી જાગરણમાં, જાગરણમાંથી સ્વપ્નમાં અને તેમાંથી પાછો ભર નિદ્રામાં એમ વારંવાર અવસ્થા બદલતો

હોય છે, તેવી જ રીતે સ્થૂળ શરીરનો સંગ છોડી જતો જીવાત્મા પોતાની પ્રાણ શક્તિ પ્રગટ કરવા માટે જ, તે જીવાત્મા જે માર્ગેથી આવ્યો હોય તે જ માર્ગે અનેક વિશેષ શરીરોમાં પાછો આવે છે. ભૂતકાળમાં પણ તેણે શરીરો બદલ્યાં હતાં ભવિષ્યમાં પણ તે શરીરો બદલશે. ભૂતકાળનાં કાર્યો, જ્ઞાન, વગેરેને આધારે જીવાત્મા જન્મ લેતો હોય છે. શતપથ બ્રાહ્મણ અનુસાર 'માણસ તે શરીરમાં જન્મ લે છે કે જે શરીર તેના પોતાના માટે બનાવ્યું હોય.'

શરીરનો ત્યાગ કરતો જીવાત્મા રાજા જેવો છે. જ્યારે જીવાત્મા છૂટો પડવાનો હોય છે ત્યારે ઇન્દ્રાદિ દેવો તે જીવાત્માને અનુરૂપ યોગ્ય સૂક્ષ્મ શરીર તૈયાર કરે છે અને તે શરીર દ્વારા જીવાત્મા કર્મનાં ફળ ભોગવે છે.

મરણનો સમય આવે છે ત્યારે જીવાત્મા આ શરીર અને તેની ઇન્દ્રિયોને સંપૂર્ણ પણે છોડી દેતો હોય છે. તેની ઇન્દ્રિયો કામ કરતી અટકી જાય છે. તે ચૈતન્ય ગુમાવી બેસે છે. ઇન્દ્રિયો તેમનાં મૂળ કારણોમાં ચાલી જાય છે. મરણ થતાની સાથે જ બધી ઇન્દ્રિયો સંપૂર્ણ રીતે હૃદયમાં લીન થઈ જાય છે. એ હૃદયને જ કમળ કે પછી હૃદયનું આકાશ કહેવામાં આવે છે. માણસ નિદ્રામાં હોય ત્યારે ઇન્દ્રિયો સંપૂર્ણ રીતે હૃદયમાં વિલીન થઈ જતી નથી, મૃત્યુ અને

નિદ્રામાં એટલો જ ફેર છે. તે સમજ શક્તિ અને સ્મૃતિ ગૂમાવી બેસે છે. તેને બહારનું જગત શૂન્ય ભાસે છે.

સૂક્ષ્મ શરીર એ આત્માનું મર્યાદિત સાધન છે. સૂક્ષ્મ શરીરનો આધાર લઈને જ આત્મા સાપેક્ષ સત્તામાં પ્રગટ થાય છે, અને આ રીતે આત્મા જન્મ-મરણના ફેરા ફર્યા કરે છે.

જીવાત્માએ કરેલાં કર્મો પ્રમાણે શરીરને છોડીને જવા માટે તેના માર્ગો હોય છે. જે જીવાત્માને હિરણ્યગર્ભના લોકમાં જવાનું હોય તે જીવાત્મા મસ્તક દ્વારા શરીર છોડી દે છે. જેને સૂર્યલોક તરફ જવાનું હોય તે આંખ દ્વારા શરીર છોડી દે છે. આ રીતે ભૂતકાળનાં કાર્યો અને અનુભવો દ્વારા જીવાત્મા શરીરને જુદા જુદા માર્ગોથી છોડી દે છે.

મરણની દશામાં જીવાત્માને ભૂતકાળનાં કાર્યોની સ્વતંત્ર સ્મૃતિ હોતી નથી. પરંતુ આછી સ્મૃતિ હોય છે. સંસ્કારોની સ્મૃતિને આધારે જીવાત્મા અમુક પ્રકારનો દેહ ધારણ કરતો હોય છે. જે આત્માઓ કર્મમુક્તિ ચાહતા હોય તેઓએ ખૂબ જ સાવધ રહેવું જોઈએ. તેમણે પોતાના જીવનકાળ દરમ્યાન યોગની ક્રિયાઓ કરવામાં, અનુભવ જ્ઞાન મેળવવામાં તેમ જ સારા ગુણને પ્રાપ્ત કરવામાં ખૂબ જ સાવધાન રહેવું જોઈએ.

આ જન્મમાં સારી તાલીમ ન મળી હોય છતાં ય (ક્યારે ક તો બાળપણમાં જ) અમુક ઇન્દ્રિયો અમુક કાર્યો કરવામાં ખૂબ કુશળતા ધરાવે છે તેનું કારણ તે જીવાત્માના ગત જન્મના અનુભવો જ હોઈ શકે. વળી એક વ્યક્તિગત જીવાત્મા ભવિષ્યમાં કેવો જન્મ લેશે તેનો આધાર જ્ઞાન, કર્મ અને ભૂતકાળના અનુભવો પર રહેલો છે. પોતાની ઇચ્છા પ્રમાણે મનગમતા ભોગો ભોગવવા માટે અને તેને અનુકૂળ દેહ મેળવવા માટે દરેક માણસે સારા ગુણો કેળવવા જોઈએ.

સ્વાભાવિક રીતે ઇન્દ્રિયો સર્વવ્યાપક છે. અનંત છે. તો પણ જે નવું શરીર બને છે તેનો આધાર માનવનાં કાર્યો, જ્ઞાન અને ભૂતકાળના અનુભવો પર રહેલો છે.

જેવી રીતે સોની સોનાનો એક નાનો ટુકડો લે છે તેને ઘડીને નવો સુંદર આકાર આપે છે; એવી જ રીતે જીવાત્મા આ શરીરને છોડી દે છે, તેને બેભાન બનાવે છે, અને પછી યોગ્ય ભોગ ભોગવવા માટે નવા સુંદર આકારને ધારણ કરે છે.

પુનર્જન્મનું મૂળ કારણ વાસના (ઇચ્છા) ગણાય છે. વાસનાના સંગને કારણે વ્યક્તિગત જીવાત્મા તે પરિણામ મેળવે છે. જેને જન્મ લેવો હોય તેને કર્મ કરવાં પડે છે; પરંતુ જેને જન્મ લેવો નથી તેને

વાસનાઓ પણ રાખવાની હોતી નથી. તેની ઇન્દ્રિયો બ્રહ્મરૂપ બની જતી હોવાથી, તે બ્રહ્મને છોડીને જતી નથી. તે બ્રહ્મમાં લીન બની જાય છે. મુંડક ઉપનિષદ કહે છે, 'જેણે પોતાની ઇચ્છા પ્રમાણેના બધા પદાર્થો સંપૂર્ણ રીતે મેળવી લીધા છે, અને જેણે આત્માનાં દર્શન કરી લીધાં છે, તેની બધી ઇચ્છાઓ આત્મામાં વિલીન બની જાય છે.'

જ્યારે જીવાત્મા એક શરીરમાંથી બીજા શરીરમાં જતો હોય છે ત્યારે તે સૂક્ષ્મ શરીરની તન્માત્રાઓ સાથે વીંટળાએલો હોય છે. આ સૂક્ષ્મ શરીર નવા શરીરનું બીજ હોય છે. જે જીવાત્મા પુણ્યકર્મનાં ફળ ભોગવવા ચંદ્ર લોકમાં ગયો હોય છે, તે જ જીવાત્માને બાકી રહેલાં સારાં-નરસાં સંચિત કર્મોને ભોગવવા પૃથ્વી પર પાછા આવવું પડે છે. જો આ રીતે આપણે આવાગમનનો સ્વીકાર ન કરીએ તો નવજાત બાળકનાં સુખ દુઃખનો ખુલાસો કેવી રીતે આપી શકીએ?

'એક જ જન્મમાં પાછલા જન્મનાં બધાં જ કર્મોની પૂર્તિ થઈ જાય છે.' એ બાબત શક્ય નથી. માણસે સારાં-નરસાં બન્ને પ્રકારનાં કર્મો કર્યાં હોવાથી તેને બન્ને પ્રકારનાં ફળ ભોગવવાનાં હોય છે. આથી આ બધું એક જન્મમાં પતે નહિ. જો કે સારાં કર્મોનાં ફળની ભોગવણી તો એક જ વખતે થઈ જાય છે; છતાં બીજા સંચિત કર્મોને લીધે માનવ ફરીથી

સારા-નરસા વાતાવરણમાં જન્મ લે છે. વળી કેટલીકવાર બ્રહ્મહત્યા જેવાં પાપો હોય તો તેની ભોગવણી માટે કેટલાય જન્મો લેવા પડતા હોય છે.

ઉત્તર માર્ગ કે દેવ માર્ગ, કે જેને પ્રકાશનો માર્ગ પણ કહેવામાં આવે છે; એ માર્ગે યોગીઓ બ્રહ્મ તરફ જતા હોય છે. કેવળ ઉપાસકો માટે જ આ માર્ગ ખૂલ્લો છે. પિતૃયાન માર્ગ અંધકારનો માર્ગ છે. યજ્ઞયાગાદિ કરનારા, દાનપુણ્યો કરનારા તથા પુણ્યશાળી જીવો આ માર્ગે જાય છે. આ આખો માર્ગ ધુમાડાનો છે. આ માર્ગે કાળા વર્ણના પદાર્થો હોય છે. આ માર્ગે પ્રકાશ હોતો નથી. આ લોકો અવિદ્યા કે અંધકારમાંથી પસાર થાય છે. આથી જ આ માર્ગને અંધકારનો કે ધુમાડાનો માર્ગ કહેવાય છે. આ માર્ગે જનારાનાં પુણ્યો પૂરાં થતાં તેમને ફરીથી પાછા પૃથ્વી પર આવવું પડે છે.

આ બન્ને માર્ગો મર્યાદિત છે. બધા માટે ખુલ્લા નથી. ઉપાસકો માટે પ્રકાશનો માર્ગ ખુલ્લો છે. કર્મ કરનારાઓ માટે અંધકારનો માર્ગ ખુલ્લો છે. આ બન્ને માર્ગો નિરંતર ચાલુ જ હોય છે.

જેમણે આત્માનું જ્ઞાન મેળવી લીધું છે એવા જીવનમુક્ત પુરુષોના પ્રાણ છૂટા ન પડતાં બ્રહ્મની અંદર વિલીન થઈ જાય છે. કૈવલ્ય મોક્ષ પ્રાપ્ત કરેલ

લોકો માટે આગળ જવા કે પાછળ ફરવા કોઈ લોક હોતો નથી. સર્વવ્યાપક બ્રહ્મની સાથે તે એક બની જાય છે.

દેવયાન અને પિતૃયાન માર્ગોનાં લક્ષણો જાણીને યોગી પોતાની વિવેક બુદ્ધિ ગુમાવતો નથી. તેમ જ મોહ પામતો નથી. આ બન્ને માર્ગોનું જ્ઞાન યોગીને પળેપળે જીવનના ધ્યેય માટે માર્ગદર્શક બની રહે છે.

૦ ૦ ૦

## પ્રકરણ ૩ 'મૃત્યુ પછી આત્મા'

મૃત્યુ પછી આત્મા હેમિસ્તકેન નામના એક મધ્યમ લોકમાં જાય છે. આ લોક ખ્રિસ્તી ધર્મના પરગેટરી સાથે મળતો આવે છે. સદાચારી આત્માને એક સુંદર અપ્સરા મળે છે. આ અપ્સરા આત્માના પવિત્ર વિચારો, પવિત્ર શબ્દો અને પવિત્ર કાર્યોનું પ્રતીક હોય છે. આ સદાચારી આત્મા ચિન્વતપૂલ ઓળંગી જાય છે. અને ત્યાંથી સ્વર્ગે જાય છે. સદાચારી આત્માને આ પૂલ સરળ માર્ગ સરળ કરી આપે છે.

દુરાચારી આત્માને એક ખરાબ મરઘી મળે છે. આ મરઘી તેના દુષ્ટ વિચારો, દુષ્ટ શબ્દો અને દુષ્ટ કાર્યોનું પ્રતીક છે. આ આત્મા ચિન્વત પૂલ ઓળંગી શકતો નથી. તેથી તે અગ્નિ કે નરકમાં પડી જાય છે. દુરાચારીઓ માટે આ પૂલ તલવારની ધાર જેવો તીક્ષ્ણ હોય છે, તેમજ સાંકડો હોય છે.

મૃતાત્મા ત્રણ દિવસ સુધી ઘરમાં ભટકે છે. અહીં તેણે તેના અંતિમ દિવસો ગાળ્યા હોય છે. આ ખંડમાં ઉસ્તવૈતીગાથા ગાવામાં આવે છે. 'જેને અહુરમઝ્ડ મુક્તિ આપશે, તે આત્મા સુખી છે.' આ પ્રાર્થનાનો અર્થ છે. આ ખંડમાં ચાર દિવસ સુધી બીજી ધાર્મિક વિધિઓ કરવામાં આવે છે.

ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે,

'હે અર્જુન, વ્યક્તિગત આત્મા તેમજ સનાતન આત્મા એ મારા અંશો છે. જ્યારે જીવાત્મા દેહનો ત્યાગ કરે છે ત્યારે પોતાના સૂક્ષ્મ શરીરની સાથે પંચેન્દ્રિયો તથા મન સાથે આગળ યાત્રા શરૂ કરે છે. ઇન્દ્રિયોનું સ્થાન પ્રકૃતિ છે. આથી અલગ રહેલો એક પુરુષ તે પરમાત્મા તરીકે ઓળખાય છે. જીવાત્મા સૂક્ષ્મદેહ ધારણ કરે છે અને સ્થૂલ દેહ છોડી દે છે, વળી તે સ્થૂલ દેહ ધારણ કરી ઇન્દ્રિનયો ગુણોની સાથે સંબંધમાં આવીને ભોગ ભોગવે છે. જ્ઞાનીજનો વિવિધ સ્થિતિમાં રહેલા આત્માનાં દર્શન કરે છે. 'આ વિશ્વમાં ક્ષર અને અક્ષર એવા બે પુરુષો છે. ક્ષર વિનાશી છે, તો અક્ષર અવિનાશી. આ બન્ને પુરુષો કરતાં ય જુદો રહેલો એક ત્રીજો પુરુષ છે. તે ઉત્તમ પુરુષ છે. તે પોતે અવ્યય, અવિનાશી બનીને આ ત્રણે લોકનાં પાલન પોષણ કરે છે. હું આ ઉપલી કક્ષામાં

રહું છું. હું ઉત્તમ છું. આના કારણે જ ઋષિમુનિઓ તેમજ સર્વશાસ્ત્રો મને ઉત્તમ પુરુષ તરીકે જાણે છે.

અગ્નિ, જ્યોતિ, દિવસ, શુક્લપક્ષ અને ઉત્તરાયણના છ માસ દરમ્યાન જે જ્ઞાનીજનો ગમન કરે છે તે અવિનાશી ગતિને પામે છે.

ધૂમ, રાત્રિ, કૃષ્ણપક્ષ અને દક્ષિણાયનના છ માસના સમય દરમ્યાન યોગીજનો ચંદ્રલોક પ્રાપ્ત કરે છે અને ત્યાંના પુણ્ય કર્મો ભોગવાઈ જતાં પૃથ્વી પર પાછા ફરે છે, જગતના અંતઃકાળ સુધી આ બે માર્ગો પ્રકાશ અને અંધકારના માર્ગો કહેવાય છે. પ્રકાશના માર્ગે જનારા પૃથ્વીલોક પર પાછા આવતા નથી.'

સરસ્વતી દેવી લીલાદેવીને સમજાવતાં કહે છે, 'અહીંથી જતા જીવો ત્રણ પ્રકારના છે. અજ્ઞાનીઓ, યોગીઓ અને ધાર્મિકો. યોગીઓ પોતાનાં શરીર છોડી દીધા પછી પણ મન ફાવે તેવી રીતે ગતિ કરી શકે છે. અજ્ઞાની જનોને મૃત્યુનાં દુઃખો અને દંડો ભોગવવાના હોય છે. આપણે આપણી કામનાઓ અને વાસનાઓ પર વિજય મેળવીએ ત્યારે આપણને આપણા આત્માનું સાચું જ્ઞાન થાય છે.

અસંયમી મન મરણની દશા આવી પહોંચતાં અગ્નિ જેવી ધધકતી કામનાઓથી પોતાની જાતને સંતાપમાં નાખી દે છે. બુદ્ધિની મંદતા અનુભવે છે.

દુઃખો સાકાર બની સામે ઊભાં રહે છે. આખું વાતાવરણ ભમતું લાગે છે. તેને લાગે છે કે તે આકાશમાંથી પડી રહ્યો છે કે અંધકારના ખાડામાં ફેંકાઈ ગયો છે, કે પર્વતની ટોચ પરથી ખીણમાં ફેંકાઈ ગયો છે. આકાશમાં તણખલાની જેમ પોતાને ઊડતો જોઈ શકે છે. તેને બધું ચક્કર ચક્કર ભમતું લાગે છે. દિશાઓનું ભાન હરાઈ જાય છે. મન વિચાર શક્તિ ગુમાવી બેઠું હોય છે. પ્રાણ અટકી જાય છે. હલનચલન બંધ થઈ જાય છે. અને આ રીતે દેહ છૂટતો હોય છે. મગજનાં જ્ઞાનતંતુઓ નબળા પડે છે. વિષમ જ્વર પણ છેવટની કક્ષાએ પહોંચે છે. શરીર પથ્થરની જેમ સખત બની જાય છે,

આ બધી વિગતો તેને તેના સ્વજનોને કહેવાતી નથી. તેને કહેવાની ખૂબ ઇચ્છા હોય છે પણ જાણે કોઈ તેને તેમનાથી દૂર લઈ જતું હોય તેમ તેને લાગે છે.

મૃત્યુ પછીની દશાને ટૂંકમાં કહેવી હોય તો 'સર્વ અને શૂન્ય' કહેવાય. અલૌકિક જ્ઞાન એટલે કે અનુભવ સંભવી શકે છે, તે અનુભવની મર્યાદાઓ ઓળંગીને રહેલું જ્ઞાન. આ જ્ઞાન વસ્તુઓનાં પોતાના સ્વભાવમાં રહેલી જે બાબતો છે, તેના સ્વભાવનો નિર્ણય કરી આપે છે. બીજી બાજુએ વસ્તુઓની મર્યાદાની અંદર રહેલું જે જ્ઞાન છે, તેને મર્યાદિત

જ્ઞાન કહેવામાં આવે છે. મર્યાદાની ગણત્રી પ્રમાણે તમે વ્યક્તિ છો. મૃત્યુ એ તમારો અંશ ગણાશે. પરંતુ તમારું વ્યક્તિપણું તે તમારો સાચો અને આંતરિક જીવાત્મા ગણાશે નહિ. આ વ્યક્તિપણું તો જીવાત્માનો બહારનો આવિષ્કાર છે. તે વ્યક્તિ પોતે પોતાની વસ્તુ ગણાશે નહિ; પરંતુ કાળના આકારમાં જેની રજુઆત થઈ છે તેવું કેવળ બહારનું દૃશ્ય જ ગણાશે. તેની સાથે આદિ અને અંત જોડાયેલાં રહેશે. પણ તમારો જે વાસ્તવિક આત્મા છે, તે તો કાળથી પર છે. તેને આદિ–અંતની મર્યાદાઓ છે જ નહિ. તે દરેકમાં રહેલો છે. કોઈ તેનાથી અલગ રહી શકતો નથી. જ્યારે મૃત્યુ આવે છે ત્યારે તમે વ્યક્તિ તરીકે અંતર્ધ્યાન થઈ જાવ છો; પરંતુ બીજી બાજુએ તમે પોતે સત્તા ધરાવો છો. તમારું જીવન કાળની મર્યાદામાં આવેલું છે પણ તમારો આત્મા અવિનાશી છે. શાશ્વત છે. 'સર્વ અને શૂન્ય'નો કહેવાનો આ જ ભાવાર્થ છે.

મૃત્યુ એ લગભગ મૂર્ચ્છિત દશા જેવું છે. માણસને મૂર્ચ્છાની સ્થિતિમાં સમયનું ભાન હોતું નથી. તે ભાનમાં આવે ત્યારે તેને જે કહેવામાં આવે તે તેને સાચું માનવું જ પડે. મૃત્યુ બાબતમાં પણ આ જ બની શકે. જે ચમત્કારિક બળવાન સત્તા તમને ચાલુ દશામાં જીવંત રાખે છે તે જ ચમત્કારિક

બળવાન સત્તા મૂર્ચ્છા અને મૃત્યુ દશામાં જીવંત રાખે છે.

'હું છું.', 'હું રહેવા માગું છું.' — આ વાત બધા જ કહેતા હોય છે. આ પરથી એવું તારણ કાઢી શકાય કે, આ એક વ્યક્તિની ઇચ્છા નથી; પરંતુ સત્તાની ઇચ્છા છે. જે કોઈ ચીજની સત્તા રહેલી છે; તેની બધાની મૂળગત બાબત છે. જે કાંઈ ટકી રહ્યું છે તે બધાનું મૂળ કારણ છે. આ ઇચ્છા કોઈ હલકી બાબતથી સંતોષી શકાશે નહિ. આ સામાન્ય સત્તા કોઈ અમુક નિશ્ચિત કરેલી વ્યક્તિગત સત્તા નથી. એ તેનું લક્ષ્ય નથી; છતાંય લાગ્યા કરે છે કે આ પ્રકારની સત્તા વ્યક્તિની સત્તા સાથે સંબંધ ધરાવે છે. અહીં આભાસ રહેલો છે. દરેક વ્યક્તિને પોતાની સત્તા માટે જબરજસ્ત કામના રહેલી છે. આ ઇચ્છા વાસ્તવિક અને પ્રેરણાદાયી છે. સર્વ ચીજોમાં સમાન રીતે વહેંચાયેલી છે—સમાન ભાવે રહેલી છે. આમ સત્તા હોવી એ એક મુક્ત કાર્ય બની રહ્યું છે. જ્યાં જ્યાં સત્તા રહેલી છે ત્યાં ત્યાં ઇચ્છા રહેલી છે અને આ ઇચ્છા વ્યક્તિત્વ માટે દરકાર કરતી નથી. વ્યક્તિત્વનું હોવું તે તેનું કાર્ય નથી. વ્યકિતત્વને પોતાના પુરતો સંબંધ હોય છે એટલે ઇચ્છાના ચૈતન્ય સાથે સીધો સંબંધ નથી. પરિણામ એ આવે છે કે વ્યકિત તેની સત્તા સાચવવા પૂરતી જ દરકાર કરે છે. આમ વ્યકિતપણું સંપૂર્ણતાનું કોઈ સ્વરૂપ લાગતું નથી;

પરંતુ તે મર્યાદાનું સ્વરૂપ છે. અને આથી જ વ્યક્તિને મર્યાદામાંથી મુક્ત કરવી તે કોઈ હાનિ નથી; પરંતુ લાભ છે. ચીજની બાબતમાં તમે વધુ પડતા દુઃખી ના થાવ. 'તમે કોણ છો?' એ વાત જાણી લો. 'તમારી સત્તા' જાણી લો. વિશ્વમાં વ્યાપક બનેલી ભાવના 'બધાને જીવવું છે.' એ વાત સમજી લો. બસ પછી કોઈ પ્રશ્ન ઊભો થશે નહિ.

એક માણસની અંતિમ ઇચ્છા તેની ભવિષ્યની કારકીર્દીને ઘડે છે. ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, 'માણસ અંતકાળે જે જે પદાર્થને યાદ કરતો શરીર છોડે છે, તેને જ તે પામે છે. કારણ કે હંમેશા તે પદાર્થની ભાવનાવાળો તે હોય છે.' અજામીલે અંત સમયે પોતાના પુત્રનું નામ 'નારાયણ' લીધું તો તે વૈકુંઠમાં ગયો. શિશુ-પાલ અંત સમયે શ્રીકૃષ્ણમાં સમાયો. ભગવાન કહે છે કે, 'પરમ ઉત્કૃષ્ટ સિદ્ધિ પામેલા મને પામી પુનર્જન્મ પામતા નથી. પરંતુ બ્રહ્મલોક સુધીના જે લોક છે તે લોકને પામી જીવાત્માઓએ ફરીથી પૃથ્વી પર આવવાનું છે.

માણસ સાંસારિક સુખોમાં રચ્યોપચ્યો રહ્યો હોય છે, છતાંય જો તે ધીરે ધીરે ઈશ્વરમાં ધ્યાન જોડવા પ્રયત્ન કરે તો અંતકાળે ભગવાન વિષે તેની જરૂર બુદ્ધિ થાય છે. 'ભગવાનના જે સ્વરૂપનું તે વર્ણન કરે છે, સ્મરણ કરે છે. તે સ્વરૂપને

તે પામે છે. તેમાં તું શંકા કરીશ નહિ.' એમ ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે; પરંતુ આ માટે નિયમિત સાધના કરવી પડે. આ પ્રકારનો અભ્યાસ એકાદ બે દિવસ, અઠવાડિયું, પંદર દિવસ કે એકાદ મહિનાના અભ્યાસથી થઈ શકે નહિ ! તેના માટે તો જીવનભરનો સતત અને એકધારો પ્રયત્ન (અભ્યાસ) જોઈએ.

શરીરનો દેખાવ અને વ્યકિતપણું એ બેમાં તફાવત રહેલો છે. ઘણા એમ માને છે કે, શરીરનો દેખાવ તે વ્યકિત વિશેષ છે અને વ્યકિત વિશેષ છે તે શરીરનો દેખાવ છે. માણસના શરીરને માણસના શરીરથી કે બીજી ચીજથી અલગ પાડવામાં આવે છે. તેને શરીરનો દેખાવ Persanolity કહેવામાં આવે છે. લોકવ્યવહારમાં તેનો સંબંધ શરીર સાથે હોય છે. માણસે જીવનમાં સફળતા મેળવવા માટે Persanolity કેળવવી જોઈએ. ભૂખ, તરસ, શરીરનું સૌંદર્ય, રૂપ-રંગ વ્યવસાય, ઊંચાઈ, કદ, ગુસ્સો તેમજ શરીર વિષેના બધા મર્યાદિત ધર્મોને Persanolity કહેવાય છે. આ મૂળ લેટીન શબ્દ છે. તેનો અર્થ શરીરનો બહારનો દેખાવ થાય છે.

મૃત્યુ માણસની પર્સનાલીટીનો (દેહનો) નાશ કરે છે; પરંતુ તેના વ્યકિતત્વનો નાશ કરી શકતું નથી. વ્યકિતત્વ શરીર મર્યાદાથી પર છે. એ તમારી અહંવૃત્તિનો વિષય છે. પર્સનાલીટીમાં ફેરફાર થાય છે.

પણ વ્યક્તિત્વમાં ફેરફાર થતો નથી. મરણ થયા પછી તમે તમારી અહંવૃત્તિને તમારી સાથે જ લઈ જાવ છો.

ધ્યાન ધારણાથી નિર્વિકલ્પ સમાધિની ક્રિયાઓથી તમે તમારી અહંવૃત્તિને સર્વોત્તમ પરબ્રહ્મ પરમાત્મામાં એક કરી નાખો તો તમે તમારી અહંવૃત્તિને ભૂલી જાવ તેમ છો. પરબ્રહ્મનું જ્ઞાન પ્રાપ્ત થયા પછી ભેદભાવના ખ્યાલો નાશ પામી જાય છે, ત્યારે આ વ્યક્તિત્વ પણ અનંત અને વિશ્વવ્યાપી એવા પરબ્રહ્મની સાથે એકરૂપ થઈ જાય છે.

ઇજીપ્સીઅનો શરીર અને આત્માની બાબતમાં (Double) તરીકે માને છે. જેમ દેહને પડછાયો હોય છે તેમ શરીરને આત્મા હોય છે. જ્યાં સુધી શરીર રહે છે ત્યાં સુધી આ ડબલ આત્મા પણ તેની સાથે જ રહે છે. જો શરીરમાં કોઈ એક ભાગને ઇજા પહોંચે તો આ ડબલ આત્માને ઇજા પહોંચે છે. જો મરેલાનું શબ નાશ પામે તો તે આત્મા પણ જરૂર નાશ પામે! શરીરથી છૂટો પડેલો આત્મા અમર રહે એ ભાવનાથી તે લોકો મરેલાના શરીરને લાંબો વખત સુધી સાચવવા પ્રયત્ન કરતા હોય છે. આ શબને 'મમી' કહેવાય છે. મૃત્યુ થયા પછી તે આત્મા પૃથ્વી પર બધે જ છૂટથી ફરતો હોય છે, પણ ભૂખ કે તરસને સંતોષવા માટે તે આત્મા શબ પાસે આવતો હોય છે.

ઓલ્ડ્રીઅન લોકો પણ Double આત્મામાં માનતા હોય છે. તે લોકો એવી આશા સેવે છે કે 'જે દેહ મરણ પામ્યો છે તે પુનર્જીવન ધારણ કરશે.' આ સ્થૂલ શરીર સિવાયની કોઈ દશા માનવા તેઓ તૈયાર નથી. થોડા ખ્રિસ્તી લોકો પણ શબના પુનર્જીવનને માનતા હોય છે; અને આથી તેઓ શબને બાળી ન દેતાં દાટી દે છે—સુરક્ષિત રાખે છે.

શરીરથી વિખૂટો પડેલો આત્મા ફરીથી જીવન જીવવાનું મળે તે માટે સદા ઝંખતો હોય છે. પોતાની ઇચ્છાઓ પરિપૂર્ણ કરવા માટે તે આત્મા સ્થૂલ શરીરમાં પ્રવેશ કરવાની ઇચ્છા રાખતો હોય છે. પણ... આત્મા શરીર છોડયા પછી તેની આજુબાજુ એક પળ માટે પણ ભમ્યા કરે તેમ હિંદુઓ માનતા નથી.

મરેલાના આત્માઓ સ્થૂલ પૃથ્વીની સાથે બંધાએલા રહે તેમ હિંદુઓ ઇચ્છતા નથી. તેઓ તો ઇચ્છે છે કે, 'આ આત્માઓ પોતાના સુખધામ તરફ ઘણી જ જલ્દી ગતિ કરીને પહોંચી જાય.' અને આ એક જ કારણને લઈ હિંદુઓ મરેલાં શરીરોને બાળી મૂકતા હોય છે.

ооо

# પ્રકરણ ૪ પુનર્જન્મનો સિદ્ધાંત

હિંદુ ધર્મ અને બૌદ્ધ ધર્મનો પાયો પુનર્જન્મના સિદ્ધાંતમાં રહેલો છે. ઇમર્સન, પ્લેટો, પાયથાગોરસ વગેરે પુનર્જન્મને માને છે. ગ્રીકોએ તત્ત્વજ્ઞાનના મુખ્ય સિદ્ધાંત તરીકે તેનો સ્વીકાર કર્યો છે.

પાર્થિવ જીવનની સાથે માણસની વળગી રહેવાની જે આસક્તિ છે તે જ બતાવી આપે છે કે ભૂતકાળમાં તેના જન્મો થયા હશે. અર્થાત્ આ બાબતમાં ભૂતકાળના અનુભવ અને સત્તા રહેલાં છે. અને આ જ બાબત ભવિષ્યનું પણ જીવન રહેલું છે એમ સાબિત કરી આપે છે. માનવ તેના આ જીવનને સંપૂર્ણ રીતે રીતે અને દૃઢતાથી ચાહે છે. તેના ભવિષ્યના જીવનને મેળવવાની પણ ભાવના રહેલી છે.

કેટલાક જીવો જન્મ લે છે અને થોડા સમયમાં મરી જાય છે. કેટલાક જીવો ગર્ભાશયમાં મરી જાય છે. કેટલાક જીવો અઠવાડિયું, મહિના કે વરસ સુધી જીવી મરણ પામે છે, તો કેટલાક વર્ષો સુધી જીવે છે. આ શું કોઈ અકસ્માત છે? કે નિશ્ચિત યોજના? આ બાબતમાં એક કાયદો છે. તેને કારણ અને કર્મનો કાયદો કહેવામાં આવે છે. આ કાયદો જીવન અને

મૃત્યુના નિયમન કરે છે. આ કાયદો નિર્દય હોવા ઉપરાંત સર્વ રીતે સત્તાવાન છે. ઇશ્વર કોઈ પણ પ્રાણીને દંડતો નથી; માણસ પોતાનાં કર્મનાં ફળ પોતે રોપે છે.. કાર્ય કારણનો કાયદો—કર્મનો કાયદો દરેકની ઉપર કામ ચલાવે છે. માણસ પોતાનાં સારાં કાર્યોથી સુખ સગવડનો પાક તૈયાર કરે છે. તેમ જ ખરાબ કાર્યોથી માણસ દુઃખ અને રોગ તેમ જ સંપત્તિનાશની પીડા ભોગવે છે.

માણસને જે કાંઈ પ્રેરણા થાય છે, તે તેના ભૂતકાળના અનુભવોનું પરિણામ છે. હિંદુઓએ આ પ્રેરણાના બળ પર જ પુનર્જન્મના ઘણા મુખ્ય સિદ્ધાંતોમાંના એક સિદ્ધાંતનું સ્થાપન કરેલું છે. ભૂતકાળમાં બનેલા બનાવોના સંસ્કાર તેના ચિત્તમાં સુષુપ્ત રીતે રહેલા છે. માણસ દુઃખથી ગભરાય છે તેનું કારણ દુઃખ વિષેના તેના ભૂતકાળના સંસ્કારો જ છે.

પહેલી નજરે કોઈને વિષે પ્રેમ જાગે; તેનાં પૂર્વના જન્મની અમુક ખાસ પ્રકારની લાગણી પણ સાથે લેવામાં આવે છે. આ બે જીવો પરસ્પર ચાહતા હતા તે જીવો આ બાબતને યાદ રાખે છે. આમાં (પરસ્પરના પ્રેમમાં) પ્રેમ એ ફકત જાતીય આકર્ષણ નથી હોતું. આ પ્રેમ ભાગ્યે જ તૂટી જતો હોય છે. ભગવાન બુદ્ધે પોતાની પત્નીને જણાવ્યું હતું, ‘પૂર્વજન્મમાં પણ તું મારી પર મમતા રાખતી

હતી.' શૂન્યમાંથી કશું પ્રગટી શકતું નથી. સત્તારહિત અસત્‌માંથી કાંઈ સત્ય પ્રગટી શકતું નથી. વિજ્ઞાન શાસ્ત્રનો આ મૌલિક સિદ્ધાંત છે. તમે શૂન્યમાંથી પ્રગટ થયા નથી. તમારી સંસારમાં રહેલી સત્તાનું કારણ અહીં છે. કોઈ બુદ્ધિશાળી તો કોઈ મંદબુદ્ધિ, રોગી કે નિરોગી, ધનવાન કે ગરીબ આ બધી બાબતો માટે ચોક્કસ કારણો રહેલાં છે.

કારણ તે કાર્યની અપ્રગટ દશા છે, કાર્ય તે કારણની પ્રગટ દશા છે. વૃક્ષ બીજની અંદર અદૃશ્ય રૂપે રહેલું છે; તેવી જ રીતે માનવીનું આખું સ્વરૂપ વીર્યના એક બિંદુમાં અદૃશ્ય રૂપે રહેલું છે. વીર્યના એક કોમળ બિંદુમાંથી સર્વ પ્રકારનાં અંગો અને અવયવોવાળું માનવસ્વરૂપ ઘડાય છે આ કેવું આશ્ચર્ય છે.

આ સ્થૂલ શરીરની અંદર સૂક્ષ્મ શરીર રહેલું છે. સ્થૂલ શરીર મરણ પામતાં આ સૂક્ષ્મ શરીર પોતાના સંસ્કારો અને લાગણીઓ સાથે બહાર નીકળી જાય છે. આ સૂક્ષ્મ શરીર નરી આંખે જોઈ શકાતું નથી. આ સૂક્ષ્મ શરીર ફરી પાછું સ્થૂળ શરીરમાં પ્રગટ થાય છે. આમ સૂક્ષ્મ શરીરના આકરનું સ્થૂલ શરીરમાં ફરીથી પ્રગટ થવું તે ક્રિયાને પુનર્જન્મનો નિયમ કહેવામાં આવે છે. તમે આ કાયદાનો નિષેધ કરી શકો છો. પણ કાયદો તે કાયદો જ છે! તેનો તમે સ્વીકાર કરો કે ન કરો તો પણ એ તો અમલમાં આવે જ છે

અનુભવોને લીધે તમને તમારી સમજણ મળે છે. દરેક બાળક અમુક પ્રકારની ટેવો અને આદતો લઈ જન્મતો હોય છે; જે આદતો તેના પહેલાંના સભાન રીતે કરાયેલાં કાર્યોને લીધે ઊતરી આવેલી છે. કોઈ બાળક સરસ રીતે પીઆનો વગાડી શકે છે. કોઈ વેદપાઠ કરી શકે છે. કોઈ ગીતા—રામાયણ પર પ્રવચનો આપે છે. આ બધાનું કારણ તેમની ભૂતકાળની આદતો આપી શકાય. આ પ્રકારની બુદ્ધિની વિશેષતાઓ એક જન્મમાં મળી જતી નથી. તેમના પહેલાંના જન્મોમાં આ પ્રકારની બુદ્ધિઓ તેમને મળેલી હોય છે. કોઈ પણ બાળક પોતાના ખાલી મન સાથે જન્મતું નથી. આનુવંશિક પરંપરા બુદ્ધિઓની વિશેષતામાં રહેલી આ પ્રકારની વિષમતાઓ અને અસમાતાઓ વિષે ખુલાસાઓ નહિ આપી શકે. સ્વભાવગત ટેવો એ ભૂતકાળનાં કાર્યોનાં પરિણામ છે. આ બાબતો વંશપરંપરાને લીધે આવતી નથી. બુદ્ધિની વિશેષતાઓએ ભૂતકાળના જીવનની કસોટીઓનો લાભ લીધો હોય છે.

તમે તમારી ઇચ્છાઓ આ જીવનમાં નહિ સંતોષી શકો તો તમારે અધુરી રહેલી ઇચ્છાઓને પૂરી કરવા માટે તમારે ફરીથી સંસારમાં આવવું પડશે. તમારી આ ઇચ્છાઓ તમને આ જગતના ક્ષેત્રમાં ફરી લાવશે અને તમને અનુકૂળ સંજોગો તેમજ સગવડભર્યાં સાધનો ગોઠવી આપશે.

પુનર્જન્મના સિદ્ધાંત સામે એક વાંધો એ છે કે આપણને આપણો ભૂતકાળ કેમ યાદ આવતો નથી? મને મારા બાળપણની વાતો યાદ નથી આવતી એટલે મને મારું બાળપણ ન હતું એમ કહી શકાય નહીં. બાળપણની સ્મૃતિઓ દૂર થઈ ગઈ છે એ ખરું, પણ બાળપણનાં એ અનુભવો તમારા અર્ધભાનવાળા મનમાં કે ચિત્તમાં અસરોની જેમ પડેલા છે. ભૂતકાળની યાદ હશે તો તમે તમારા વર્તમાન જીવનનો ખરાબ ઉપયોગ કરશો. ઘણી વાર એવું પણ બને છે કે ભૂતકાળનો તમારો શત્રુ તમારા પુત્ર તરીકે આવતો હોય. આમ ભૂતકાળની સ્મૃતિ ઘણી વાર દુઃખદ બની રહે છે. આમ જીવન દુઃખમયી થઈ જાય છે. આથી પ્રકૃતિ માતાએ તમારો ભૂતકાળ તમારાથી છુપાવી રાખ્યો છે. ઋષિ-મુનિઓ આથી જ સલાહ આપે છે, 'તમે ભૂતકાળનો વિચાર કરશો નહિ, ભવિષ્યની યોજનાઓ ઘડશો નહિ, તમારા વર્તમાન જીવનનું ઘડતર કરો. સારા વિચાર કરો. ગુણિયલ કામો કરો અને તમારા ભવિષ્યને વધું સારૂં બનાવો.'

સંસ્કારો ઉપર ધ્યાન ધરીને એક યોગીજન તેનાં ભૂતકાળનાં જીવનને યાદ કરી શકે છે. આ યોગી તમારો ભૂતકાળ પણ કહી આપે છે.

તમારો આ વર્તમાન કાળનો જન્મ તમારા ભૂતકાળના કાર્યોનું પરિણામ છે. તમારાં વર્તમાન કાળનાં કાર્યો જ તમારા ભવિષ્યના જન્મનો નિર્ણય

કરી આપશે. આ કાર્ય કારણનો કાયદો તમે પોતે શરૂ કરેલો છે. આ જન્મ—મરણના ચક્રમાં તમે પોતે ફસાઈ ગયા છો. પુનર્જન્મ માટેનો પણ આ કાયદો છે. આ કાયદો બધાંને બંધનકારક છે. તે અવિનાશી પરમતત્ત્વના સંપૂર્ણજ્ઞાનને તમે જ્યારે મેળવશો ત્યારે પેલા ચક્રનો નાશ થશે અને તમે સ્વતંત્રતા અને સંપૂર્ણતા ભોગવશો.

તમારા અનુભવો ભાગ્યે જ નાશ પામે છે. આની સાથે એક અદ્રષ્ટ શક્તિ જોડાયેલી છે જેને 'અપૂર્વ' કહેવામાં આવે છે. તે ફળને પેદા કરે છે. તમે જેવાં કામ કરશો તેવા તમે બની જશો. પશુના જેવો સ્વભાવ રાખશો તો પશુ યોનિમાં જન્મ પામશો. આ પુનર્જન્મનો સિદ્ધાંત હિમાલય અને વેદો જેટલો જુનો છે. જીવનના ઘણા પ્રશ્નોનો તે ઉકેલ કરી આપે છે.

આજના યુગમાં પણ માનવ જાતનો મોટો ભાગ પુનર્જન્મના સિદ્ધાંતોનો સ્વીકાર કરે છે. હિંદુ, જૈન, બૌદ્ધ-પારસી અને ખ્રિસ્તી ધર્મે તેનો સ્વીકાર કર્યો છે. બર્મા, સિયામ, ચીન, જાપાન, તુર્ક, તિબેટ, સિલોન વગેરે દેશો પર આ સિદ્ધાંતનું સામ્રાજ્ય ચાલે છે. હિંદુઓ, જૈનો અને બૌદ્ધો કેટલાંય વર્ષોથી આ મહાન અને ઉદાર તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતનું શિક્ષણ આપતા આવ્યા છે.

પુનર્જન્મમાં નહિ માનનાર લોકો માટે અખબારોમાં અવારનવાર પ્રગટ થતાં, પુનર્જન્મના પ્રસંગો વિચારવા યોગ્ય છે. 'જીવનનું ફરીથી પ્રગટ થવું' એ પુનર્જન્મનો સિદ્ધાંત જુના ખ્રિસ્તી દેવળોમાં જોવા મળે છે. ઇલીજાહે બેપ્ટિસ્ટ જહોન તરીકે ફરીથી જન્મ લીધો હતો. જીસસ ક્રાઇસ્ટ કહેતા કે, 'અબ્રાહમ હતો તે પહેલાં પણ હું હતો.'

તરતનું જન્મેલું બાળક પોતાની માતાને ધાવે છે અને બતક તરવાનું શરૂ કરે છે, આ પ્રકારની અસરકારક ક્રિયાઓ પહેલાંની સ્મૃતિના પુરાવા છે. આપણાં દરેક કાર્ય આપણા ચિત્ત પર એક સંસ્કાર મૂકે છે. તે સ્મૃતિ તરીકે પરિણામ પામે છે. આ સ્મૃતિ પછી પોતાની રીતે નવાં તાજાં કાર્યો અને નવી અસરો ઉપજાવતી હોય છે.

જીવવાની કામના સનાતન છે. એને આદિ કે અંત હોઈ શકે નહિ. આ રીતે તમારા અનુભવો પણ અનાદિ હોય છે. કોઈ પણ જાતના અંતરાય વિના શાશ્વત રીતે અહંભાવની વૃત્તિ તમારામાં રહેલી છે. આ ઉપરથી આપણે કહી શકીએ કે, 'આપણા માટે પણ પહેલાં અનેક જન્મો હતા.' પહેલાંનાં થયેલાં સરેરાશ મૃત્યુઓથી જે પીડાનો અનુભવ થયો હોય તેથી પેદા થયેલી સ્મૃતિમાંથી મૃત્યુનો ભય પેદા થાય છે, અને આથી જ બાળક મૃત્યુના ભયથી ડરે છે. પડી જવાની બીક લાગતાં માતાને પકડી રાખવા મથે છે.

ખ્રિસ્તી ધર્મના વિશ્વાસ પ્રમાણે, સદાચારના અંતિમ પરિણામ તરીકે જીવનને શાશ્વત સુખમય ગણવામાં આવ્યું છે, તેમજ પાપના પરિણામે અંત સુધી રહેલો અગ્નિ અથવા શાશ્વત નરક મળે એમ માનવામાં આવે છે. પાપી જીવને પોતાનાં પાપમાંથી પવિત્ર થવા માટે પછીના જન્મોમાં કોઈ અવકાશ આપવામાં આવ્યો નથી. આ બાબત શી રીતે બની શકે ?

પૂર્વ જન્મનો જે સિદ્ધાંત છે, તેનો ભાવ એ છે કે, 'જીવાત્માએ આ જીવનમાં નવાં સર્જન તરીકે પ્રવેશતા નથી; પરંતુ તે અંતિમ મોક્ષને પ્રાપ્ત કરે, તે પહેલાં તેમને પહેલાંના લાંબા અનુભવોમાંથી પસાર થવાનું હોય છે.' બાળપણથી માંડી વૃદ્ધાવસ્થા સુધીની દશામાં બુદ્ધિનાં જ્ઞાનતંતુઓમાં સરવાળે ઘણો ફેરફાર થાય છે; પરંતુ 'હું છું.' એ પ્રકારની ભાવનામાં કોઈ ફેરફાર પડતો નથી. આ 'હું છું.' તે જ આત્મા છે. તેની પોતાની સભાન દશા છે. એટલે એ એક એવું એકમ છે કે જે પોતાની મેળે સત્તામાં રહેલું છે. શકિતને એક ઠેકાણે સંઘરી રાખવાનો કાયદો સ્થૂલ પદાર્થ તેમજ આત્મા માટે સાચો છે. એટલે કે જેમ કોઈ પણ અણુ પેદા કરતો નથી તે નાશ પમાડતો નથી, તેમ આ આત્મા પદાર્થનો પણ જન્મ કરતો નથી કે નાશ કરાવતો નથી.

પાપમાં મૂળભૂત હકીકત શું છે ? આના સમાધાન-કારક ઉત્તર માટે આ પૂર્વજન્મનો સિદ્ધાંત જ પૂર્ણ ઉકેલ છે. આપણા પાપોની તાત્ત્વિક જવાબદારી આપણી છે. આપણા કાર્યો માટે આપણે બીજાને ઠપકો આપી શકીએ નહિ. આપણે આપણાં આ પાપોનું પ્રાયશ્ચિત કરવું જોઈએ. જીસસને એક અંધ બાળક માટે પ્રશ્ન પૂછતાં તેમણે કહેલું, 'આ પાપ આ બાળકનું કે તેના માતા પિતાનું નથી. કે જેથી તેને અંધાપો આવે.' જીસસ પોતે માનવના પૂર્વમાં હોવાપણા વિષે નિષેધ કરતા નથી.

કેટલાક પ્રશ્ન પૂછે છે, 'જો આ પુનર્જન્મનો સિદ્ધાંત સાચો હોય તો આપણને પૂર્વજન્મના બનાવો યાદ કેમ આવતા નથી ?' આ લોકોને હું સામેથી આ પ્રશ્ન પૂછું છું, 'આપણે કઈ પદ્ધતિએ આપણી સ્મૃતિને યાદ રાખીએ છીએ ?' એ વાત તો સાચી જ છે કે આપણે આ શરીરમાં જીવતા હોઈએ ત્યારે આપણે મગજની સ્મૃતિને યાદ રાખીએ છીએ. હવે જ્યારે આત્મા શરીર છોડી બીજા શરીરમાં જાય છે ત્યારે તે ભૂતકાળના બધા બનાવોની યાદ પૂરેપૂરી રીતે પોતાની સાથે લઈ જતો નથી; પરંતુ તેની કેટલીક છાપ સાથે લઈ જાય છે. આને પૂર્વસ્મૃતિ કહી શકાય. રાજયોગમાં જણાવેલા સંયમ ( એક સાથે ધારણા, ધ્યાન અને સમાધિ ) દ્વારા સ્પષ્ટ રીતે અસરો

જોવાની કે જેની ખૂબી રાજયોગમાં છે, તેનું જ્ઞાન જો તમને હોય તો તમે તમારાં ભૂતકાળના જીવનોને યાદ કરી શકો છો. "संस्कार साक्षात्कारणात् पूर्वजातिज्ञानम्" ( યોગ–૩–૧૮ ) જ્યારે કોઈ યોગી પોતાના ચિત્તમાં સંયમ કરીને ભૂતકાળના અનુભવોને લાવે ત્યારે તે પોતાના બધા જ પૂર્વજન્મોની વિગતો યાદ કરી શકે છે.

માણસ એક જીવનમાં પૂર્ણતાને પામી શકતો નથી. તેણે તેનાં હૃદય, બુદ્ધિ અને હાથની શકિતઓનો વિકાસ કરવાનો હોય છે. ચારિત્ર્ય ઘડવાનું હોય છે. દયા, પ્રેમ, ક્ષમા, સંયમ, સમદ્રષ્ટિ, નિર્ભયતા આદિ ગુણોનો વિકાસ કરવાનો હોય છે. આ જીવન એક એવી દોરી છે કે જે પાછલા જીવન સુધી લંબાયેલી છે અને આગલા જીવન સુધી વધેલી છે. એક જન્મમાં ઘણો થોડો અનુભવ મળે છે. ઘણો ઓછો વિકાસ થાય છે. સ્થૂલ શરીરમાં રહેલ જીવાત્મા એક જીવન કાળ દરમ્યાન ઘણાં પાપો કરતો હોય છે. ઘણા થોડા માણસો સારા માણસો તરીકે મરણ પામતા હોય છે. ખ્રિસ્તી લોકો માને છે કે, 'એક જન્મ બધું જ ધારી શકે છે અને ગોઠવી શકે છે.' આ અશક્ય છે. અનંતકાળ સુધી ચાલતા જીવનને એક નાના ટૂંકા અર્થવિહીન વર્તમાન જીવન પર શી રીતે નિર્ભર

રાખી શકાય ? જો આ જીવનમાં તે માણસ ક્રાઈસ્ટમાં વિશ્વાસ રાખે તો અનંત સુખશાંતિ ભોગવે અને ઇસુમાં વિશ્વાસ ન રાખે તો તેને ભયંકર નરકમાં ફેંકી દેવામાં આવે. આ વાત કેટલી અન્યાયી છે. માનવીની ભૂલો સુધારવાનો અવકાશ મળવો જોઇએ. આ માટે જ પુનર્જન્મનો સિદ્ધાંત ન્યાય સંગત લાગે આ સિધ્ધાંત માણસને તેની ભૂલો સુધારવાનો, ગુણોની વૃધ્ધિ કરવાનો તેમ જ ક્રમિક વિકાસ કરવાનો અવકાશ આપે છે.

ચાર્વાક કે ભૌતિકવાદીઓના અપવાદ સિવાય ભારતીય તત્ત્વજ્ઞાનને લગતી બધી શાખાઓનો મુખ્ય અને મૌલિક સિધ્ધાંત એક જ છે અને તે ‘ આત્મા અજર અમર છે.’ આ આત્મા તેની પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે અનેક જન્મોમાંથી પસાર થતો હોય છે. આ વાતને સિધ્ધાંતની દ્રષ્ટિએ ‘જીવાત્માઓનું બીજા દેહમાં ગમન’ કહેવામાં આવે છે.

આત્માનું અવિનાશી પણું તેમ જ દેહના મરણ પછી પણ આત્માનું બીજી સ્થિતિમાં હોવાપણું, એ એક એવો સિધ્ધાંત છે કે જે ‘મૃત્યુ’ જેવી અકલ્પ્ય ઘટનાનો ઉકેલ આપે છે. મૃત્યુ વિષેના વિચારને આશ્વાસન આપે છે. જે કારણે માનવજાત અનંતકાળથી દુઃખ ભોગવી રહી છે તે દુઃખના નિવારણનો

ઉકેલ પ્રાચીન ઋષિમુનિઓએ શોધી કાઢયો છે અને તેનો વિશેષ પ્રકારના ધાર્મિક સિધ્ધાંત તરીકે તેનો વિકાસ સાધ્યો છે.

આત્માના આવાગમનનું પ્રયોજન દંડ કે ભેટ નથી, પરંતુ વધારે સારા થવા માટે તેમજ પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે છે. આમ કરતાં કરતાં ક્રમિક વિકાસ સાધી જીવાત્મા જન્મતમરણના ચક્કરમાંથી મુક્ત બની જાય છે.

આ માનવદેહ તો અજર અમર આત્માને ઓઢવાનો એક ઝભ્ભો છે. આ આત્મા પોતાની વધુ પ્રગતિ કરવા આવા કેટલાય ઝભ્ભા બદલે છે. સર્જન-કર્તાએ આ રીતે ગોઠવણી કરી જ હોય છે. ઉચ્ચ માર્ગે ગતિ, અધોમાર્ગે નહિ–એ જાતનો વિકાસનો કાયદો છે. સામાન્ય રીતે કુદરતે તેનો સ્વીકાર કર્યો છે; પરંતુ દરેક કાયદાની જેમ આને પણ અપવાદ હોય છે જ. વેદાંત સિધ્ધાંત સમજાવે છે કે, 'જે અત્યંત પાપી જીવો છે, તેમને પણ પાપમાંથી મુક્ત થવાની આશા છે.' આ સિધ્ધાંતે પાપી જીવને અનેકાનેક જન્મો લઈ સુધરી જવા માટે સારો એવો અવકાશ આપ્યો છે.

તમારાં પોતાનાં કાર્યોથી તમે સારા કે ખરાબ થાવ તેની જવાબદારી તમારે માથે છે. તમને જે નવો જન્મ મળે છે તે છાયા જેવો છે, જે કર્મને અનુસરી માનવને નવો જન્મ મળેલો છે, તે માણસની છાયા જેવો છે, જે કર્મને અનુસરી માનવને નવો જન્મ મળેલો છે, તે કર્મ દર્પણ જેવું છે. આ કર્મ દ્વારા માનવની

છાયા નવા જન્મમાં પ્રતિબિંબિત થાય છે. યોગીઓ અને સંતસાધુઓની પ્રગતિશીલ લાગવગો, તેમના જીવનો અને તેમના ઉપદેશો નવા જીવન વિષે વધારે ને વધારે સુંદર ખાત્રી આપે છે.

'હું ક્યાંથી આવ્યો ? મારે ક્યાં જવાનું છે ?' દરેક બુદ્ધિશાળી માણસ પોતાની જાતને આ પ્રશ્નો પૂછતો હોય છે. તમારું આ જીવન તો અસંખ્ય અવતારોની હારમાં રહેલું એક સતત જીવન છે. જીવાત્માનો અમુક દેહ સાથે યોગ થવો એને જન્મ કહે છે અને દેહમાંથી આત્માનું છૂટા પડવું તેને મરણ કહે છે. આ સૂક્ષ્મ દેહ ફરીથી પોતાના ગુણો પ્રમાણે અવતાર ધારણ કરે છે. કઠોપનિષદ્ જણાવે છે, 'કેટલાક જીવાત્માઓ બીજાં શરીરો ધારણ કરે છે. જ્યારે કેટલાક જીવાત્માઓ વનસ્પતિ જેવી અધમ યોનિમાં આવી પડે છે. તેમાં તે જીવાત્માઓનાં કાર્યો અને જ્ઞાન કારણભૂત હોય છે.' જ્યાં સુધી જીવાત્મા પોતાની બધી અશુદ્ધિઓને દૂર ન કરે; તેમજ યોગના સાધનથી આત્માનું સાચું અને સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત ન કરે ત્યાં સુધી જીવનમરણનું ચક્ર ચાલ્યા જ કરવાનું છે.

એક સારો જીવાત્મા સારું શરીર બનાવે છે. એક ખરાબ જીવાત્મા ખરાબ શરીર બનાવે છે. ઈશ્વરમાર્ગે પ્રગતિ કરવા માટે શરીર એક જરૂરી સાધન બની રહે છે. પેટ્રોલ અને વરાળ એ બે મોટી શક્તિઓ છે,

પરંતુ આ શક્તિ આપમેળે કશું કરી શકતી નથી. આ માટે યંત્ર અને તેનો ચાલક (Driver) જોઈએ છે. આ જ રીતે પ્રગતિ સાધવા માટે જીવાત્માને શરીરની જરૂર રહેવાની. અવિનાશી આત્માનું જ્ઞાન જીવાત્માને પ્રાપ્ત થાય ત્યાર પછી તેને આવાગમન રહેતું નથી. જીવાત્મા જ્યારે પોતાનો આવશ્યક દિવ્ય સ્વભાવ પ્રાપ્ત કરે છે અને એ રીતે પરબ્રહ્મ પરમાત્મા સાથે પોતાની જાતને જોડી દે છે; ત્યારે પ્રકૃતિનું કાર્ય અટકી જાય છે,

આત્માના સંસ્કારો અને યોગની સાધનાના અનુભવો અવિરતપણે મેળવતા રહો કે જેથી તમે દરેકે દરેક સાધનથી તમારા જીવનને તમે વધારે સારું બનાવી શકો.

માણસની તુલના એક છોડ સાથે કરી શકાય. માણસ છોડની જેમ ઊગે છે; વિકાસ પામે છે અને અંતે મરી જાય છે, પરંતુ પૂરી રીતે નહિ! છોડ પોતાની પાછળ બીજ મૂકી જાય છે અને તેમાંથી નવો છોડ પેદા થાય છે. તેમ માણસ પણ પોતાનાં સારાં-નરસાં કર્મો મૂકી જાય છે. આ કર્મોની અસર નાશ પામતી નથી. આ કર્મો ભોગવવા માટે તેને ફરી જન્મ લેવો પડે છે. હા—મુક્ત દશા ભોગવનાર જીવનમુક્ત માણસ માટે સંસાર નથી!

માણસ મરી જાય છે ત્યારે તે પોતાની સાથે કાયમ રહેનાર લિંગશરીર (સૂક્ષ્મશરીર)ને લઈને જાય

છે. આ લિંગ શરીર પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ પ્રાણ, મન, બુધ્ધિ, ચિત્ત અને અહંકાર તેમ જ કર્માશય અને જીવાત્માનાં કર્મો—એટલા પદાર્થોનું બનેલું છે. આ સૂક્ષ્મશરીર બીજા જીવનું નિર્માણ કરે છે.

નવજાત બાળક કે જેણે આ જીવનમાં કોઈ પણ ખરાબ કામ કર્યું ન હોય; તે જો ખૂબ દુઃખ ભોગવતું હોય, તો તે બાળકે પૂર્વજન્મમાં કરેલા ખરાબ કર્મોનું પરિણામે છે, એમ નક્કી કરાય ! એણે એ જીવનમાં કેમ ખરાબ કર્મો કર્યાં એમ પૂછે તો કહી શકાય કે તેણે તેના તે પહેલાનાં જન્મોમાં ખરાબ કર્મો કર્યાં જ હશે. જેનાં પરિણામો તે ભોગવતો આવ્યો છે.

એક નાનું બાળક પણ કઠોર વર્તન, શોક, ભય, ક્રોધ, સુખ અને દુઃખ વગેરે લાગણીઓ બતાવે છે તેને તેના પહેલાનાં જન્મોનો આધાર હોવો જોઈએ.

આત્મા અનાદિ છે એ વાત ન સ્વીકારીએ તો કૃતનાશ અને અકૃતાભ્યાગમ્ આ બે દોષો લાગુ પડે. કૃતનાશ એટલે કરેલાં કર્મોના ફળોનો નાશ. અને અકૃતાભ્યગમ્ એટલે જે કાર્યો કરેલાં ન હોય, તેનાં ફળ ભોગવવાં પડે તે. ખરો નિયમ તો એ છે કે આત્માએ પોતાના પહેલાંના જન્મમાં કરેલાં સારાં નરસાં કર્મોનું ફળ સુખ કે દુઃખ ભોગવવું જોઈએ. આમ કૃતનાશ અને અકૃતાભ્યાગમ્ એ બે પ્રકારના દોષો

નિવારવા હોય તો જીવાત્મા 'અનાદિ' છે એમ સ્વીકારવું જ રહ્યું.

યોગની સાધના કરતા વિદ્યાર્થીઓ પૂછતા હતા કે કુંડલિનીને જગાડવા માટે એક યોગીએ કેટલા સમય સુધી તેને લગતી ક્રિયાઓ કરવી જોઈએ? ભગવાન શ્રીકૃષ્ણ આનો ઉત્તર આપતાં કહે છે કે, 'તે સાધક બુદ્ધિશાળી યોગીઓના કુળમાં જન્મ લે છે અને પછી પોતાનાં પહેલાંના જીવનનાં લક્ષણો શોધી કાઢે છે અને તે જ લક્ષણોને અનુસરીને તે પોતાને પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરે છે.'

પોતાને ફળ મળે એ આશયથી માણસ કર્મો કરતો હોય છે, અને એટલા જ માટે તે જન્મ લેતો હોય છે કે જેથી તે તેના કર્મોનાં ફળ ભોગવી શકે. આમ કરતાં કરતાં જ્યારે માણસને આત્માનું જ્ઞાન થાય છે ત્યારે તે જન્મ—મરણના ચક્કરમાંથી છૂટી જાય છે. જ્યારે માણસ ફળની ઇચ્છા વિના કર્મો કરવા લાગે ત્યારે કર્મબંધનો ઢીલાં પડી જાય છે.

હે આત્મન્! જીવવા માટે મરી છૂટો. નાની અહંતાને મારી નાખો. અમરતા મેળવો. બ્રહ્મમાં વાસ કરો. આત્મભાવ કેળવી લો. તમને અમર જીવન પ્રાપ્ત થશે.

જેવી રીતે ખડમાંકડી પહેલા ઘાસનો આધાર છોડતાં પહેલાં બીજા ઘાસનો આધાર લે છે તેવી જ રીતે આ શરીર છોડતા પહેલાં જીવાત્માને જે નવું શરીર ધારણ કરવાનું છે, તેનો ખ્યાલ આવી જાય છે.

સારાં કે નરસાં કાર્યો સારાં કે નરસાં ફળ આપે છે. હજારો ગાયોમાંથી વાછરડું પોતાની માતાને શોધી કાઢે છે તેવી જ રીતે પહેલાંના જન્મોમાં કરેલાં કર્મો તેના કર્તાને અનુસરે છે. મહાભારતમાં આ અંગે એક શ્લોક છે:

" यादृशं क्रियते कर्म तादृशं भूज्यते फलम् ।
यादृशं वप्यत बीजं तादृशं प्राप्यते फलम् ॥१॥

આ કુદરતનો કાયદો છે. આંબો રોપનાર હલકી જાતનું ફળ મેળવી શકશે નહિ; પરંતુ જેણે પોતાના જીવન દરમ્યાન ખરાબ કર્મો કર્યાં હશે, તે માણસ સુખ, શાંતિ અને સમૃદ્ધિથી ભરેલા એવા નવા જીવનની કદી પણ આશા રાખી શકશે નહિ.

સાધારણ રીતે એવું જોવા મળ્યું છે કે 'જીવાત્માને નીચી યોનિમાં જન્મ લેવાનું રહેતું નથી; કારણ કે તેણે માનવ જીવનમાં સ્થૂલ શરીરથી સારાં કાર્યો કર્યાં હતાં. માનવ જાતના આત્માને વરૂ કે ભૂંડ જેવી હલકી યોનિમાં જન્મ લેવો પડે તેવા દાખલા

બહુ ઓછા હોય છે. આપણા શાસ્ત્રોનું પ્રયોજન તો માનવ જાતના કાર્યને ખરાબમાંથી સારામાં પસાર થઈને ઊંચે લાવવાનું હોય છે. સામાન્ય રીતે વિકાસની ગતિ ઉપરની બાજુએ હોય છે. આમાં થોડા અપવાદ હોય છે. જો માણસ ઘાતકી કર્મો કરે, તે માણસ જો પશુ કરતાં પણ ખરાબ રીતે વર્તે, તે પશુઓથી બદતર જીવન ગાળે, તો ભવિષ્યમાં તેને જે જન્મ મળે તેમાં તે માનવ જન્મ લેવાને અધિકારી બનતો નથી. જો કે આવા અપવાદ ખૂબ ઓછા હોય છે. ક્યારેક માણસે ખૂબ ઘોર પાપો કર્યાં હોય અને તેને પરિણામે આ સ્થૂલ દેહમાં રહેતાં જ વધારેમાં વધારે શિક્ષા ભોગવવી પડતી હોય છે! આવું બનતું હોય છે ત્યારે તે માણસને પશુયોનિમાં જન્મ લેવો પડે તે જરૂરી નથી. આ દેહમાં તેને જે શિક્ષા ભોગવવી પડી હોય છે તે ખૂબ જ આકરી હોય છે. આ વખતે તેને ખૂબ કષ્ટ વેઠવું પડતું હોય છે. જો પશુયોનિમાં આટલું દુઃખ પડયું હોત તો તેને આટલું બધું દુઃખ ન થાત. આ જગતના કડવા અને દુઃખદાયક અનુભવોમાંથી માણસ ઘણા સારા બોધપાઠ શીખે છે. માણસ ભલેને ગમે તેટલો પાપી અને કઠોર હોય; પરંતુ દુઃખો, ગરીબી, રોગો, સંકટો, શોકની લાગણીઓ, પ્રિય વ્યક્તિનું મૃત્યુ–જેવા પ્રસંગો તેની આંખ ઊઘાડી નાખે છે. તે સુધરી જાય છે. ખરેખર ઈશ્વર પાપીજનોને અદ્‌ભુત રીતે ઘડે છે અને સુધારે છે. દુઃખો અને પીડાઓ

કેળવણીની શકિત તરીકે બોધપાઠ આપવામાં ઉપયોગી બને છે. પાપી લોકો સારાં કાર્યો કરે છે. સાધુ સંતોની સોબત અને મદદ લે છે.

કેટલાક માને છે કે માનવનો જીવાત્મા પશુ યોનિમાં ઉતરી શકે નહિ. કારણ કે માનવ જાતમાં પ્રગટ થયેલ વ્યક્તિત્વ પશુયોનિમાં સમાઈ શકે નહિ. કારણુ દેહ અને સૂક્ષ્મદેહનાં જે આકાર અને ઘડતર થવાના હોય છે; તેને અનુસરીને માનવજાતિના સ્થૂલ દેહોને આકાર અને દેખાવ ઘડાતા હોય છે. આમ આટલું સાબિત થાય છે કે "માનવ જાતિનો આત્મા બીજી કોઈ યોનિમાં જન્મ ન લેતાં માનવદેહમાં જ પ્રગટ થાય છે." ક્રૂર માણુસ બીજા જન્મમાં વરૂ થાય છે. ઝેરીલો માણુસ સાપ થાય છે. કામી માણુસ શ્વાનયોનિમાં જન્મ લે છે. આવા શાસ્ત્ર વચનોને રૂપક સમજવાના છે, આનો અર્થ એટલો જ કે માણુસ વરૂની જેમ ઘાતકી અને ક્રૂર હશે. સાપ જેટલો ઝેરી હશે અને શ્વાન જેટલો કામી હશે.

બીજા કેટલાક લોકોનો અભિપ્રાય એવો છે કે, "જો માણુસ નીચ પશુના જેવા જીવનમાં રહેવા માગતો હોય, તો તે પોતાના મનને બધાજ પ્રકારની ઉચ્ચ અને સુંદર લાગણીઓથી પાછું ખેંચી શકે છે. અને આમ કરવા જતાં જો તે પોતાની ઇચ્છાઓ પશુના જેવી તુચ્છ બનાવી દે અને આમ પોતાની

જાતને પશુ જેવી બનાવી દે, તો તે બીજા જન્મમાં નિશ્ચિતપણે પશુયોનિમાં જન્મ લે; પરંતુ માનવ આવું કામ નહિ કરે. તેની અંદર રહેલી લાગણીઓ અને શક્તિઓ તેને અધમ યોનિમાં પડવા નહીં દે. વિકાસને સાધતું જીવન એ જ પ્રગતિ છે. અને આ પ્રગતિ થઈને જ રહેવી જોઈએ." માનવજન્મ સારાં–નરસાં મિશ્ર કર્મોનું પરિણામ છે. જ્યારે સારાં કાર્યો ખરાબ કાર્યોને વટાવી જાય ત્યારે જીવાત્મા દેવ, યક્ષ, ગાંધર્વ જેવી યોનિમાં જન્મ લે છે. જ્યારે ખરાબ કાર્યો સારાં કાર્યોને વટાવી જાય ત્યારે જીવાત્મા પશુ, રાક્ષસ જેવી નીચ યોનિમાં જન્મ લે છે. જ્યારે સારાં નરસાં કર્મો સરખે સરખાં હોય ત્યારે જીવાત્મા માનવ યોનિમાં જન્મ લે છે.

દરેકને પોતાનું શરીર વ્હાલું હોય છે. જીવાત્મા અમુક ખાસ દેહને વળગી રહેતો હોય છે. આ આસકિતનું મૂળ કારણ અજ્ઞાન હોય છે. માનવજાતને માનવદેહ ગમતો હોય છે. બધે આવું જ ચાલતું હોય છે. આ પ્રકારની અવસ્થામાં રહીને દરેક જીવ પોતાની જાતના વિકાસ માટે પ્રયત્ન કરતો હોય છે. બધાં પ્રાણીઓ માટે આ સામાન્ય કાયદો છે. માનવ જાતિમાં જન્મ હોવો તે ઊંચી કક્ષા છે. માનવીમાં વિવેક અને નિર્ણય કરવાની શકિત જાગ્રત હોય છે. તેને પ્રેમ, વિશ્વાસ, લજ્જા, સૌંદર્ય, અહિંસા જેવા

સદ્‌ગુણો મળેલા હોય છે. પશુ યોનિમાં બુદ્ધિશકિત અને સમજશકિત હોતી નથી. વિવેકશકિત, આત્મશકિત, "સ્થૂલ શરીરથી આત્મા અલગ છે એવું ભાન," સાથીદારો પ્રત્યે વિશ્વાસ અને પ્રેમ જેવા ઉત્તમ ગુણો જેનામાં નથી હોતા તે પશુ જ છે.

જ્યાં સુધી વિવેકની આંખ ઊઘડી નથી અને જ્યાં સુધી પોતાની જાતને ઉપરના માર્ગે લઈ જાય તેવા પ્રકારના ગુરુના સંસર્ગમાં આવવાનું થયું નથી ત્યાં સુધી અજ્ઞાની માણસ સંસાર સાગરમાં ડૂબકીઓ માર્યા જ કરવાનો છે. જેણે આત્માની સાધના શરૂ કરી છે, જે સાધક દિવ્યતાના માર્ગે જઈ રહ્યો છે; તેને નીચેની યોનિમાં જન્મ લેવાનો ભય રહેતો નથી. કદાચ તે પોતાના માર્ગેથી નીચે પાછો પડી જાય તો પણ તેનો નાશ થતો નથી. ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણ કહે છે કે, "શુભ કર્મને કરનારો કયારેય કોઈ દુર્ગતિ પામતો નથી. યોગભ્રષ્ટ આત્મા પુણ્યકર્મ કરનારાઓનો લોક પામી, ઘણાં વર્ષો સુધી ત્યાં રહી ફરી પાછો પવિત્ર અને શ્રીમાન ઘરોમાં જન્મ લે છે." અને વળી પ્રયત્ન કરી મોક્ષ પ્રાપ્ત કરી લે છે.

ભરતમુનિનું ઉદાહરણ જાણવા જેવું છે, હરણમાં વાસના રહી જવાથી તેમને હરણ બનવું પડ્યું હતું. અહીં તેમને 'હું ભરત છું' નું જ્ઞાન થયું. આ પછી તેઓ સૌથી અલગ પડી પ્રભુભકિતમાં મસ્ત

બની ગયા અને દેહ છોડી દીધો. બીજો જન્મ 'જડભરત' તરીકે લીધો તે પહેલેથી જ આત્મજ્ઞાની હતા એટલે મનને રાગદ્વેષથી દૂર રાખતા. જ્યારે તેમણે સ્થૂલ શરીર છોડયું ત્યારે તેમણે પરમાત્મા સાથે એકતા સાધી લીધી હતી.

સાચો અને ખરો સાધક હોય છે. તેને પતનનો ભય હોતો નથી. ભગવાનના ભક્તો નિર્ભય હોય છે. કામનાઓથી મુક્ત હોય છે. તેઓ ગમે તે યોનિમાં ભગવાનની ભક્તિ કરતા હોય છે.

પ્રાચીન ઋષિઓ પાસે એવી શક્તિ હતી કે તેઓ દુષ્ટોને શાપ આપતા અને ગુણિયલ જનોને આશીર્વાદ આપતા. આની પાછળ તેમનો ઈરાદો "ભગવાનને વીસરી સંસારમાં રચ્યાં—પચ્યાં રહેતા લોકોનું ભલું કરવાનો હતો." આ ઋષિઓ ક્રોધ રોકી શકતા ન હતા એટલે શાપ આપતા હતા એવું ન હતું. આમાં તેમનો સ્વાર્થ સાધવાનો ઈરાદો ન હતો.

આપણને કયું શરીર મળે છે એ વાત બહુ અગત્યની નથી. આપણે કેવા વિચારો કરીએ છીએ તે વાત ખૂબ જ અગત્યની છે. ઘણા ઊંચા દરજ્જાનો માણસ પણ પશુના વિચારો ધરાવતો હોય છે. માણસ કામ-ક્રોધનો શિકાર બને છે ત્યારે પશુ કરતાં અધમ લાગે છે. ભવિષ્યમાં તમે કયો જન્મ ધારણ કરશો

તેની ચિંતા તમે કરતા નહિ. અત્યારના જીવનનો તમે સારામાં સારી રીતે ઉપયોગ કરી લો. માયાળુ બનો. સારાં કામ કરો.

ભગવાન હરિ ત્રણે લોકના રક્ષક છે. પૂર્ણલોક સુધી પહોંચાડવાની જવાબદારી તેમની છે. તમારું મન તેમને ચરણે ધરી દો. બાળકની જેમ પ્રભુને શરણે જાવ. ચાલુ જીવનમાં જ અજર અમર આત્માનો આનંદ મેળવી લો.

સ્ત્રીની રજ સાથે વીર્યનું મિશ્રણ થતાં તે ગર્ભાશયની અંદર વીંટાઈ જાય છે. એક દિવસનો ગર્ભ 'કલલ' કહેવાય છે. પાંચ દિવસનો ગર્ભ 'બુદબુદ' કહેવાય છે. સાત રાત્રિઓ પછી માંસ—પેશીઓ બને છે. પંદર દિવસમાં માંસ—પેશીઓ લોહીથી ભરપૂર બને છે. પચ્ચીસ રાત્રિ પછી તેમાં અંકુર ફૂટે છે. એક માસના ગાળામાં ગર્ભમાં કંઠ, મસ્તક, ખભા, કરોડરજ્જુ અને પેટ બને છે. આ પાંચેય અવયવો એક પછી એક એ રીતે બને છે. બે માસમાં હાથ, પગ, સાથળ, કેડ અને ઘુંટણ બને છે. ત્રણ માસના ગાળામાં શરીરના સાંધાઓ બને છે. ચોથા માસે આંગળીઓ બને છે. પાંચમા માસે નાક, કાન અને આંખ આવે છે. દાંત માટેનાં જડબાં, નખ અને ગુહ્ય ભાગ બને છે. છઠ્ઠા મહિને કાનના પોલાણનો ભાગ બને છે અને સ્ત્રી—પુરુષને લગતી જનનેન્દ્રિયો બને છે.

નાભિ બને છે. સાતમા મહિને શરીર પર રૂંવાટી આવે છે. માથા પર વાળ ઊગે છે. આઠમા મહિને શરીરનાં બધાં જ અંગો જુદાં જુદાં બની જાય છે.

પાંચમા મહિને બધા પ્રકારની બુદ્ધિ—સમજણ શક્તિ મળતી હોય છે. ગર્ભાશયના ડુંટાની સાથે સ્ત્રીની નાભિ જોડાય છે.

આ રીતે જીવ પોતાનું પોષણ મેળવે છે. આ જીવ પોતાના કર્મના પ્રભાવે ગર્ભાશયમાં મરણ પામતો નથી.

ગર્ભાશયમાં રહેલો જીવ પોતાના પહેલાંના જન્મો અને કર્મો યાદ કરતો હોય છે. જઠરના અગ્નિના તાપથી બળતો હોય છે. અને ભગવાનને પ્રાર્થતો હોય છે. પોતાનાં કર્મો માટે પશ્ચાતાપ કરતો હોય છે. તેમ જ આ જીવનમાં તે કેવળ ભગવાન વિષ્ણુનાં જ ચરણો પકડવાનનો કોલ આપતો હોય છે.

જીવ ગર્ભાશયમાં રહી ઘણા ઘણા વિચારો કરતો હોય છે. માતાના અંદરના અવયવોના દબાણથી તે દુઃખી થતો હોય છે અને પાપી જેમ નરકમાંથી બહાર આવે તેમ તે જીવ ઘણા જ કષ્ટથી બહાર આવતો હોય છે.

આ જીવનમાં આવ્યા પછી પણ તે જીવાત્મા બાળપણ, યૌવન, વૃદ્ધાવસ્થા અને બાકીની બીજી દશાઓ ભોગવતો હોય છે.

૦૦૦

## પ્રકરણ ૫ વિવિધ લોકો

વિષયી માણસ પોતાના મૃત્યુ પછી પ્રેતલોકમાં પ્રવેશે છે. તેને ઇન્દ્રિયોની વાસનાઓ, કામનાઓ અને લાગણીઓ સખત રીતે પજવતી હોય છે. તેને ભૂખ-તરસ લાગે છે. સ્ત્રીના ભોગની વાસના જાગે છે; પરંતુ પ્રેત લોકમાં તેને જે શરીર મળ્યું છે. તેથી તે પોતાની વાસનાઓ સંતોષી શકતો નથી. તે દુઃખી થઈ જાય છે. તેના દુઃખનું વર્ણન થઈ શકે તેમ નથી. આ વાસનાઓનાં મૂળ અને કેન્દ્રો ઇન્દ્રિયો અને મનની અંદર રહેલાં છે. તેનાં મૂળ સ્થૂલ શરીરમાં હોતાં નથી. આ સ્થૂલ શરીર તો એક સાધન માત્ર છે અને તેના દ્વારા ઇન્દ્રિયો અને મનને સંતોષ થતો હોય છે. શ્રાદ્ધક્રિયાથી તમે પ્રેતલોકમાં પીડાતા જીવાત્માને મદદ કરી શકો છો. શ્રાદ્ધના મંત્રોનાં વર્તુળો ખૂબ શક્તિશાળી છે. તે જીવાત્માને બંધનમાંથી છોડાવે છે. જેમણે શ્રાદ્ધ

ક્રિયાઓ કરવી છોડી દીધી હોય તેણે ફરી શરૂ કરવી જોઈએ. તમારે પ્રેતલોકમાં જવાની ઇચ્છા ન હોય તો તમે જ્ઞાની બનો. સંયમી બનો. તમે જો આત્મસંયમનો અભ્યાસ કરશો, તો તમે આનંદના પ્રદેશોમાં પ્રવેશ કરશો.

યોગવસિષ્ઠમાં વસિષ્ઠ મુનિના જણાવ્યા પ્રમાણે, 'અલ્પ પાપી, સામાન્ય પાપી અને વિશેષ પાપી તથા થોડા ગુણિયલ, સામાન્ય ગુણિયલ અને વિશેષ ગુણિયલ એવા છ પ્રકારના પ્રેતો હોય છે.' મહાન પાપી પ્રેતો તો એક વર્ષ સુધી પથ્થર જેવી લાગણી રહિત દશાનો અનુભવ કરે છે. આ પછી આ બધાને સેંકડો યુનિમાં અવતારો લેવા પડે છે. આ જગત માયા છે એવો અનુભવ તમને થાય છે ત્યારે તેઓ પોતાના આત્મામાં શાંતિ અનુભવે છે.

પિતૃલોક ચંદ્રલોક તરીકે પ્રસિદ્ધ છે. ત્યાં પિતૃઓ નિવાસ કરે છે. જે લોકો યજ્ઞો કરે છે, દાન—પુણ્ય કરે છે, ભલાઈનાં કામો કરે છે, પોતાના સ્વાર્થ માટે ઇષ્ટા પૂર્તિનાં કાર્યો કરે છે તેઓ આ લોકમાં પ્રવેશ કરે છે. તેમનાં કર્મોનાં ફળો ભોગવાઈ જતાં તેઓ પાછા ફરીથી પૃથ્વી પર આવી પહોંચે છે.

પિતૃલોકમાં જીવાત્માઓ દેવ જેવાં શરીર ધારણ કરી, દેવોની સાથે આનંદ ભોગવતા હોય છે. આ લોકમાં કર્મનો કાયદો, કાર્ય—કારણનો નિયમ અને

ક્રિયા-પ્રક્રિયાનો કાયદો લાગુ પડે છે. આ લોકોનો નિવાસ કાયમી નથી. એટલું ખરૂં કે ત્યાંનો નિવાસ હજારો વર્ષો સુધીનો હોય છે. આ લોકોને અવિનાશી આત્માનું જ્ઞાન હોતું નથી.

શરીરથી છુટો પડેલો આત્મા પોતાનાં સારાં કર્મોનાં ફળ મેળવવા માટે જ્યાં જાય છે, તે સ્થળને સ્વર્ગ કહેવામાં આવે છે. આ સ્વર્ગમાં જીવો દિવ્યભોગો ભોગવે છે. તેઓ જે ઇચ્છે છે તે તેમને તુર્ત જ મળી જાય છે. ઇન્દ્ર એ સ્વર્ગનો રાજા છે. અહીં અપ્સરાઓ નૃત્ય કરે છે અને ગાંધર્વો ગીતો ગાય છે. અહીં રોગ, ભૂખ કે તરસની પીડા જાગતી નથી. અહીંના ભોગો વિશેષ સૂક્ષ્મ, સુધરેલા અને ઊંચી માત્રાના હોય છે. આ ભોગો કાયમી કે શાશ્વત આનંદ આપનારા હોતા નથી. વિવેકી અને વૈરાગી જીવ સ્વર્ગની લાલસા કરતો નથી. તે તો મોક્ષની ઈચ્છા રાખે છે. વેદાંત સિદ્ધાંતે સ્વર્ગને કાંઈ મહત્ત્વ આપ્યું નથી.

પરમાર્થની નજરે સ્વર્ગ કે નરક જેવું કાંઈ નથી. તે તો ફકત મનનાં જ સર્જનો છે. તમારું મન સાત્ત્વિક ગુણોથી ભરેલું હશે તો તમે સ્વર્ગમાં જશો, અને જો તમારા મન પર રજોગુણ કે તમોગુણ કાબુ મેળવશે, તો તમે નરકમાં જશો.

તમે સ્વર્ગની કલ્પના છોડી દો. સ્વર્ગમાં જવાથી અનંત શાશ્વત સુખ મળે છે, એ કલ્પના તો મિથ્યા

છે. ભ્રમ છે. ધ્યાન ધારણા કરીને તમે તમારા પોતાના આત્મમાં રહેલા શાશ્વત સુખોને શોધી લો.

વેદાંત અને વેદોમાં નરકનો નિર્દેશ નથી. પુરાણો આ પીડાદાયક સ્થાનની નરકની વાતો કરે છે. આમ તો સ્વર્ગ કે નરક જેવું કાંઈ નથી. જેને વિવેકની દ્રષ્ટિ ખુલેલી છે, તેને માટે તો આ જગત પણ નરક છે. યાજ્ઞવલ્કય સ્મૃતિ એકવીસ નરકોનાં નામ આપે છે. નરકમાં તીક્ષ્ણ, કઠોર અને ભયંકર યાતનાઓ છે, આ યાતનાઓ પાપીને સુધારવા માટે હોય છે. તેને બોધપાઠ આપવા માટે હોય છે. આ પછી જીવાત્મા પછીના જીવનમાં પોતાની સમજ શકિતનો વધારે સારો ઉપયોગ કરે છે.

યમરાજા આ નરકનો નિયામક છે. તેના હાથ નીચે ચિત્રગુપ્ત કામ કરે છે. પાપીઓને 'યાતનાદેહ' મળે છે. યમદુતો તેને શિક્ષા કરે છે. જો તમે જપ, તપ ધ્યાન ધારણા વગેરે ન કરો અને કેવળ સ્વાર્થનાં જ કામો કરતા રહો, તો આ શરીર તમારા માટે પાંજરું બનશે અને તે જ નરક ગણાય છે. ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે, 'આત્માનો નાશ કરનાર એવા નરકનાં ત્રણ પ્રકારનાં દ્વાર છે. કામ, ક્રોધ અને લોભ; માટે માણસે એ ત્રણેય દુર્ગુણો દૂર કરવા જોઈએ.'

નરકમાં રહેલા માનવીને ઇશ્વરમાં પ્રેમ, પવિત્રતા અને સત્યના પ્રકાશની ઝાંખી પણ થતી નથી. ત્યાં કોઈ જાતનો પ્રકાશ હોતો નથી. સૂર્ય વિનાનો તે લોક છે તેથી તેને 'અસૂર્ય લોક' કહેવાય છે. નરક એ ભયંકર શબ્દ છે. માણસને ખરાબ કાર્યો કરતાં અટકાવવા માટે જ આ પ્રકારના નરકનું ભયંકર વર્ણન કરવામાં આવ્યું છે. ઈશ્વરે માણસને નરકાગ્નિને પોષવા માટે ઇન્ધનરૂપ બને એ હેતુથી બનાવ્યો નથી. જો આવું હોય તો ઈશ્વરનો કોઇ આદર સત્કાર કરે નહિ. ઈશ્વર જો બચાવી ના શકે તો પછી માણસને કોણ બચાવશે ? આ લોકમાં કલંક વિનાના માણસો કેટલા ? કોનું એવું દોષરહિત ચારિત્ર છે કે જેને સ્વર્ગનો સીધો પરવાનો મળી જાય ?

સૌથી નીચ અને અધમ પાપી પાસે બે યમ દૂતો આવે છે અને તેને યમપાશથી બાંધી દે છે. યમના માર્ગે વેદનાઓ ભોગવવા માટે તેને 'યાતના દેહ' મળે છે. યમદૂતો તેને ફટકારતા, ધમકાવતા લઈ જાય છે.

આ માર્ગે વૃક્ષની છાયા હોતી નથી. બારે સૂર્ય તપતા હોય છે. ઠંડા પવનોની ચામડી ચીરાઇ જતી હોય છે. તો બીજી બાજુ કાંટાઓથી તેનો દેહ ઉઝરડાય છે. એક બાજુ આ દેહને ઝેરીલા સાપ ડંખતા હોય છે તો બીજી બાજુ તે અગ્નિથી બળતો હોય છે. આ

માર્ગ પર પરૂથી ભરેલી વૈતરણી નદી આવે છે. જો તેણે કે તેના પુત્રે ગાયનાં દાન કર્યાં હોય તો તેને નાવડી મળે છે.

આ પાપી જીવ ક્યાંક અંધારા કૂવામાં ફેંકાઈ જાય છે. ક્યાંક ઊંચા પર્વત પરથી ગબડી પડે છે. ક્યાંક તલવારની ધાર જેવા તીણા માર્ગ પર ચાલતો હોય છે. ક્યાંક પાસ-પરૂના કાદવમાં ખદબદતો હોય છે. ક્યાંક ધકધકતા અંગારા પર ચાલતો હોય છે. ક્યાંક તેની પર અંગારા વરસતા હોય છે, તો ક્યાંક પથરા, કરા, શસ્ત્રો કે ઉકળતા પાણીનો વરસાદ પડતો હોય છે.

જીવાત્માના પુત્રે પિંડદાન કર્યાં હોય, શ્રાદ્ધ તર્પણ કર્યું હોય; દાન કર્યાં હોય તો આ માર્ગે આ જીવાત્માને થોડી ઘણી સવલતો મળતી હોય છે. આમ એક વર્ષના અંતે જીવાત્મા યમના દરબારમાં આવી પહોંચે છે. યમરાજ ચિત્રગુપ્તને તેનાં પાપ વિષે પૂછે છે. પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, હૃદય, યમ, દિવસ અને રાત્રિ, બે અશ્વિનીકુમારો, ધર્મ, સૂર્ય, તેમ જ ચંદ્ર આ બાર જણા માણસોના કર્મોને જાણે છે. યમ રાજા તેને શિક્ષા ફરમાવે છે. જેના પરિણામે તે પોતાના કરેલા કાર્યોના ફળ મેળવે છે અને અંતે પાછો પૃથ્વી પર આવી પહોંચે છે.

ભગવાન યમરાજ એ ન્યાયના રાજા છે. ભગવાન યમરાજની આ ધર્મનગરી વિશ્વકર્માએ પોતાના યોજના

પ્રભાવથી બંધાવી હતી. આ નગરી હીરામોતીથી જડેલી અને પ્રકાશથી ભરપૂર હોય છે. ચિત્રગુપ્ત આ નગરીમાં વસે છે. અહીં એક દિવ્યસભાનું સ્થાન છે. તેના સભાસદો ધર્મશાસ્ત્રોના જાણકાર તથા સત્ય અને ધર્મના ચાહકો હોય છે. દિવ્ય ઋષિઓ અહીં બેસતા હોય છે.

આ નગરીની દક્ષિણ બાજુએથી પસાર થનારા પાપીઓ હોય છે. પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર બાજુથી જનારા પુણ્યશાળીઓ હોય છે. પૂર્વ દિશાનો માર્ગ પારિજાતનાં વૃક્ષોથી છવાયેલો છે. પવિત્ર બ્રાહ્મણો, મુનિઓ, રાજર્ષિઓ, શિવના ભક્તજનો, આરામગૃહોનાં બાંધનારા, સત્ય ધર્મમાં રાજી રહેનારા, ક્રોધ અને લોભથી મુક્ત રહેનારા, જમીન, ઘર અને ગાયોનાં દાન દેનારા, ધર્મશ્રોતાઓ વગેરે આ પુણ્યશાળી લોકો આ માર્ગના પથિકો છે. આ બધા ન્યાયની સભામાં હાજર રહે છે. ઉત્તરનો માર્ગ પીળાં ચંદનોના વૃક્ષોથી બનેલો છે. અત્તરથી ભરેલાં સુગંધીદાર સરોવરો છે, વેદોના અધ્યયન કરનારા, સૂર્ય, બ્રાહ્મણ અતિથિ અને ગો પૂજકો તથા રક્ષકો તથા મહાદાનીઓ આ માર્ગે જાય છે અને ધર્મ નગરીની ધર્મ સભામાં હાજરી આપે છે. પશ્ચિમના માર્ગે હીરારત્નોથી જડેલ ભવનોથી સુશોભિત છે. ભગવાન વિષ્ણુ અને લક્ષ્મીના પૂજકો ગાયત્રી મંત્રોના જપ કરનારા, અગ્નિહોત્રીઓ, પંચમહા-યજ્ઞો કરનારા, પૂર્વજોને શ્રાદ્ધ તર્પણ દેનારા, નિયમિત

સંધ્યાવંદન કરનારા, બ્રહ્મચર્યવ્રતી, પત્ની પર વિશ્વાસ રાખનારા, સર્વ પ્રાણીમાત્રનું શુભ ઇચ્છનારા, વિમાનમાર્ગે ચઢી આ નગરીના પશ્ચિમના દરવાજે જઈ પહોંચે છે. યમરાજા આ પુણ્યશાળી જીવાત્માઓનું સ્વાગત કરે છે. અહીં રહી દિવ્ય ભોગો ભોગવે છે અને અંતે પૃથ્વી પર ફરીથી અવતાર ધારણ કરે છે.

આ સભાખંડ ( યમસભા ) વિશ્વકર્માએ બાંધ્યો છે. અહીંનું વાતાવરણ આહ્‌લાદક છે. અહીં જરા વ્યાધિ, ભૂખ, દુઃખ કે તરસ જેવું હોતું નથી. આ સભામાં કોઈ જાતનો થાક કે બુરી લાગણીઓ થતી નથી. આપણને ન ગમે તેવી કોઈ બાબત ત્યાં હોતી નથી. આ સભામાં દિવ્ય કે લૌકિક બધીજ પ્રકારની કામનાઓ મળી રહે છે. ઘોર તપસ્વીઓ અને ઉત્તમવ્રતીઓ સત્યભાષીઓ, પવિત્ર અને શાંત મનવાળા રાજર્ષિઓ બ્રહ્મર્ષિઓ અને શાસ્ત્રવેત્તાઓ આ યમસભામાં હાજરી આપતા હોય છે. મધુર, રસભર, મનગમતાં અને કોમળ એવાં ખાદ્ય, પેય, ચોષ્ય અને લેહ્ય પદાર્થો વિપુલ પ્રમાણમાં મળે છે.

ઇંદ્રની દિવ્ય સભા ( ઇંદ્રલોક ) જ્યોતિથી ભરપૂર છે. આ ઇંદ્રસભા પોતાની ઇચ્છા પ્રમાણે ગતિ કરે છે. આ શતકેતુ ઇંદ્રકેતુ ઇંદ્રની સેવામાં ગૃહસ્થો, મરૂતો, સિદ્ધો દેવો વગેરે રહેલા હોય છે. પુણ્યશાળી દેવમુનિઓ સોમયાગના કરનારા, પરાશર, સાવર્ણિ, દુર્વાસા,

ઉદ્દાલક આદિ ઇંદ્રની સભામાં હાજર રહે છે. આ લોકોમાં કેટલાક માનસપુત્રો છે. કેટલાક અગ્નિ સ્વરૂપે રહે છે, કેટલાક વાયુનું ભક્ષણ કરીને રહે છે. આ ઋષિમુનિઓ વજ્રધારી લોકપાલ ઇંદ્રની સ્તુતિ કરે છે. આ લોકમાં મુનિઓ, દિવ્ય જળ, વનસ્પતિઓ, શ્રદ્ધા, બુદ્ધિ, સરસ્વતી, ધર્મ, અર્થ, કામ, વિજળીઓ, મેઘો, પવનો, પૂર્વદિશા, સત્તાવીશ અગ્નિઓ. અગ્નિ, સોમ, ઇંદ્રાગ્નિ, મિત્ર, સવિતા, અર્યમા, ભગ, શુક્ર, ગ્રહ, તારા, નક્ષત્રો, યજ્ઞમાં બોલાતા મંત્રો વગેરે રહે છે. આ સભાનું નામ પુષ્કર માલિની છે.

વિશ્વકર્માએ વરૂણની નગરી પાણીમાં બાંધી છે. આદિત્ય લોકો, જળના દેવ, વાસુકિ, તક્ષક, જનમેજય, વગેરે નાગ, ધીરજધારી વરૂણની સેવામાં હાજર રહે છે. ચાર સમુદ્રો, ગંગા, ગોદાવરી આદિ પવિત્ર નદીઓ, પવિત્ર તીર્થો, સરોવરો, કૂવાઓ, તળાવો વગેરે જળાશયો મૂર્ત સ્વરૂપે ત્યાં રહે છે. પર્વતો, જળચરો, પૃથ્વી તથા સ્વર્ગના ખૂણા—આ બધાં ભગવાન વરૂણની હાજરીમાં રહે છે.

કુબેરે સ્વતપોબળે આ કુબેરલોકની રચના કરી છે. તે કૈલાશ શિખર જેવો લાગે છે. ગુહક લોકોએ તેને એવી રીતે ધારણ કર્યો છે, જાણે કે આકાશમાં લટકતો ન હોય ! ભગવાન શંકર પાર્વતી સાથે અહીં વસે છે. શંકરજી સાથે અસંખ્ય ભૂતપ્રેતો હોય છે. ગંધર્વો,

કિન્નરો, વિદ્યાધરો, વિભીષણ તથા હિમાલય, કૈલાસ, મેરૂ પર્વતો વગેરે પુરુષરૂપે કુબેરની સભામાં હાજરી આપે છે.

ગાયો બધાં પ્રાણીઓનો આધાર છે. ગાયો ગુણોની મૂર્તિ છે. તે પવિત્ર છે અને બધાને પવિત્ર કરે છે. ગાયોનાં દાન દેનારા આ લોક પ્રાપ્ત કરે છે. ગોદાની પાસે ભગવાન વરૂણના જેટલી સમૃદ્ધિ હોય છે. ગો લોકમાં ખૂબ સુખ સમૃદ્ધિ હોય છે. ત્યાં સોનાના પર્વતો છે. માણેક મોતીથી જડેલાં શિખરો છે, ત્યાંની ધરતી મોતીઓથી જડેલી છે. ગો લોકની નદીઓના કિનારાઓ પર અસંખ્ય ચમકતા મોતીના દાણા અને ચમકતાં રત્નો તેમજ સોનું જડવામાં આવ્યા છે. અહીંના રહેવાસીઓ શોક અને દુઃખ રહિત હોય છે. તેમના દરેક ઈચ્છાઓ પરિપૂર્ણ થાય છે. તે લોકો ખૂબ સંતોષથી સમય પસાર કરે છે.

વૈકુંઠ લોકમાં રહેનારાઓનાં સ્વરૂપ વિષ્ણુ જેવાં હોય છે. આ લોકો ધર્મથી વિષ્ણુ ઉપાસના કરે છે. આ ધર્મ કોઈ કામનાથી પ્રાપ્ત થાય એવું ફળ આપે તેવો નથી; પરંતુ નિષ્કામ હોય છે. વૈકુંઠમાં અત્યંત તેજસ્વી એવા સર્વોત્તમ પુરુષ નિવાસ કરે છે. આને કેવળ વેદાંત સિદ્ધાંત જ સમજી શકે છે. લક્ષ્મીજી અહીં વાસ કરે છે. અહીંઆ કેવળ મુકત પુરુષો જ નિવાસ

કરે છે. તેઓ કશાથી મોહિત થતાં નથી. તેમણે પોતાનાં હૃદય કૃષ્ણ ભગવાનને અર્પી દીધાં છે. વિશ્વના સર્જનહાર પ્રભુનું આ ધામ છે.

ભૂલોક, ભુવઃલોક, સ્વર્ગલોક, મહઃલોક, જનલોક, તપઃલોક અને સત્યલોક એવાં સાત લોક છે. ભુવઃલોકે (અંતરિક્ષે) પોતાનામાં ભૂલોક (પૃથ્વી) સમાવ્યો છે. સ્વર્ગલોકે ભુવઃલોકને સમાવ્યો છે. ભૌતિક સૃષ્ટિ કરતાં અંતરિક્ષની પ્રાણમય સૃષ્ટિનાં વાતાવરણ વધારે વેગીલાં અને ઝડપી હોય છે. સત્યલોકનું વાતાવરણ સ્વર્ગલોક કરતાં વધારે વેગીલું અને ઝડપી હોય છે.

એક લોકમાંથી બીજા લોકમાં જવા માટે તમારે તમારી ચેતના બદલવાની હોય છે. તમારી પોતાની અંદર જ અનેક પ્રકારના વાહનો છે. જે તમારો સંબંધ જુદા જુદા લોકો સાથે જોડી આપે છે. દરેક લોક માટે જુદા પ્રકારનું વાહન, જુદા પ્રકારનું શરીર અને જુદા પ્રકારની દ્રષ્ટિ જરૂર છે. ભુવઃલોકમાં તમારું પ્રાણમય શરીર કામ કરે છે. સ્વર્ગલોકમાં મનોમય શરીર કામ કરે છે. બ્રહ્મલોકમાં તમારું કારણ શરીર કાર્ય કરતું હોય છે. ભૂલોકમાં માણસ પાંચ ઇન્દ્રિયોથી કર્મ કરે છે.

સ્વર્ગલોકમાં માણસ એક દિવ્ય દ્રષ્ટિ મેળવે છે. આ નેત્રશકિત અત્યંત વિલક્ષણ કાર્યશકિત ધરાવે છે. આ દિવ્ય દ્રષ્ટિથી તે બધી ક્રિયાઓ કરે છે. તે છેતરાતો

નથી. તે પોતાના સંકલ્પ અને ભાવનાના બળે બધું કરી શકે છે. તેને કોઈ અંતર, અંતરાય કે વિયોગનો અનુભવ થતો નથી. તે બીજાના વિચારો વાંચી લે છે. તે ભૂત-ભાવિ જાણે છે. સ્વર્ગમાં રહેલા બધા પદાર્થોનો અનુભવ કરી શકે છે. તે માણસ બધા જ પ્રકારના પદાર્થોનું ચોકકસ અને વ્યવસ્થિત જ્ઞાન ધરાવતો હોઈ શકે છે. તેને કોઈ જાતનાં અજ્ઞાન કે ગેરસમજ હોતાં નથી.

સ્વર્ગ કેવળ આનંદ ભોગ માટેનો લોક છે. અહીં કોઈ નવાં કાર્ય થતાં નથી. બ્રહ્મલોક અને સત્યલોક કહેવાવ છે. જ્યારે યુગોનું ચક્ર પૂરું થઈ જાય છે ત્યારે સર્જનહાર બ્રહ્માની સાથે સાથે પોતાની જાતને પરબ્રહ્મમાં વિલીન થઈ જાય છે.

આ દેહ છોડયા પછી જીવ બીજો દેહ ધારણ કરે છે. આ બે ક્રિયાઓ વચ્ચે કેટલા સમયનો ગાળો હોય છે, આ એક પ્રશ્ન છે. આ માટે વ્યકિતએ અંતિમ સમયે, કરેલા વિચારોની છાપ તેમ જ તેણે કરેલાં કર્મો ધ્યાનમાં લેવાં જોઇએ. આમ થતાં હજારો વર્ષોથી માંડી તુર્ત જ એવો ઉત્તર આવી શકે છે. આનું કારણ જગતનું એક વર્ષ એટલે દિવ્યલોકનો એક દિવસ.

જે માણસ ખૂબ લાગણીપ્રધાન હોય, જેની વાસના ખૂબ મજબૂત હોય, જેની આસકિત રહી ગઈ હોય, તે કેટલીકવાર તુર્ત જન્મ જ લે છે. આકસ્મિક

મૃત્યુ, અણધાર્યા અકસ્માતને કારણે મૃત્યુ કે આવા પ્રસંગોથી જો જીવાદોરી તૂટી જાય તો તે જીવ કપાયેલી દોરી તુર્ત જ સાંધી લે છે.

ઇ. સ. ૧૯૩૯માં અમૃતસરમાં આવો બનાવ બન્યો હતો. મહીન્દ્રાકુમારી નામની છોકરીએ પોતાના મૃત્યુ પછી ફક્ત સાત માસમાં જ બીજો જન્મ લીધો. હતો. મૃત્યુ સમયે તેને તેના ભાઈઓને મળવાની ખૂબ ઇચ્છા હતી. દિ. ૨૩-૩-૩૯ના 'ધર્મરાજ્ય'ના અંકમાં પણ આવો એક બીજો બનાવ ટાંકવામાં આવ્યો છે.

મૃત્યુ પછી તુર્તજ જન્મ થવો એ સામાન્ય બાબત નથી. દરેકને અમુક સમય તો લેવો જ પડે છે. જેમણે ઘણાં પુણ્યકાર્યો કર્યાં હોય તેઓ ઘણા વખત સુધી દિવ્યલોકમાં રહે છે અને પછી અધુરી સાધના પૂરી કરવા પૃથ્વી પર જન્મ લે છે.

મૃત્યુ અને પુનર્જન્મના વચલા ગાળામાં છૂટો પડેલો જીવાત્મા જો માનસિક અને આત્મિક બાબતમાં આગળ વધેલો હોય તો તેને જરૂર જણાતા પૃથ્વી પર પોતાની જાતે મૂર્તરૂપે આવે છે અને બધાં જ કાર્યો કરે છે, તો માનવ રૂપ લે છે, વાતચીત કરે છે તેમ જ સ્પર્શ કરે છે.

એટલું તો નક્કી જ છે કે તમારી પ્રાણમય ચેતના તમને જીવનમરણના ચક્કરમાંથી મુક્ત કરવાની ખાત્રી આપી શકતી નથી. મંત્રશાસ્ત્ર, તંત્રશાસ્ત્ર કે માનસશાસ્ત્ર તમને સર્વોત્તમ મુક્તિ નહિ આપે. આત્મસાક્ષાત્કાર તેમજ આત્મા વિષેનું જ્ઞાન એ જ ફક્ત જીવન અને મરણના રહસ્યોને ખોલી બતાવશે તેમજ મૃત્યુ પછીના અમર જીવનનું દર્શન કરાવશે.

○ ● ○

# પ્રકરણ ૬ મરેલા માટે શ્રાદ્ધ અને પ્રાર્થના

વેદોના કર્મકાંડ વિભાગમાં માણસની વિવિધ પ્રકારની ધરજો બતાવવામાં આવી છે. આ ફરજો પ્રત્યેક માણસના જીવનની દશા તેમજ તેના સંપ્રદાયને અનુસરી ગોઠવવામાં આવી છે. મનસ્મૃતિ આ અંગે વિગતે સમજ આપે છે. મનસ્મૃતિએ માનવીના બ્રાહ્મણ, વૈશ્ય, ક્ષત્રિય અને શુદ્ર એમ ચાર ભાગ પાડયા છે. તેમજ જીવનની ચાર અવસ્થાઓ-બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સન્યાસાશ્રમ—બતાવે છે. આજે આ બધી અવસ્થા છિન્નભિન્ન થઇ ગઇ છે.

ધર્મગ્રંથોએ ગૃહસ્થને કરવા યોગ્ય એવા પંચ-યજ્ઞોની સમજ આપી છે. દેવયજ્ઞ (દેવો માટેના યજન-પૂજન), ઋષિયજ્ઞ, પિતૃયજ્ઞ (પિતૃઓ માટે શ્રાદ્ધ-તર્પણ) ભૂતયજ્ઞ (પ્રાણીઓ માટે બલિપૂજા) અને અતિથિયજ્ઞ.

આમાં શ્રાદ્ધ ક્રિયા પિતૃયજ્ઞમાં આવી જાય છે. પિતૃઓ પાસે દૂરદર્શન અને દૂર શ્રવણ જેવી અલૌકિક શકિત છે. જ્યારે શ્રાદ્ધમાં મંત્રો ભણવામાં આવે છે. ત્યારે પિતુઓ એ મંત્રો સાંભળે છે અને ખુશ થાય છે. જે લોકો પિતુઓને શ્રાદ્ધતર્પણ આપે છે તેમને પિતુઓ આશીર્વાદ આપે છે. શ્રાદ્ધમાં જે કાંઈ દાન આપવામાં આવે છે તેનો સારભાગ સૂર્યકિરણો દ્વારા ઉપર સૂર્ય લોકમાં પહોંચી જાય છે. પિતૃઓ આ દાનથી ખુશ થાય છે. જર્મની અને બીજા દેશોમાં પણ આવી ક્રિયાઓ છે. આ દાન-પુણ્યની લાભદાયી અસરો થાય છે. આથી આપણે આપણા પિતૃઓ શ્રાદ્ધ-તર્પણાદિ ક્રિયાઓ કરાવી જોઇએ ગીતા અને ઉપનિષદોએ સ્પષ્ટ નોંધ્યું છે. "શ્રાદ્ધક્રિયાઓ ખૂબજ જરૂરી છે." કેટલાક લોકો અજ્ઞાનને કારણે આ ક્રિયાઓ કરતા નથી. તેમણે તે ક્રિયાઓ કરવી જોઇએ શ્રાદ્ધ વર્ષમાં એક જ વાર કરવાનું હોય છે. આપણું વર્ષ એટલે પિતૃઓનો દિવસ આવી કાલગના છે. એટલે આપણે વર્ષે વર્ષે શ્રાદ્ધ કરીએ, પણ તેમને તે રોજ રોજ પહોંચે છે.

શ્રાદ્ધની ક્રિયાઓથી પિતુઓના સ્વર્ગના ભોગો તેમજ તેમની આત્માની શાંતિમાં વધારો થાય છે. જો તે જીવે પાપકર્મ કર્યા હોય તો આ શ્રાદ્ધાદિ ક્રિયા-ઓથી તેનાં પાપ હળવાં થાય છે. ધારો કે જીવાત્માનો

બીજો જન્મ થઈ ગયો હોય તો પણ આ ક્રિયાઓ તે જીવાત્માના નવા જન્મમાં સુખનો વધારો કરી આપે છે. આમ આ પિતૃઓ માટેનું શ્રાધ્ધ ખૂબ જ શ્રધ્ધાથી કરવું જોઇએ. પહેલા શ્રાધ્ધ કરવું કે નહિ એવો પ્રશ્ન જ ઊઠતો ન હતો. ત્યારે માણસો શ્રધ્ધાથી શ્રાધ્ધક્રિયાઓ કરતા. આજે ઘણાની બુદ્ધિ ફરી ગઈ છે. આજે શ્રધ્ધાની કટોકટી છે. તેના કારણેજ આપણી આટલી ખરાબ દશા થઈ છે, ગીતા સ્પષ્ટ કહે છે, ' श्रद्धावान् लभते ज्ञानम् ! ' આ જ્ઞાન દ્વારા અમરતા અને શાંતિ મળે છે.

કેટલાક માણસો એમ કહે છે કે અમે પવિત્ર તીર્થમાં જઈ શ્રાધ્ધક્રિયા કરી દીધા છે. ગયા જઈ શ્રાધ્ધ કરી આવ્યા છીએ. તેથી અમારે વર્ષે વર્ષે ફરી શ્રાધ્ધ કરવાની શી જરૂર ? મિત્રો, આ કોઈ સામાન્ય નિયમ નથી. આ નિયમ કેવળ અપવાદ પૂરતો જ કરવામાં આવ્યો છે, આવું કહેનારા શ્રાધ્ધક્રિયાને બોજારૂપ માનતા હોય છે અને તેમાંથી છટકી જવા માટે આવા તર્કો કરતા હોય છે.

જુદી જુદી જાતની ધાર્મિક ક્રિયાઓ અજ્ઞાનીજનોને શુધ્ધ કરવાની જ ક્રિયાઓ છે. મનને પવિત્ર કરવું એ કર્મયોગનો સિધ્ધાંત છે. શ્રાધક્રિયા મનને શુધ્ધ કરે છે તેમજ પિતૃઓને મદદ પહોંચાડે છે. પિતૃઓ પ્રસન્ન થઈ આશીર્વાદ આપે છે.

અપુત્ર માણસે બીજા લોકમાં સહન કરવું પડે છે. આથી કેટલાક દત્તક પુત્રો લે છે. તે પુત્રો તેમની પાછળ શ્રાધ્ધાધિ વિધિ કરે છે. તેના સ્વજનો પણ આ વિધિ કરી શકે છે. પરંતુ જે માણસ ધર્મભાવનાવાળો હોય, પુણ્યશાળી જીવન વીતાવ્યું હોય, જેની બુધ્ધિમાં વિવેક વૈરાગ્ય અને વિચાર જાગૃત હોય, ધર્મશાસ્ત્રોમાં જેને વિશ્વાસ હોય, અંતિમ દિવસો જપ, તપ, ધ્યાન, સ્વાધ્યાયાદિમાં ગાળેલા હોય, તો તેને પાછળ પુત્ર ન હોય, તો પણ તેનું પતન થતું નથી. તે સાચોસાચ સંપૂર્ણ શાંતિ ભોગવી શકશે. અંધકારનો અનુભવ તેમને નહિ કરવો પડે. તેની ચિંતા ઈશ્વરે કરવાની હોય છે, તેને નીચે પડવાનો ભય હોતો નથી. બધી ધાર્મિક ક્રિયાઓનો ઉદ્દેશ જે ચિત્ત શુધ્ધિ છે, તે ચિત્ત શુધ્ધિ તેની થઈ ગઈ હોય છે એટલે અપુત્ર હોવા છતાં એને કોઇ મુશ્કેલી પડતી નથી.

કેટલાક લોકો શ્રાધ્ધ પાછળ ખૂબ પૈસા ખર્ચતા હોય છે. આની પાછળ લોકોમાં પ્રસંસા પામવાનો ઇરાદો હોય છે. આ પણ બરાબર નથી." વધારે પૈસો ખર્ચવાથી પિતુઓને વધારે આનંદ મળશે" આ માન્યતા ખોટી છે. શ્રાધ્ધ ભાવપૂર્વક કરવામાં આવે તેની કિંમત છે.

શ્રાધ્ધ પ્રસંગે દાનપુણ્ય કરવું જોઇએ ગરીબ અને યોગ્ય માણસને સારી રીતે જમાડવા જોઇએ. ભજન-કીર્તન

કરવું જોઈએ અને કરાવવું જોઈએ. શાસ્ત્રોનું પઠન-પાઠન કરવું જોઈએ. શ્રાદ્ધ કરનારે પણ જપ, તપ, ધ્યાન, મૌન વગેરેમાં સમય પસાર કરવો જોઈએ. નચિકેતાનું આખ્યાન સાંભળવું જોઈએ. આમ કરવાથી ક્રિયા કરનાર માણસને અમરતા પ્રાપ્ત થાય છે.

શ્રાદ્ધની ક્રિયાઓ કરતા રહો. શિથિલતાને ખંખેરી નાખો. સત્યના માર્ગે જે ઉદાસીનતા આવી છે તેને દૂર કરો. તમારી ફરજો બરાબર અદા કરો. તમારી ક્રિયાએમાં તમને ઇશ્વરનું માર્ગદર્શન મળતું રહો.

પ્રાર્થનાઓ, સારા વિચારો, સારી ઇચ્છાઓ, ભજન કીર્તન વગેરે મરેલાંના આત્માઓને મદદરૂપ થાય છે. જગતના બધા ધર્મોમાં આવી પ્રાર્થના મહત્ત્વની ગણાય છે. આ પ્રાર્થનાઓ સારા વિચારોની સમર્થ શકિત ઉત્પન્ન કરે છે. આ પ્રાર્થના આત્માને સ્વર્ગે જવા માટે તથા સ્વર્ગ સુધી વચગાળાના માર્ગે મદદ પહોંચાડે છે.

સગાં—સંબંધીઓની પ્રાર્થના મૃતાત્માઓને સારો દિલાસો આપે છે. તેમને આગળના માર્ગે જવા મદદ કરે છે; પરંતુ જો સગાં—સંબંધીઓ રોકકળ અને અસહ્ય વેદનાઓ પ્રગટ કરે તો તેનાથી મૃતાત્મા ખૂબ દુઃખી થાય છે. તે આત્માઓ શાંતિથી પોતાનો રસ્તો શોધતા હોય છે ત્યારે પેલી રોકકળ તેમને રોકી લે છે.

મૃત્યલોકની સ્થૂલ યાદ અપાવે છે અને તેમના અંદર અસહ્ય દુઃખ અને અસંતોષ પેદા થાય છે.

અને આથી જ મૃતાત્માને શાંતિ મળે તેટલા માટે પણ તેનાં સગાંવહાલાંએ રોકકળ કરવી જોઈએ નહિ. સામૂહિક ભજન-કીર્તન ખૂબ સુંદર અસર આપે છે.

આપણા જીવનની વિવિધ પ્રવૃત્તિઓ આપણા ધ્યેયને પાર પાડવા માટેની હોવી જોઈએ. આત્માનો સાક્ષાત્કાર કરવો એ જીવનનું ધ્યેય છે. જો આપણે એ તરફ ગતિ ન કરીએ તો જીવન એળે જશે. આપણામાં અને પશુમાં કોઈ ફેર નહીં રહે.

'અંતે મતિ તે ગતિ' એ સૂત્ર યાદ રાખો. ભગવાન કહે છે, 'અંત સમયે જેમને યાદ કરતો કરતો શરીર છોડી જાય છે તેમને પામે છે તેમાં શંકા નથી.' પણ મૃત્યુકાળે ઈશ્વરનું સ્મરણ થવું મુશ્કેલ છે. ભગવાનની પૂર્ણ કૃપા હોય તો જ મરણ વખતે માણસને ભગવાનનો વિચાર આવે છે. આ માટે તમારે ખૂબ તૈયારી કરવી પડે છે. તમારા જીવનના દરેક કાળમાં તમે પ્રભુ સ્મરણની સતત ટેવ પાડશો તો જ મરણ સમયે ભગવાનને યાદ કરવા સરળ થઈ પડશે. આ અંગે સાધુ-સંતોના હાથ નીચે આવવું પડશે. વર્ષો સુધી આનો અભ્યાસ કરવો પડશે પછી એ ટેવ થઈ જશે.

રોગી માણસની મરણની છેલ્લી પળોએ તેની પાસે ધર્મગ્રંથોનું વાંચન કરવામાં આવે છે કે જેથી તે સાંભળી શકે; ભલે તે બોલી ન શકે. આ ધર્મગ્રંથોના

વાચનથી રોગી પોતાની વેદના ભૂલી જશે અને ઈશ્વરના વિચારોમાં પરોવાશે. આવી શાંત દશામાં માણસ મરવું પસંદ કરતો હોય છે.

પણ સામાન્ય રીતે મરતો માણસ ઘણી વિચિત્ર પરિસ્થિતિમાં ઘેરાઈ ગયો હોય છે. તે પોતાના મનને પ્રભુ સાથે જોડી શકતો નથી. સાંસારિક વાસનાઓ તેને ઘેરી વળે છે. તે ભવિષ્યનો વિચાર કરે છે અને દુઃખી થાય છે. ધર્મગ્રંથોના વાંચન વખતે એવું સંભવે કે તેની સંસારની આસકિતઓ વિસરી જાય. આ સમયે સગાં–સંબંધીઓએ પણ ઈશ્વરકીર્તન કરી તેને મદદ કરવી, જેથી મરતા માણસનું મન સંસારમાંથી હટતું જાય અને ઈશ્વર સાથે જોડાતું જાય. આમ તેને દરેક પ્રકારના અનુકૂળ સંજોગો ઊભા થાય છે. તેનું મન ભગવાનના વિચારોમાં જોડાઈ જાય છે. તે પોતાનાં પાપ કાર્યો માટે પશ્ચાતાપ કરે છે. ખરા મનથી ભગવાનને પ્રાર્થના કરે છે. ખરા મનની પ્રાર્થનાઓ માઠી અસરને દૂર કરી શકે છે. તેના આત્માને આશ્વાસન મળે છે અને આ આશ્વાસન માટે તે ઝંખતો હોય છે.

અજામીલ, રાજા ખટ્વાંગ, રાજા પરીક્ષિત વગેરેનાં ઉદાહરણો પ્રસિદ્ધ છે. ભગવાનને નિરંતર યાદ કરતા રહો, જ્યારે તમારે આ શરીરનો ત્યાગ કરવાનો હોય, તે છેલ્લી પળોએ તે પ્રભુ તમારી સામે પ્રગટ થાઓ.

૦ ૦ ૦

## પ્રકરણ ૭ મૃત્યુ પર વિજય

બધા માણસો મૃત્યુથી ડરતા હોય છે. કોઈને ય મરવાનું ગમતું નથી, 'આત્મા અમર છે તે શરીરથી અલગ છે.' આવું માનનારા લોકો પણ મૃત્યુથી ડરતા હોય છે. શરીર માટેનો આવો મોહ અદ્ભુત છે. આ માયા છે. આ અવિદ્યા છે; પરંતુ ખૂબ પ્રબળ છે.

આ શરીર બધા પ્રકારના વિષયોને ભોગવવાનું સાધન છે, આથી જ માણસ શરીર પર આટલો આસક્ત છે. અજ્ઞાનને લીધે અશુદ્ધ, અચેતન, અશાશ્વત તેમ જ દુઃખદ શરીરને તે શુદ્ધ, ચેતન, શાશ્વત તેમ જ સુખદ આત્મારૂપે માની બેઠો છે. અવિદ્યા અને અજ્ઞાનને કારણે તે વિવેકશકિત તેમ જ સાચું ખોટું સમજવાની શકિત ગુમાવી બેઠો છે. તે આત્મા અને અનાત્મા,

વાસ્તવિક અને મિથ્યા, સાચું અને જુઠું, જડ અને ચેતન વચ્ચેનો તફાવત સમજી શકતો નથી. હું પોતે છું એ પ્રકારની ખાત્રી આ અવિદ્યામાંથી જન્મી છે.

આ અવિદ્યા જ માનવી પર આવી પડતા બધા દુઃખોનું કારણ છે. આ અવિદ્યા જ કર્મ માત્ર તેમ જ બધા જન્મોનું મૂળ કારણ છે. અવિનાશી આત્માનું જ્ઞાન મેળવી તમે તમારી જાતને અવિદ્યામાંથી મુક્ત કરી દો તો તમે મૃત્યુ પર વિજય મેળવી લેશો. તેમ જ અવિનાશી આત્મસ્વરૂપમાં વિલીન થઈ જશો. આ આત્મા સતચિત્ આનંદ સ્વરૂપ છે.

જ્ઞાનયોગનો વિદ્યાર્થી મોક્ષ પ્રાપ્ત કરવા વિવેક, વૈરાગ્ય, શમ–દમ વગેરે છ સંપત્તિ તેમ જ મુમુક્ષુતા મેળવે છે. બ્રહ્મનિષ્ઠ ગુરુનાં ચરણો સેવે છે. નિર્ગુણ બ્રહ્મ વિષે નિરંતર અતૂટ ધ્યાન ધરે છે અને પછી આત્મ–સાક્ષાત્કાર પામી મૃત્યુ પર વિજય મેળવે છે.

ભક્તિયોગનો વિદ્યાર્થી નવધા ભક્તિમાં પ્રગતિ સાધે છે. 'હે પ્રભુ! હું તારો છું. આ બધું તારું છે. તારી ઇચ્છા પ્રમાણે થવાનું છે.' આમ શરણાગતિ દ્વારા પ્રભુદર્શન પામી, મૃત્યુ પર વિજય મેળવી લે છે.

રાજયોગનો વિદ્યાર્થી યમ—નિયમ પાળે છે. પ્રાણાયામનો અભ્યાસ કરે છે. ઇન્દ્રિયો પરથી મન

ઊઠાવી લે છે. ધારણા-ધ્યાન-સમાધિ સાધે છે અને મૃત્યુ પર વિજય મેળવી લે છે.

હઠયોગનો વિદ્યાર્થી ભરનિદ્રા લેતી કુંડલિની શકિત જાગૃત કરે છે, તેને મૂલાધારમાંથી સ્વાધિષ્ઠાન મણિપૂરક, અનાહત, વિશુદ્ધ અને આજ્ઞા એમ છ ચક્રોમાંથી પસાર થવા દે છે અને મસ્તકના સહસ્રારમાં રહેલી સદાશિવની શકિત સાથે જોડી દે છે અને એ રીતે મૃત્યુ પર વિજય મેળવે છે.

કર્મયોગી નિઃસ્વાર્થ કાર્યોથી હૃદયને શુદ્ધ કરે છે. આત્મત્યાગની ભાવનાથી અહંકારને મારી નાખે છે અને તે દ્વારા ચેતના મેળવી મૃત્યુ પર વિજય મેળવે છે.

મૃત્યુ એ તો આકારની ફેરબદલી છે. પૂર્વજન્મનાં તારાં અધૂરાં કાર્યો પૂરાં કરવાનાં છે એટલે મૃત્યુથી ગભરાવાની કોઈ જરૂર નથી. ધર્મ અને ધાર્મિક જીવનની સર્વોત્તમ લક્ષ્યસિદ્ધિ તરીકે મૃત્યુના વિચારે સ્થાન મેળવ્યું છે. જો માણસે બાળપણથી જ ઇશ્વર વિષેના વિચારો કરવા માંડયા હોય તો તો અંતિમ ઘડી આવતા સુધીમાં તો તે સારો એવો પાક લણી શકે અને મૃત્યુથી તેને ગભરાવાનું રહે નહીં. માણસને

મરવું નથી. જીવવું છે. આ વાત સાચી છે અને અહીંથી જ વેદાંત વિચારણાનો આરંભ થાય છે. આ વેદાંત જ પોકાર કરે છે, 'હે માનવી ! મૃત્યુથી ગભરાતો નહીં. એક શાશ્વત, અવિનાશી ધામ છે અને તે તારો આત્મા છે. તારા હૃદયમાં તે રહ્યો છે. એ શુદ્ધ, અવિનાશી, અવિકૃત આત્માનું ધ્યાન ધરી તું અજર, અમર પદ પામી જા.'

મૃત્યુ એ જીવનની વિપરીત દશા નથી. તે જીવનનું એક પાસું છે. જીવન એક ધારું ચાલ્યા જ કરવાનું છે. તે કેવળ પોતાના દેહો વારંવાર પૂર્ણતા પામવા માટે બદલ્યા કરે છે. મૃત્યુથી ડરતો ન હોય એવો કોઈ માણસ વિશ્વમાં છે ખરો ? પૂરેપૂરી આપત્તિમાં આવી પડયો હોય, જીવન ઝોલા ખાતું હોય અને ભગવાનનું નામ ન દે એવો કોઈ છે ખરો ? તો પછી હે નાસ્તિક મિત્ર ! ઈશ્વરનો ઈન્કાર શા માટે કરે છે ? વાદ-વિવાદ છોડ. પ્રભુને યાદ કરી લે. અમરતા પ્રાપ્ત કરી અનંત શાંતિ મેળવી લે !

'મૃત્યુની વેદનાઓ બોત્તેર હજાર વીંછીના ડંખની વેદના લાગે તેના જેટલી અસહ્ય છે.' આવા વર્ણનનું તાત્પર્ય એટલું જ કે શ્રોતા-વાચકના મનમાં ભય પેદા થાય. મોક્ષ માટે પ્રયત્ન કરે. પ્રેતાત્મ

વિદ્યામાં નીચે ઉતરી આવેલા ઉચ્ચ આત્માના અહેવાલોના આધારે ' આ સ્થૂલ શરીર છોડવાનો વખત આવ્યો ત્યારે તેઓ સંપૂર્ણ સ્વસ્થતાનો આનંદ મેળવી શકયા હતા.' આ પ્રમાણે મરણ સમયે જરા પણ પીડા થતી નથી. ઉલટા બોજામાંથી હળવા બની જાવ છો. મૃત્યુથી ડરશો નહિ. શરીરનાં જે બહારનાં વળગણો ઊભાં કર્યા છે તેને કારણે માયાએ બહિર્મુખ જોનારા માટે આ પ્રકારનો ખોટો ભય ઊભો કર્યો છે. બાકી તમે પોતે અજર અમર છે.

અત્યારથી સારાં કર્મો સેવા, ધ્યાન, ધારણા શરૂ કરી દો કે જેથી 'મને ભગવાનને ભજવાનો સમય ન મળ્યો' એવું કહેવાનો રહે નહીં. કેવળ એક પરબ્રહ્મ પરમાત્માનું જ્ઞાન જ આપણને અજ્ઞાન અને મૃત્યના પંજામાંથી છોડાવશે. એકલી પંડિતાઈ, બુદ્ધિ-મત્તા કે ધાર્મિક ગ્રંથોનો અભ્યાસ સર્વોત્તમ પદની પ્રાપ્તિ માટે મદદરૂપ બનશે નહિ. આ બધી વાતો અનુભવની છે.

દુઃખો, ભ્રમો, જન્મ-મરણની ચાલુ પીડાઓ, સંસારનાં સર્વ ઉપકરણો તેમ જ જગતની ગતિવિધિઓ દૂર કરવાનું સાધન તે આત્માની એકતાનું જ્ઞાન છે. માયાએ ઊભી કરેલ ભ્રમણામાંથી આ જગતરૂપી

દૃશ્યનાટકની રચના થઈ છે. જન્મ અને મરણ એ બે કાલ્પનિક દૃશ્યો છે. સાચી રીતે તો કોઈ આવતું નથી કે જતું નથી. આત્મા સદાને માટે કાયમ છે.

'હું તે પુરુષને જાણું છું, જે પોતે સૂર્યની જેમ પ્રકાશમાન છે. જે અંધકારથી પર છે. તે એકલાને જ જાણવાથી માનવ મૃત્યુને જીતી જાય છે. મોક્ષને માટે બીજો માર્ગ નથી.' ( યજુર્વેદ અધ્યાય ૩૧, મંત્ર ૧૮ ).

યોગમાર્ગમાં જે જે પ્રયત્નો કરવામાં આવે છે, તેનો એક પણ પ્રયત્ન નિષ્ફળ જતો નથી. યોગની થોડીક ક્રિયા પણ કરવામાં આવે તો તેનાં ફળ પણ તમે જોઈ શકશો. આ જન્મમાં યમ–નિયમ–આસનમાં સફળતા મળી હશે તો આવતા જન્મે તમે આગળ પ્રાણાયામનો અભ્યાસ શરૂ કરી શકશો. તમે જ્યાંથી અટકયા હશો ત્યાંથી આગળ વધી શકશો.

જન્મ અને મૃત્યુને ભૌતિક કોશોની સાથે જ સંબંધ છે. પાંચ ભૌતિક પદાર્થોના સંમિશ્રણથી આ કૃત્રિમ પદાર્થની રચના થઈ છે. જન્મ–મરણના આ ખ્યાલો ફકત ભયજનક છે. આ શરીર ભગવાને લીલા માટે બનાવ્યું છે. બધો દોરી સંચાર તે ભગવાન કરે છે. વખત જતાં તે રમકડાંને ભાંગી નાખે છે. તોડીફોડી ફેંકી દે છે. રમકડાંની અને ભગવાનની રમત બંધ થઈ જાય છે.

મૃત્યુ એ તો નિદ્રા જેવું છે. તમારા વિકાસને માટે એ આવશ્યક બાબત છે. જ્યારે આ પાર્થિવ શરીર

કામ કરવાં અયોગ્ય બની જાય છે ત્યારે ભગવાન રૂદ્ર તેને લઈ જાય છે. મૃત્યુ સમયે કોઈ દુઃખ થતું નથી. મૃત્યુ વિષે અજ્ઞાનીજનોએ ઘણા વિચિત્ર ભયો ઊભા કર્યા છે.

બ્રહ્મ એજ ખરી સત્તા છે. બ્રહ્મ વિષે આ જગતનો અને શરીરનો આરોપ કરવામાં આવે છે. જ્યાં સુધી બ્રહ્મનો સાક્ષાત્કાર થાય નહીં ત્યાંસુધી તમારા માટે જગત વાસ્તવિક સત્ય છે. જ્યારે તમે બ્રહ્મનો સાક્ષાત્કાર કરો છો ત્યારે આ જગત નાશ પામે છે. તમે જન્મમરણના ભયથી મુક્ત બની જાવ છો.

તમને ઘણી વાર એવું સ્વપ્ન આવે છે કે તમે મરી ગયા છો અને તમારા સ્વજનો રડતાં હોય છે. તમારી મૃત્યુની આરોપિત દશામાં પણ તમે તમારાં સ્વજનોને રડતાં સાંભળો છો, જુઓ છો. એ સ્પષ્ટ સૂચવે છે કે, 'મૃત્યુની પાછળ પણ જીવન ખરેખર ટકી રહ્યું હોય છે.' આ આત્માની અથવા અહંતાની સત્તા છે.

અવિદ્યા (અજ્ઞાન), કામ (વાસના) અને કર્મ (કાર્ય)ની ત્રણ ગ્રંથીઓ ઢીલી કરી દેવામાં આવે, તેમજ અજ્ઞાનને લીધે પડેલી સાંકળ–અવિવેક, અહંકાર, ગમા અને અણગમા, કર્મ, શરીર વગેરેનાં બંધન તોડી નાખવામાં આવે તો તમે જન્મ અને મરણના ચક્કરમાંથી મુક્ત થઈ જશો. તમે મૃત્યુ રહિત અવિનાશી નગરમાં પ્રવેશશો.

અરે ઓ માનવ ! તારે ધન, બંગલા, કીર્તિ, મિત્રો, સગાં–સંબંધી, સામર્થ્ય, નામના, પ્રતિષ્ઠા, પદવી

સાથે શો સંબંધ છે? આ જગતમાં બધી બાબતો અચોક્કસ છે; પરંતુ મૃત્યુ એ એક ચોક્કસ આવનારી બાબત છે. તું તારા હ્રદયની અંદર રહેલા અજર–અમર આત્માને શોધી કાઢ.

સાંસારિક ભોગીજન ધર્મ અને ઉત્તમ દિવ્ય બાબતોને વિષે દરકાર કરતો નથી. પ્રભુ, આવાગમનના સિદ્ધાંતો, અવિનાશી આત્મા કે યોગ સાધના વિષે સ્હેજ પણ ચિંતા કરતો નથી. તે તો ખાય છે. પીએ છે અને મજા કરે છે. ઊંઘે છે અને તાજોમાજો થાય છે.

જ્યારે નિકટના સંબંધીજનો ગુજરી જાય છે. ધન ચાલ્યું જાય છે ત્યારે તેની આંખ ખુલી જાય છે. મૃત્યુ વિષેના પ્રશ્નોનો વિચાર કરતો હોય છે, પણ આ વિચારો ટકતા નથી કારણ કે તેમને વિવેકજ્ઞાન હોતું નથી. માણસ ઇન્દ્રિયોની ભોગવાસનાઓમાં સુખ શોધતો હોય છે. વધારે પડતા ઇન્દ્રિય ભોગોને લીધે ઇન્દ્રિયોના રસ નાશ પામે છે. રોગ, નિરાશા અને વ્યાધિઓ આવી પડે છે. તેમને છેવટે ખબર પડી જાય છે કે વધારે પડતા ઇન્દ્રિયભોગોથી સાચું સુખ મળતું નથી. થાકીને તે પોતાના આત્માની અંદર રહેલ સુખને શોધતો હોય છે.

ઘણા પૈસાદારો પોતાની જિંદગી સુખે ભોગવી શકતા નથી. તેમની પાસે વિપુલ ધન, બંગલો, સત્તા, પુત્રપુત્રાદિ હોવા છતાં તેમનું જીવન કંગાળ હોય છે. તેમને રોગ પીડે છે. છોકરાંનું દુઃખ હોય છે. તેમના લોકો તેમને ચાહતા હોતા નથી. તેઓ પોતે પણ કંજુસ

હોય છે. તેઓ ધનનો ઉપયોગ કરી શકતા નથી. આનું કારણ આ છે.... તેમણે ઝંખના કરી તો પૈસા મળ્યા; પણ સંસ્કાર ન મળ્યા. તેમનાં પહેલાનાં જીવનમાં ચારિત્ર્ય જેવું તેમને કાંઈ હોતું નથી. એટલે તે લોકો આ જીવનમાં દુઃખ ભોગવતા હોય છે.

સારા કાર્યો કરતા રહો. ઉત્તમ અને દિવ્ય વિચાર સેવતા રહો. ચારિત્ર્ય વિકસાવો. તમારા વિચારોથી તમારું ચારિત્ર્ય ઘડાય છે. તમે જેવા વિચાર કરશો તેવા તમે બની જશો. તમે ઉદાર વિચાર કરશો તો તમારો બીજો જન્મ ઉદાર ચારિત્ર્યથી ભરેલો હશે. તમે જો ખોટા વિચારો કરશો તો તમારો જન્મ ખોટા ચારિત્ર્ય સાથે થશે. પ્રકૃતિનો આ એક અનિવાર્ય કાયદો છે.

તમારા હવે પછીના જન્મમાં તમને કઈ ચીજો મળશે તેનો આધાર તમારી ઇચ્છા પર રહેલો છે. તમે ધન અને સત્તા ચાહતા હશો તો તમને બીજા જન્મમાં પુષ્કળ ધન અને સત્તા મળશે; પણ એનાથી શાશ્વત સુખ અને અવિનાશી જીવન પામી શકશો નહિ. તમારે પસંદગી કરવામાં ખૂબ જ કાળજી રાખવી પડશે. એક જ દ્રઢ ઇચ્છા સેવતા રહો અને તે સર્વ બંધનોથી મુક્ત થવાની મોક્ષની ઇચ્છા હો. આ સંસારની ઇચ્છાઓને સખત રીતે દાબી દો. આમ કરવાથી તમે જન્મ–મરણના ચક્રમાંથી મુક્ત થઈ જશો.

ૐ

ૐ

## ભરત રાજાની કથા...

ભગવાન ઋષભદેવના પુત્ર ભરતે પોતાના સામ્રાજ્યનો ત્યાગ કર્યો હતો. તપસ્વીનો માર્ગ લીધો હતો. એક દિવસ જંગલમાં તેણે હરણના એક નાના, મા વિનાના બચ્ચાને જોયું. તેને તે બચ્ચા પર દયા આવી. રાજા બચ્ચાને એવી રીતે ચાહવા લાગ્યો કે તેના બધા જ વિચારો હરણના બચ્ચા તરફ વળી ગયા અને ધીરે ધીરે ભગવાન વિષેના વિચારો દૂર થઈ ગયા. મરણકાળે નાના બચ્ચાંના વિચારોમાં એટલો બધો મુંઝાવા લાગ્યો કે તેના પરિણામે તેને હરણની યોનિમાં જન્મ લેવો પડયો.

આ રાજા ભરત વેદ-પુરાણો અને બધાં શાસ્ત્રોમાં નિપુણ હતો. તેણે અત્યંત ઘોર તપ કર્યું હતું. ભગવાન વાસુદેવના ચરણકમળોમાં પોતાનું ચિત્ત પરોવ્યું હતું;

પરંતુ હરણના વિષે આસક્તિ થતાં તેને હરણની યોનિમાં જન્મ લેવો પડયો. હરણની યોનિ પ્રાપ્ત થયા પછી તેની આંખો ઊઘડી ગઈ. 'હું રાજા ભરત હતો.' એ ભાન થયું. તે બધાં હરણાંથી એકલો રહેતો. 'પોતાને નીચ યોનિમાં જન્મ મળ્યો છે તેમાંથી ક્યારે છૂટી જવાય' તેની રાહ જોતો હતો. તેણે હરણનો દેહ છોડી દીધો. અને બ્રાહ્મણનો દેહ લીધો. તે 'જડભરત' કહેવાયો.

હવે 'જડભરત' પૂર્ણ આત્મજ્ઞાની બન્યો હતો. એટલે પહેલા જન્મમાં જે ભૂલ કરી હતી તે ભૂલ ન થાય તે માટે બાળપણથી જ તે પોતાની જાતને સંસારથી અલગ રાખતો હતો. મનના રાગદ્વેષને દૂર રાખતો હતો. આમ માયાનાં આકર્ષણો દૂર રાખ્યાં હતાં અને જ્યારે માનવીના સ્થૂલ શરીરના કોષમાંથી છૂટવાનું આવ્યું ત્યારે તેણે પરમાત્મા સાથે એકતા સાધી લીધી.

ૐ

ॐ

# પ્રશ્નોત્તરી

**પ્રશ્ન** :–જીવાત્મા સ્વર્ગમાં કેટલો કાળ નિવાસ કરે છે?

ઉત્તર :–તે પચાશ વર્ષ કે પાંચસો વર્ષ રહી શકે તેમ છે. આ લોકમાં માણસે જે પુણ્યશાળી કર્મો કર્યાં હોય તેના પુણ્યના ફળ ઉપર તેનો આધાર છે.

**પ્રશ્ન** :–મરણ થતાં પહેલાં જ શી હાલત થાય છે?

ઉત્તર :–જીવાત્મા ઇન્દ્રિયોને સંકોચી લે છે અને પોતાની અંદર ખેંચી લે છે. જેમ કોડિયામાં તેલ ઓછું થઈ જતાં દીવો ધીમો ને ધીમો પડતો જાય છે તેમ સ્થૂલ ઇન્દ્રિયો ધીમી ને ધીમી પડતી જાય છે.

**પ્રશ્ન** :–જીવાત્મા શરીરમાંથી શી રીતે પસાર થઈ જાય છે?

ઉત્તર :–આ સ્થૂલ શરીરમાંથી સૂક્ષ્મ શરીર ધૂમસની જેમ સૂક્ષ્મ રીતે પસાર થાય છે.

**પ્રશ્ન** :–જીવાત્મા કયા દ્વારથી સ્થૂલ શરીર છોડી દે છે?

ઉત્તર :–જ્યાં સુધી પ્રાણ ઉપર ચાલતો હોય અને અપાન નીચે ચાલતો હોય ત્યાં સુધી જીવન ચાલુ રહે છે. જે ઘડીએ પ્રાણ કે અપાન બેમાંથી એક મંદ પડી જાય, તેની સાથે જ જીવન શકિત બહાર ચાલી જાય છે. જો અપાન બંધ પડી જાય, તો આત્મા મસ્તક, નાક, કાન કે મુખ દ્વારા શરીરમાંથી બહાર નીકળી જાય છે. જો પ્રાણ બંધ પડી જાય તો જીવાત્મા ગુદા દ્વારા બહાર નીકળી જાય છે.

**પ્રશ્ન** :–જન્મ અને મૃત્યુથી પર થવામાં પ્રેતાત્મ વિદ્યા મદદ કરી શકશે ખરી?

ઉત્તર :–બિલકુલ નહીં. અવિનાશી આત્મા કે બ્રહ્મનું જ્ઞાન જ જન્મ અને મૃત્યુના ચક્રમાંથી મુક્તિ અપાવી શકશે.

પ્રશ્ન :–પ્રાણમય શરીર એ શું છે?

ઉત્તર :-સ્થૂલ શરીરની અંદર એક સૂક્ષ્મ શરીર હોય છે. તેને પ્રાણમય શરીર કહે છે. આ પ્રાણમય શરીર પાંચ કર્મેન્દ્રિયો, પાંચ પ્રાણ તેમજ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ તત્ત્વોનું બનેલું છે. કેટલાક સૂક્ષ્મ શરીરને જ 'ડબલ' કે મધ્યમ કહે છે. આ સ્થૂલ શરીરનો ત્યાગ કરીને તે જ સૂક્ષ્મ શરીર મૃત્યુ થયા પછી સ્વર્ગ તરફ રવાના થાય છે. જો અવિનાશી આત્માનું જ્ઞાન થાય તો આ પ્રાણમય શરીરનું મૃત્યુ થાય. અને એ રીતે જન્મ-મરણના ચક્રમાંથી છૂટી જવાય।

પ્રશ્ન :-જન્માંતર અને પુનરાગમન એ બેમાં શું તફાવત છે?

ઉત્તર :-માનવ આત્માનું પ્રાણીના શરીરરૂપે અવતરણ થવું તેને જન્માંતર કહેવાય છે. તે જ અહંકારરૂપ આત્માનું માનવ શરીરોમાં રૂપાંતર થવું તેને પુનરાગમન કહે છે.

પ્રશ્ન :-નવા શરીરને ધારણ કરવા માટે જીવાત્માએ કેટલીવાર થોભવું પડે?

ઉત્તર :-આ બાબતમાં કાંઈ નિશ્ચિત કહી શકાય નહીં. ઉચ્ચ આત્માઓને ઘણા લાંબા સમય સુધી રાહ જોવાની હોય છે.

સેવા, પ્રેમ, ધ્યાન, સાક્ષાત્કાર

દિવ્ય જીવન સંઘ

ઉત્કૃષ્ટ મુદ્ર

Library IIAS, Shimla
PH
00065900